# શીવ-કાંચન પત્રતરુ




સંપાદન : ભારતી દિપક મહેતા

श्री शारदा शारदनीरदाभा समग्रजाग्रज्जनजाऽयहंत्री ।
कर्त्री चिदानन्दमहोदयस्य स्फुरत्वहोरात्रमियं ममान्तः ॥



શરદઋતુનાં વાદળ જેવી કાંતિવાળા, જાગૃત જનોની સમગ્ર જડતાને
હરનારા, જ્ઞાનાનન્દનાં મહાન ઉદયને કરનારા એવા
શ્રી મા શારદા અમારા અંતઃકરણમાં અહોરાત્ર સ્ફૂરો!

# ૬૮ તીરથ યાત્રા
# માતા - પિતા



પિતાશ્રી શીવલાલભાઈ તથા માતુશ્રી કંચનબહેન

**Shiv-Kaanchan Patrataru**

A heartfelt tribute to my parents'
spirit and generosity by relatives & friends.
Compilation - Bharti Deepak Mehta

**©Bharti Deepak Mehta**

82, Gautam Buddha Apts.,
Opp. Shastri Medan,
Shri Kanji Swami Marg,
Rajkot-360001.
+9198252 15500
bharti@mindfiesta.com

March - 2016 | Pages : 92
For private circulation

**Publishers:**

thinkFIESTA PUBLICATION
team@mindfiesta.com

**Concept & Design:**

fiesta designs
SIMPLIFY | INNOVATE | CREATE
www.fiestadesigns.in
team@fiestadesigns.in

**Printers:**

Pragati Offset Pvt. Ltd.
Hyderabad.
www.pragati.com

# મેઘદૂત સમું આ કાર્ય...

સૌનાં માત-પિતા હોય છે દેવદૂત. સમજણનું અમૃતબીજ ને સિદ્ધગતિ તરફનાં પ્રયાણ માટેનું બોધિબીજ આપણામાં વાવનાર મહામૂલા દેવદૂત. આજે અમારા દેવદૂતને ય મેઘદૂત બનીને સંદેશ આપવો છે કે જ્ઞાનમાર્ગને છેડે સમાજને એક આચાર્ય મળે છે, કર્મમાર્ગને છેડે મળે છે એક યોગી, ભક્તિમાર્ગને છેડે એક સંત મળે છે અને ત્રણે બાબતો સમન્વિત થાય ત્યારે સમાજને મળે છે એક આદર્શ માતા-પિતા. એવા જ અમ આદર્શ સદા-સર્વદા બની રહ્યાં છો તમે! નથી થયાં કદાપિ દુ:ખમાં દીન કે સુખમાં લીન તમે!

અભિપ્સા ને પ્રતીક્ષાની વચે લખાયેલા મમ્મી-પપ્પાનાં શતાધિક પત્રોનાં કાફલામાંથી પસાર થવું મારા માટે સ્હેલું ન્હોતું. વરસાદ વરસવો પૂરો થઈ જાય પછી વૃક્ષો ઉપરથી ને નેવાં ઉપરથી હજુ ફોરાં જેમ ટપ્ ટપ્ ટપક્યાં કરે તેમ ટપકતી રહી આંખો! તેં વાંચીને જ વિચાર આવ્યો કે આ કલ્પતરુનાં છાંયડે તેઓનાં નિકટવર્તી સ્વજનો સમીપેથી પણ સંવેદનો મંગાવીને 'શીવ-કાંચન પત્રતરુ' માટે એકઠાં કરું તો? અને બસ, થઈ ગયો આ પત્રસંપૂટ તૈયાર!

'મા મને છમ્મવડું' વાર્તા સેંકડો વાર સાંભળવી ગમતી. તેમ છમ્મવડાંની જ કરકરી સુગંધ લઈને આવેલા અમ ૬૮ તીર્થ સમા માતા-પિતા માટે પરિવારજનો-સ્નેહીમિત્રો-સંસ્થાઓનાં આવેલા આ સંવેદનોમય ૬૮ પત્રો અવારનવાર વાંચવા ખૂબ ગમ્યાં છે. તેનાથી આ પત્રતરુનાં મૂળિયાં વધુ મજબૂત બન્યાં છે.

જેટલાં પત્રો બંગાળી કે અંગ્રેજીમાં આવ્યા તેનાં ભાવાનુવાદમાં કદાચ રસક્ષતિ થઈ હોય તો સંવેદક મને ક્ષમા કરે. આપ સૌની આ મમતા માતાનાં કંસાર સમી જ મધુરી લાગી છે મને. આ પત્રોમાંથી અનવરત નીસરી રહી છે સંબંધોની ઉષ્મા જે રીતે, તે સાક્ષી છે અમારા મમ્મી-પપ્પાનાં અર્થપૂર્ણ રીતે જીવાયેલ જીવનની સફળતાની!

અમે નાનપણમાં જોતાં કે મમ્મી-કાકી-ફૈબા-માસી-મામી બધા સાથે મળી ગોદડાં સીવતાં. આજે ખબર પડી કે એ અજવાળાનાં બખિયાથી તો પરિવારમાં સંપ અને સ્નેહનાં પોત સીવાયા છે! એ ટાંકા અને ટેભાં એટલા તો મજબૂત રીતે લેવાયા છે કે આજ સુધી સૌનાં મન એક બનીને રહી શક્યા છે. વળી તુલસી, બોરસલ્લી કે પારિજાત જેવી કૂમળી લાગતી મારી નાનપણની સ્મૃતિઓ અમારી ચાર પેઢીની વિરાસત સમી સેંથી પૂરવાની સિંદુરતિલકા સમાન ટકાઉ નીકળી તેની જાણ કલ્પતરુની આ સ્નેહગાથા લખતી વેળાનાં દિવસોમાં જ વધુ મુખરિત થઈ.

સાથી વિનાનો ખાલીપો અને તનની નાદુરસ્તી ક્વચિત્ સૌથી મોટી વ્યથા હોય છે તે હું સમજી છું પૂજ્ય મમ્મીનાં છેલ્લા ૩ દસકામાંથી. આજે જ્યારે હું સ્વયં ક્યારેક ભૂલવા માંડી છું, ચશ્મા ન મળે તો ઝીણી આંખે વાંચવું પડે છે, ધીમા અવાજો સુણવામાં તકલીફ અનુભવું છું, ગીતો ગાતી વખતે સૂર તૂટી જાય છે કે બોલવામાં સ નો શ થઈ જાય છે ત્યારે તે વ્યથાનાં પ્રદેશમાં મારો ય પ્રવેશ શરૂ થયો છે તે સંવેદીને વિચારું છું મમ્મીનાં મનોપ્રદેશની આવી અગણ્ય વેદનાઓ વિષે અને સમયની બલિહારીને પ્રસન્ન ચહેરે આવકારવા મથું છું.

પોતાની વિદેહ ઉપસ્થિતિમાં પણ પૂજ્ય પપ્પાએ મને અનેક જગ્યાએ અંગૂલિનિર્દેશ કરી રાહ દર્શાવ્યો છે. તેઓ તો દરેક અવતારકૃત્યો સંપન્ન કરી અરિહંતનાં શરણે વિરમ્યાં છે પણ પૂજ્ય મમ્મીને જોતાં-જોતાં આજે શ્રી કરસનદાસ માણેકની 'જ્યોતિધામ' કવિતાની ચૌદમી પંક્તિ ફરીથી ઝગારા મારી રહી છે મનની છીપની અંદર:

''જ્યોતિ લાધે ફક્ત શિશુને એટલી ઉર કામ,
મોડી મોડી ખબર પડી, બા, તું જ છો જ્યોતિધામ!''

**ભારતી દિપક મહેતા**

# મારા આદર્શ : મારા ભાઈ ભાભી

મને જ્યારથી ખબર પડી કે ભત્રીજી ભારતી મારા આદરણીય મોટાભાઈ-ભાભીનાં જીવન ઉપર કંઈક લખી રહી છે ત્યારથી મારી અંદર મારા જન્મસ્થાન કરાંચીનાં બાળપણમાં જે શક્તિ અને સ્ફૂર્તિ અનુભવાતા તેણે જાણે ફરીથી દેખા દીધી છે! શીવલાલભાઈ અને કંચનભાભી મારા આરાધ્ય વડિલો રહ્યાં છે. બંને ઉપર પહેલેથી મને અત્યંત માન તથા આદર. ભાઈની વિદાય પછી યે કંચનભાભીએ જે રીતે મને નાનપણથી માતા સમો સ્નેહ કર્યો છે તે બરકરાર જ છે. છેલ્લા વર્ષોમાં મેં જોયું છે કે તેજસ્વિની-ઓજસ્વિની-મનસ્વિની સાથે-સાથે ભાભી બની રહ્યાં છે ધૈર્યસ્વિની પણ!

મારા માટે મૂઠ્ઠી ઊંચેરા રહ્યાં છે આ માનવરત્નો, જેમણે મને જીવન અંગેની સમજ આપી છે. મારા ઉછેર કાળ દરમ્યાન તેઓ બંને જ મારા આદર્શ બની રહ્યાં છે. જીવનઘડતરનાં પાયાની વાતો સાથે તેઓએ ઘડ્યું છે મારું સ્વતંત્ર અસ્તિત્વ પણ. આજે પાંચ ભાઈઓમાંથી મારા એકલાનાં અહીં શ્વસવાનાં અવસરે કોઈ અજાણ્યા ગામનાં પાદરે ઉભેલી ટેકરીનાં ટેકે અટૂલો ઉભો હોઉં તેવું લાગે છે ક્યારેક એકાંતમાં, પણ ત્યારે ય બાજુમાં નદી સમા વહેતાં કંચનભાભીને જોઉં છું અને શુષ્કમાંથી પુનઃ ભીનો થઈ જાઉં છું.

આજની જેમ ઈ-મેઈલ, વોટ્સએપ અને સ્કાઈપ ઉપર ડિજિટલ ગેટ-ટુ-ગેધર ન થતાં તેવા જીવંત સમયમાં અમે જીવન વિતાવ્યું છે તેનો પડઘો આ કથાનાં પાને-પાને પ્રતિધ્વનિત કર્યો જ હશે દિકરી ભારતીએ તેવી શ્રદ્ધા સાથે તેને મારા અંતરનાં આશીષ.

**ચંપકલાલ દિપચંદભાઈ શાહ (મલાડ, મુંબઈ)**
**(શીવલાલભાઈનાં પાંચ પાંડવોમાંનાં ચતુર્થ સહોદરભાઈ)**

# બહેન સાથેનું મારું અનુસંધાન

ભારતીબહેનનો સંદેશો આવ્યો કે મારે અમારા બાળપણનાં સંસ્મરણો લખી મોકલવા. પ્રભુની કૃપાથી ભાગ્યે જ એવા કોઈ નસીબદાર હશે કે ભાઈ-બહેનનાં સંબંધો ૮૦-૮૨ વર્ષ સુધી અખંડિત પ્રેમપૂર્વક પસાર થાય. મારું અને કંચનબહેનનું બાળપણ એવી રીતે પસાર થયું કે એક પણ દિવસ ખાલી ન જાય જ્યારે અમોએ ઝઘડો ન કર્યો હોય! હા, એ ખરું કે આ ઝઘડા પ્રેમનાં જ હતાં. જીંદગીનાં કાર્યોમાં હંમેશા બંને સાથે જ. કંઈક દિવસો ગરીબીમાં ગાળ્યા, પણ ત્યારે ય સુખની માત્રા તો અખંડિત જ રહી.

કંચનબહેનનાં લગ્ન બાદ તેઓ કરાંચી ગયા, પણ ૬-૮ માસ બાદ મુંબઈ આવ્યા ત્યારે રાબડા જેવા થઈને આવ્યા. ઈર્ષ્યા આવે કે બહેને એવું તે કેવું સુખ જોયું હશે કે ૫-૧૦ કિલો વજન વધારીને આવ્યા! ત્યાર બાદ એકધારો અમારો સાથ રહેલો. સાસરાનું સુખ પણ એટલું, એમ પિયરમાં તો તે ઉપડયાં ન ઉપડે. લગ્ન બાદ અમારે લગભગ દર અઠવાડીયે એક વખત તો મળવાનું થાય જ. છેવટે ટેલીફોન ઉપર તો મળીએ જ. આજે ૮૦ વર્ષ બાદ પણ એ શિરસ્તો ચાલુ જ છે. શરૂઆતમાં બહેન થોડો સમય કુંડલા રહ્યા બાદ મોટે ભાગે મુંબઈ જ અને બાદમાં વડોદરા રહ્યા.

મારા બનેવી શીવલાલ મિલિટ્રીમાં કામ કરે. વહેલા જાય, મોડા આવે. ક્યારેક અમને થાય કે એ સાંજે થોડા વહેલા આવે તો ઘરનાં બધા શાંતીથી મળી શકે પણ દિવસભર મિલિટ્રીની ઓફિસે કામ અને સાંજે યુનિયનનાં સેક્રેટરી હોવાથી સમાજ સેવા. એમને ઓફીસનાં કામની ચિંતા ન હતી જેટલી યુનિયનનાં કામની. તેમાં લોકોનાં ભલા માટે કામ કરે. ચાલુ દિવસ હોય કે રવિવાર, શીવલાલ બધાનાં એટલા પ્રિય પાત્ર હતાં કે રવિવારે પણ ઘરે આવીને જો લોકો ફરિયાદ કરે તો તેઓ પ્રેમથી સાંભળીને મદદ કરે.

કંચનબહેને ઘણી નાની-મોટી માંદગી ભોગવી પણ હસતાં-હસતાં. કોઈ દિવસ ફરિયાદ નહીં. અમે કાંદીવલી રહીએ અને બહેન રહે મલાડ. અઠવાડીયે લગભગ

દર રવિવારે આપણો ધામો બહેનને ત્યાં જ હોય. બહેનને ત્રણ દિકરીઓ ને એક દિકરો પીયૂષ. દિકરી ને દિકરા વચ્ચે કંઈ ફરક નહીં. હકીકતમાં દિકરીઓ ઉપર વધુ લક્ષ. આજે જે લખવા-બોલવાની કળા તેઓની દિકરીઓમાં આપણે જોઈએ છીએ તેનાં મૂળ ઘડવૈયા શીવલાલભાઈ છે. બહેનનો ફાળો ય ઘણો, પણ સુરજ સમા શીવલાલ પાસે તે કવચિત્ ઝાંખો પડે.

ઘણી વખત મેં શીવલાલને વિનંતી કરી કે મારે દિપકમાં ઘણું કામ છે, માટે મારી સાથે સંયુકત રીતે જોડાઈ જાઓ. ઈશ્વરની કૃપાથી એ મહેનત ફળી અને તેઓ દિપક ગ્રુપ સાથે જોડાયા. છેલ્લા થોડા વર્ષોથી દિપકનો પ્લાન્ટ સંભાળવા માટે તેઓ વડોદરા રહેવા આવી ગયેલ. ત્યાં પણ મધ્યમવર્ગનાં જૈન ભાઈઓ માટે જે કોલોનીઓ બંધાવી, એમાં તેમનો સિંહફાળો હતો.

ઈ.સ.૧૯૮૬/૮૭માં શીવલાલભાઈને કેન્સર થયું. મુંબઈ ઉપરાંત અમેરીકા-યુરોપમાં સારવાર માટે મારા ફેમીલી ડૉકટર સાથે બધે જઈ પ્રયત્ન કર્યો, પણ આપણને યશ ન મળ્યો. ત્યાર બાદ મારા ઘરે જ ત્રણ માસ રહ્યા. અંત સમયે કંચનબહેનની સાથે મારી પાસેથી પંચસૂત્ર સાંભળી, મારા ઘર્મપત્નીની હાજરીમાં છેલ્લી મીનીટ સુધી મારી સાથે જ નવકારમંત્ર ભણતાં પોતાની ઈચ્છાથી દેહ છોડયો. ભાગ્યે જ કોઈને આવું મૃત્યુ મળશે!

બનેવીની આંખ મીંચાયા પછી શરૂઆતમાં કંચનબહેનને ખુબ માનસિક આઘાતમાંથી પસાર થવું પડયું. પણ ધીરે ધીરે જયશ્રી-પીયૂષે ખૂબ સાર-સંભાળ લઈ બહેનને ધર્મધ્યાનમાં સ્થિર કર્યા. ભાવનાબહેનની સાથે નીલુબહેન-ભારતીબહેન પણ અવારનવાર મુંબઈ-રાજકોટથી આવી બહેનનું દુ:ખ ઓછુ કરતાં. તે જોઈ મને અને કાન્તુને સંતોષ થતો.

અમારા કોઈ પણ સારા માઠાં પ્રસંગે બહેન હાજર હોય જ. આજે પણ દર વર્ષે એક કે બે વખત ૧૫ થી ૩૦ દિવસ ભાઈને ત્યાં આવે જ. મને આનંદ છે કે અમરેલીમાં વીતાવેલ બાળપણમાં જેવી રીતે મારા કંચનબહેન હંમેશા પ્રફૂલ્લિત બની નાચતા-ગાતા રહેતા તેમ વડોદરા ખાતે આજે ૮૬

વર્ષે ય તેઓ તબીયતની અનુકૂળતા મુજબ મંડળમાં પૂરો ભાગ લે છે. નાનપણથી માણસનાં ભૂખ્યા એટલે આજે સમાજ સેવામાં તેમને ખૂબ જ આનંદ આવે છે.

આજથી લગભગ સવા મહિના પહેલા 'શીવ-કાંચન કલ્પતરુ'નાં પ્રથમ પ્રકરણો લઈને ભારતી મારા ઘરે મુંબઈ આવી. તેણે જ મને વાંચી સંભળાવ્યા શરૂનાં તે બે-ત્રણ પ્રકરણો. હું તો આંખો બંધ કરીને બેસી ગયો તેની સામે, પરંતુ તે સાંભળતાં-સાંભળતાં પહોંચી ગયો મારી નાની-મોટીબેનો-મોટાભાઈ-બા-બાપુજી વગેરે સાથેનાં એ સમયખંડમાં.

આજે અમારા સાત વ્યક્તિનાં પરિવારમાંથી હું ને કંચનબેન આ પરિવારની સ્નેહકથા વાંચવા ભાગ્યશાળી બનીશું તેનો આનંદ છે. આજે બનેવી શીવલાલભાઈ તથા કંચનબહેનનાં સંઘર્ષમય - સેવામય જીવનની સાથે-સાથે બંનેનાં પરિવારો વિષેની અનેક અણમોલ વાતો લઈને આ સ્નેહગાથા હાથમાં આવશે ત્યારે દિકરી ભારતીને અંતરનાં આશીર્વાદ અને કંચનબહેનને નિરામય દીર્ઘાયુષ્યની પ્રાર્થના.

**સી. કે. મહેતા (પેડર રોડ, મુંબઈ)**
**(કંચનબહેનનાં લાડીલા ધન્યપૂણ્યા નાના ભાઈ)**

# નણંદ કે સખી?

જ્યારે પરણીને આ ઘરમાં આવી ત્યારે હું મારા નણંદો રૂપ ત્રણે બહેનોની જાણે ચોથી બેન જ બની ગઈ. નિર્મળાબેનને હંમેશા 'મોટીબેન' જ કહીએ. મોટીબેન પાસેથી શીખી કે કોઈને જે મદદ થાય તે કરવામાં વ્યસ્ત રહેવું. સૌની સેવા કરવી અને જરૂર પડે સૌને સહાય જરૂર કરવી. એ ગુણોએ મને સદા તેઓ તરફ આકર્ષી. તેઓ સમીપેથી હું શીખી ભાવપૂર્વકનો ધર્મ કરતાં. તેઓ મારા આદર્શ બન્યાં. તેઓની શુદ્ધ ક્રિયા પ્રત્યેની શ્રદ્ધાને હું વંદી રહેતી.

વચલા બહેન એટલે કંચનબહેન. ઓહોહો... શું તેમની હોંશિયારી! બોલવા-લખવા-કામ કરવાની તેઓની આવડત મને ખૂબ જ ગમે. તેઓ મિલિટ્રી સ્વભાવનાં શીવલાલને જે રીતે સ્નેહથી સાચવે તે હું જોઈ રહેતી! બધા સાથે હળવું-ભળવું-મળવું તેઓને ખૂબ ગમે. હું શેગાંવથી મરાઠી મિડિયમ શાળામાં ભણીને આવેલી તેથી કંચનબેન પાસેથી અમુક ગુજરાતી શબ્દો લખતાં યે શીખી. કંચનબેનની ખૂબ સારી આવડત કે બીજાને આપણા કેમ બનાવવા. તે મને તેઓ પાસેથી જ શીખવા મળ્યું.

સૌથી નાની ને વ્હાલી બેન રસીલા તો નણંદ કરતાં વધુ મારી જોડીદાર! મારી બેનપણી! તારું-મારું ભેદ વગર અમે રહ્યાં. છેલ્લે તેનાં બંને સંતાનો તેઓ મને જ સોંપીને ગયા. અમારો સંબંધ અમીરી સંબંધ પરિણમ્યો. આ ખાનદાન સાથે જોડાઈને હું મારા સંસ્કારોને ઉજાગર કરી શકી તેમાં આ ત્રણે બહેનોનો મોટો ફાળો છે.

...અને શીવલાલે તો મને પોતાની નાની બહેન તરીકે જ ગણી. હંમેશા હસતાં-બોલતાં મને તો ક્યારેય તેઓ કડક લાગ્યા જ નહીં. કંચનબહેન પાસે તેઓ હંમેશા મારા વખાણ જ કરે. તેમને મળું એટલે 'મોટાભાઈ' મળ્યાં જેટલો આનંદ મને થાય. દર અઠવાડીયે તેઓ કાંદીવલી આવતા ત્યારે બહારથી જ લાં...બો ટહૂકો કરે: 'કાંતાજી...' એ મને ખૂબ ગમે. મેં મારા જીવનમાં જેટલી જાત્રાઓ કરી છે તે બધી જ જાત્રા જેસલમેર,

રાજસ્થાન, વડોદરાની આજુબાજુના બધા જ તીર્થો ઉપરાંત શત્રુંજયની ૯૯ યાત્રા અને સૌરાષ્ટ્રના બધા જ તીર્થોની યાત્રા બનેવીશ્રી શીવલાલે જ મને કરાવી છે. તેમનાં અંતિમ સમયે તેઓ મારી જ જાણે રાહ જોતાં હતાં. સવારનાં પહોરે દેરાસરેથી જે પ્રક્ષાલ જળ લાવી તે આંખો-ગળા ઉપર લગાડીને જાણે સ્વયં પ્રભુજીની પૂજા-સ્પર્શના કરી હોય તેટલો આનંદ અનુભવ્યો તેમણે. પણ ત્યારે અમને કોઈને ય ક્યાં ખ્યાલ હતો કે થોડી જ ક્ષણોમાં તેઓનો આત્મા શાશ્વતી વિદાય લેશે! જે સાધ્વીજી ભગવંતને લઈને આવી હતી તેઓનું તેમના હાથે ગુરૂપૂજન પણ કરાવ્યું. આ શીવલાલની યાત્રા કરાવવાનું જ પુણ્ય હતું જે મને તેમની છેલ્લી ક્ષણે આ કરાવવામાં નિમિત્ત બનાવી. મારા નવકારનાં સાથી અને નણંદ-સખી કંચનબહેનને આજે ૮૫ વર્ષની પૂર્ણાહૂતિએ હાર્દિક શુભકામનાઓ.

## કાંતાબહેન ચીમનભાઈ મહેતા (પેડર રોડ, મુંબઈ)
## (કંચનબહેનનાં પરમ પ્રિય ધન્યપૂણ્યા નાનાં ભાભીશ્રી)

ધર્મવત્સલ, ભગિનીસમ શ્રી કંચનબહેન એટલે મારા વેવાણ, મારી પુત્રી જયશ્રીના સાસુમા! વ્યવહારિક રીતે એમ કહેવાય કે દિકરીનાં સાસુને ખુબ સાચવવા જોઈએ પણ કંચનબહેને મને ક્યારેય એમ લાગવા દીધું નથી કે તે મારા વેવાણ છે. મને હંમેશા તેમની સાથે બહેન જેવું જ લાગ્યું છે. ખૂબ પ્રેમાળ વ્યક્તિત્વ! અમે મળીએ ત્યારે આનંદનો અનુભવ કરીએ.

વડોદરા હોય કે મારૂં પિયર બગસરા હોય કે કોબા તીર્થ હોય... જ્યારે પણ મળીએ, સાથે રહીએ ત્યારે સત્સંગ, ભક્તિ ને ધર્મની વાતો કરીએ. કોઈવાર ભૂતકાળનાં સ્મરણો પણ વાગોળીએ અને એકબીજાને દિલની વાતો પણ કરીએ. વ્યવહારિક જીવનમાં તેમણે ક્યારેય અમારો દોષ જોયો નથી એ ખૂબ પ્રેરક અને નોંધનીય બાબત છે. આદરણીય કંચનબેનનો આરાધના પ્રત્યેનો પ્રેમ મને ખૂબ સ્પર્શો છે. નિયમીત દર્શન, સેવાપૂજા, સામાયિકાદિ

ક્રિયાઓ કરવી અને ખાસ તો તેમની મહામંત્ર નવકારની આરાધના! નવકાર પ્રત્યેની તેમની શ્રદ્ધા છે અતૂટ! જ્યારે જોઈએ ત્યારે નવકારવાળી ફેરવતાં જ હોય! ૮૫ વર્ષની ઉંમરે અને હવે તો નાદુરસ્ત તબિયત છતાં ધર્મ માટે કેટલી શ્રદ્ધા અને પ્રેમ! તેમના આ ગુણોની હું ખૂબ-ખૂબ અનુમોદના કરૂં છું અને અંતરથી અભિનંદન આપું છું. ધર્મપ્રેમી કંચનબેન આત્મકલ્યાણનાં શિખરો સર કરીને વહેલા વહેલા મોક્ષના શાશ્વતસુખને પામે એવી અભ્યર્થના અને પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના!

**લીલાબહેન હિંમતલાલ શાહ (મુંબઈ)**
**(કંચનબહેનનાં વહાલા વેવાણ - પુત્રવધુ જયશ્રીનાં માનવંતા જનની)**

કંચનબહેન અને શીવલાલભાઈ મારા બહેન તથા બનેવી. ઉંમરમાં મારાથી તેર વર્ષ મોટા હોવાને નાતે મારા વડીલ કહેવાય પણ અમારા સંબંધોમાં વડીલ કરતા મિત્રતાની ભાવના વધારે રહી છે. સન્ ૧૯૭૨ થી ૧૯૮૪નાં અરસામાં ભાઈ શીવલાલે વડોદરા દિપક નાઈટ્રાઈટમાં સેક્રેટરી અને એડમિનિસ્ટ્રેશનની જવાબદારી લીધા પછી નંદેસરી પ્લાન્ટનાં આર્કિટેક્ટ અને કન્સલ્ટીંગ એન્જીનિયર તરીકે સંકળાયેલ હોવાથી મારે અવારનવાર વડોદરા જવાનું થતું. એ અરસામાં કંચનબહેન અને શીવલાલના નિકટ પરિચયમાં આવવાનું થયું. શીવલાલની દરેક કાર્યનાં ઉંડાણમાં ઉતરી ચીવટપૂર્વકની કાર્યપદ્ધતિ માટે અને કંચનબહેનનો નિખાલસ માયાળુ સ્વભાવ, કાયમ હસતો ચહેરો અને સૌ માટેની કૌટુંબિક લાગણી માટે મને ખૂબ માન. તે સર્વે આ પરિચયની ફલશ્રુતિ તરીકે હંમેશ એક યાદગીરી તરીકે સંસ્મરણમાં રહી છે અને રહેશે.

**જશવંતભાઈ ભાઈચંદભાઈ મહેતા**
**(કંચનબહેનનાં કાકા ભાઈચંદભાઈ-કાંતાબેનનાં સુપુત્ર, હરીમાનાં પૌત્ર)**



પૂ.કંચનબહેનનાં સંસ્મરણો લખવા માટે ભારતીબહેને કહ્યું છે. પૂ.કંચનબહેનનાં સ્મરણો જો એક હોય તો તુરંત કરી દેવાય, પરંતુ વધારે હોય તો પસંદગી કરવી પડે અમે ૧૪ વર્ષ વડોદરા રહ્યાં છીએ આથી ઘણીવાર મળવાનું બન્યું છે. આ માટે ભુતકાળમાં જવું પડશે. કોઈ પણ વ્યક્તિ પોતાના ભુતકાળને સહેલાઈથી વિખુટો પાડી ન શકે, મારે એમાં ડૂબકી મારી એનો અણસાર ગોઠવવાનો છે.

મહેતા કુટુંબની દિકરીઓ બધી વાત્સલ્યમૂર્તિઓ છે. ભલે એ કંચનબહેન હોય કે ચંદનબહેન, કોકિલાબહેન હોય કે અરૂણાબહેન!! એ મળે એટલે આપણા પર હેતનો વરસાદ નહીં... ધોધ જ વરસાવે. આમાં કોની વાત કહેવી?

એક પ્રસંગ ૨૫ થી ૩૦ વર્ષ પહેલાનો જણાવવાનું મન થાય છેઃ સી.કે.મહેતાનાં પૌત્રનો એ જન્મદિવસ હતો. મુંબઈમાં વર્લી ઉપર ફંકશન ગોઠવ્યું હતું. નજીકનાં સંબંધીઓને જ બોલાવ્યા હતા, જેમાં હું પણ સામેલ હતી. પૂ.કંચનબહેન ત્યારે સફેદ લાંબોકોટ, ધોતીયું પાઘડી, હાથમાં લાકડી અને કાન ઉપર ગોળાકાર ચશ્મા પહેરીને આવ્યા. હું તો ડઘાઈ જ ગઈ. જાણે કે આપણે એને ઓળખી જ ન શકીએ. એ પોતાની રીતે તૈયાર થઈને આવ્યા હતા.

આજે લોકો કેટલી વેશભૂષા કરે છે, મેકઅપ કરે, કપડા-દાગીનાનાં ઠઠારા જોવા મળે છે. પણ કંચનબહેને કેટલી સાદાઈથી તૈયાર થઈને સૌને સરસ રીતે મનોરંજન કરાવ્યું તે હું આજ સુધી ભૂલી નથી. તેઓને જોઈ બધા ખડખડાટ હસી પડેલાં. આવી મોજ પાછળથી પણ વધુ યાદ આવે.

બીજો પ્રસંગ મારા પતિ રમેશભાઈ અને કંચનબહેનનો જણાવવાનું મન થાય છે. અમે બંને જ્યારે પણ કંચનબહેનનાં ઘરે જઈએ ત્યારે ભાઈ-બહેન હિંડોળા પર બેસીને સાથે મળી અમરેલીની જૂની વાતો સંભારે અને બંને એટલા આનંદમાં હોય કે હું તથા જયશ્રી કહીએ કે અમને પણ આવો આનંદનો લ્હાવો આપો. ત્યારે એમના મોઢા પર જે સ્મિતની ઝલક આવે તે વિસરી શકાય એમ નથી. પૂ.કંચનબહેનનો જમાનાને અનુરૂપ થવાનો સ્વભાવ છે. બધા જ સંજોગો સહજતાથી સ્વીકારવાની વાત એમનામાં કંડારાયેલી છે. આ આદર્શ આપણે

સૌએ શીખવા જેવો છે કે બીજાને કેમ ઉપયોગી થવું અને એનો આનંદ માણવો. ચાલો, બધા પ્રાર્થના કરીએ કે પૂ.કંચનબહેન શાંતિ અને સુખાકારીપૂર્વક પ્રસન્નતાથી ૧૦૦ વર્ષનાં થાય!!

### ઉષાબહેન રમેશભાઈ મહેતા (પૂના)
### (કંચનબહેનનાં માનનીય શ્રી મનુકાકાનાં સુપુત્રવધુ)

મુંબઈથી વડોદરા જ્યારે અમે શિફ્ટ થયા ત્યારે અમારો સૌથી પહેલો હાથ શીવલાલભાઈએ પકડયો અને અમને બધે આગળ કર્યા. દરેકે દરેક જગ્યાએ મને મોટીબહેન સાથે ને સાથે આગળ ને આગળ બેસાડે. અત્યારે ગમે ત્યાં જઈએ અમે મોટાબહેન કંચનબહેનનાં નામે ઓળખાઈએ છીએ. વડોદરામાં મારું પિયર એક જ - મારા મોટાબહેન. હું ગમે ત્યાં ગઈ હોઉં પણ વડોદરા જેવી પરત ફરું કે મોટીબહેનને મળવા જવાનું મન થઈ જાય.

### ધનલક્ષ્મીબહેન ચીમનલાલ દોશી (વડોદરા, મુંબઈ, દુબઈ)
### (કંચનબહેનનાં માસી ચંપાબહેન મનસુખલાલ સંઘવીનાં દિકરી)

વાત્સલ્ય મૂર્તિ મા - પૂ. કંચનબહેન

नमस्कृत्य वदामि त्वाम् । यदि पुण्यं मया कृतम् ।
अन्यस्यापि जात्वां मे त्वमेव जननि भव ।।

નમસ્કાર કરીને તને કહું છું હે માતા! જો મેં પૂણ્યકર્મો કર્યા હોય
તો બીજા જન્મમાં પણ તું જ મારી માતા થજે. કંચન! નામ તેવા જ ગુણો. જન્મદાત્રી મા કંચનબહેનનો માતૃવંદનાનો ઉત્સવ યોજી એક અનન્ય માતાનો તેઓનાં સંતાનોએ ઋણ સ્વીકાર કર્યો છે. ભાવિ પેઢીને કુટુંબ

વત્સલતા વિષે જાણકારી ને પ્રેરણા મળશે. કંચનબહેનમાં નમ્રતા અને સરળતાના ગુણો ભર્યા છે. એવરેસ્ટની ઊંચાઈને હજુ સુધી કોઈ આંબી શક્યું નથી, પરંતુ માની વાત્સલ્યતાની ઊંચાઈને માપવાની પણ કોઈની ય ગુંજાઈશ નથી. તેમની નેહ નીતરતી આંખો ને વ્હાલથી ભરપૂર શબ્દો... 'કુસુમભાભી! જે.બી.!' એ કાનમાં ગૂંજ્યા જ કરે! મુંબઈ આવ્યા હોય તો અચૂક ફોન કરે જ. તેમનું વાત્સલ્યભર્યુ વર્તન તો આપણને બાગબાગ કરી મૂકે! જે.બી.ને પણ બ્હેન પ્રત્યે એટલો જ પ્રેમ! શ્રી સી.કે.ને ત્યાં આવે ત્યારે જરૂર મળવા જઈએ ને વાતોમાં ક્યાં સમય પસાર થઈ જાય તેનો ખ્યાલ ન રહે. આવો નિર્વ્યાજ પ્રેમ બ્હેનનો!

વર્ષો પહેલાં વડોદરા ગયેલા ત્યારે બ્હેનની જે મહેમાનગતિ માણેલી તે ક્યારેય ભૂલાશે નહીં. નણંદબા બ્હેનાં તો પ્રેમ વરસાવે જ પણ નણદોંય શીવલાલ શેઠ પણ એટલો જ પ્રેમ દાખવે. સન્ ૧૯૭૬નાં નવા વર્ષે અમે શંખેશ્વર દર્શને ગયેલા ત્યારે શીવલાલ શેઠે વડોદરાથી ગાડી મોકલેલ જેથી અમને સુવિધા રહે! બંને માટે શું લખવું તે જ સમજાતું નથી.

પૂ.કંચનબહેન પ્રત્યે અહોભાવ, આત્મિયતા એટલી જડાયેલી છે કે અંતરમાં યાદનાં દીવા ઝળહળતા રહે છે. દેવ-ગુરૂ-ધર્મની કૃપા તેમના ઉપર વરસતી રહે એવી શુભ ભાવના સહ વંદન.

**કુસુમબહેન જ્યોતીન્દ્રભાઈ મહેતા (કોલાબા, મુંબઈ)**
**(કંચનબહેનનાં પૂજ્ય ભાઈચંદકાકાનાં આશીષપ્રાપ્ત સુપુત્રવધુ)**

વડીલ શ્રી કંચનબહેન એટલે અમારા શુભચિંતક. મને 'ભાભી'ના સંબોધનથી બોલાવે. મારા લગ્ન પછી એટલે કે છેલ્લાં ૪૯ વર્ષથી અમે નણંદ-ભાભી બન્યા છીએ. લોહીની સગાઈ નહીં, પણ સ્નેહ અને મારાંપણાની ભાવનાથી આ સંબંધને તેમણે બાંધી રાખ્યો છે.

આ કંચનબહેન એટલે નામ એવા ગુણ. ગમે તે પરિસ્થિતિમાં ચમક લાવીને બહાર આવે. એમનાં સંભારણા ઘણાં હોય. એમનાં દિકરા-દિકરી સર્વેને તેમણે બહુ સારા, ઉચ્ચ, ધાર્મિક અને વ્યવહારિક સંસ્કાર આપ્યા છે.

હું એકવાર શીવલાલભાઈશ્રીનાં અવસાન બાદ મળવા ગયેલ ત્યારે એમણે જે કહ્યું તે સંભારણું મને હજી યાદ છે. તેમણે કહ્યું કે: ''મને જ્યારે કંઈપણ સમસ્યા હોય અથવા કાંઈ કહેવું હોય તો હું તેમના ફોટા પાસે જઈ અને દરેક વાતો કહી દઉં છું.'' કેટલો હકારાત્મક અભિગમ! તેમને એમ કરવાથી શીવલાલભાઈની ગેરહાજરી ન સાલે અને મનને સાંત્વન મળે. બસ આવા જ અભિગમ સાથે ભગવાન તેમને સલામત રાખે એવી પ્રાર્થના.

### સરોજબહેન ધીરુભાઈ કપાસી (મુંબઈ)
### (કંચનબહેનનાં સ્નેહાળ ભાઈનાં સહધર્મચારિણી)

પૂજ્ય કંચનબહેન એટલે સદા આનંદિત રહેતા એવા મારા પડોશી પણ બ્હેન સમાન. તેઓ માટે શબ્દોમાં વર્ણન કરવા મારી લાગણી પ્રગટ કરવાનો અવસર પ્રાપ્ત થયો ત્યારે હું એ ૩૦ વર્ષ પહેલાની મીઠી યાદોમાં સરી પડી.

અમે માટુંગામાં લગભગ આઠેક વર્ષ સાથે રહ્યા... એ દિવસોમાં ખૂબ મજા અને જીવનમાં શાંતિ હતી. શ્યામવિહાર અને કૃષ્ણકુટિર આમ બાજુ-બાજુમાં, કિન્તુ એક જ બીલ્ડીંગ હોય એવું લાગતું. પર્યુષણ પર્વ દરમ્યાન રોજ સવારે વ્હેલા ઉઠી પરિવાર સાથે પ્રતિક્રમાણ કરવું, સાથે દહેરાસર જવું... આમ ધર્મના શુદ્ધ સંસ્કાર એકબીજા પાસેથી મેળવીએ. એ સમયે બાજુવાળા સુશીલાબહેનનાં સાસુ સરસ રાગમાં સ્તવન ગાય અને બધાને પ્રભુમય બનાવી દે. કંચનબહેન અમીચંદભાઈ, કંચનબહેન શીવલાલભાઈ, સુશીલાબહેન અને હું-એમ ચારેયની કેવી સરસ ચોકડી જામતી! એ વર્ષોમાં જીવેલું અર્થપૂર્ણ જીવન આજ સુધી ભૂલાયું નથી અને કયારેય ભૂલાશે પણ નહીં.

પહેલાંની વાતો વાગોળતાં આજે અતિ ખુશી થાય છે... પ્રત્યેક પળમાંથી ચૂક્યા વિના 'આનંદ' લૂંટવાનું સામર્થ્ય અને જિંદગીમાં ધર્મની સાથે સમતોલન કરી મોજથી કેમ રહેવું એ શીખ્યા. આજે આપણાં બાળકો પણ એ સાચા સીંચનથી તેમની જિંદગી સરસ રીતે જીવી રહ્યા છે તેનો સંતોષ છે.

કંચનબહેનમાં બીજા પ્રત્યે પ્રેમભાવ, દયાભાવ, કરૂણાભાવ ને મૈત્રીભાવ અખૂટ છે. બીજાનાં પ્રેમનો આદર-સ્વીકાર ભાવ હોવાથી તેઓ સૌના લાડીલા બન્યા છે. સમય પ્રમાણે સ્વભાવનું રૂપાંતર કરી તેઓએ જીવનની કેડી ઉપર ખુમારીથી અને કુશળતાથી પગલાં માંડ્યા છે. અંતમાં એટલું જ કેઃ સદા આવા જ પ્રેમાળ રહો અને પ્રભુ તમને દીર્ઘ આયુષ્ય બક્ષે એ જ પ્રાર્થના...!!

## મધુબહેન જમનાદાસભાઈ શાહ (મુંબઈ)
## (કંચનબહેનનાં માટુંગાનાં ધર્મસખી તથા વહાલા પડોશી)

કહેવત છે કે પહેલો સગો પડોશી.

પરંતુ કોઈ પડોશી કે સગા કરતાં પણ વિશેષ સગી બહેનોની જેમ અમે માટુંગામાં આઠ વર્ષ સામસામેનાં ઘરમાં રહ્યાં તે સમયગાળો મારા માટે જીવનનો સર્વોત્તમ કાળ બની રહ્યો છે. પર્યુષણ આવે ત્યારે તેમની સાથે પ્રતિક્રમણ કરીએ તો જ જાણે પર્વાધિરાજ આવ્યા હોય તેવું લાગે અમને. દેરાસર પણ સાથે જ જવાનું. તેમની ચૂસ્ત ધર્મવિચારધારાને કારણે હું ઘણું જ શીખવા પામી તેમની પાસેથી.

શીવલાલભાઈનો લીલ્લોછમ્મ સ્વભાવ પણ અમોને ખૂબ જ પ્રિય. તેઓ સાંજે ઘરે આવી જાય પછી સૌને એકદમ શિસ્તબદ્ધ રીતે જ વર્તતા અમે જોયાં છે... પરંતુ તેઓની અંદરની ઋજુતા પણ અમોએ ખૂબ માણી છે. શીવલાલભાઈની સમયપાલનની ટેવ અને દરેક કામની ચીવટ જોઈ અમે આશ્ચર્ય પામતાં. ધર્મની અનેક વાતો, શાસ્ત્રમાં આવતા અનેક કથાનકો મને કંચનબહેને સમજાવ્યા છે.

અરે... 'દ્વિદળ' કોને કહેવાય તે પણ તેઓ પાસેથી જ શીખી અને આચારમાં પણ મૂકાવ્યું તેમણે જ. આવી અનોખી મૈત્રી મને યુવાનીમાં જ પ્રાપ્ત થઈ એ બદલ હું મારા જ પૂણ્યની અનુમોદના કરતા હર્ષ અનુભવું છું. મોક્ષપર્યંત આવી હિતમૈત્રી શાશ્વત રહે તેવી પ્રાર્થના સહ, પ્રણામ.

**કંચનબહેન અમીચંદભાઈ વોરા**
**(કંચનબહેનનાં શ્યામ વિહાર, માટુંગાનાં ધર્મસખી તથા વહાલા પડોશી)**

શૈશવનાં સ્મરણો તો કેમ ભૂલાય?

આપણાં બંને ઘરનાં દરવાજાઓ હંમેશા ખુલ્લા જ રહેતા. બે કુટુંબ છીએ તેવું ક્યારેય લાગતું નહીં. શ્રી કંચનમાસી તથા શીવલાલમાસાએ અમારા બધામાં ધર્મનાં સંસ્કારોનું સીંચન કર્યુ. સાચું માર્ગદર્શન, હૂંફ અને પ્રેમ આપ્યા તે કેમ ભૂલાય? અમારા માટે આજે તેઓ પ્રેરણાસમ છે. તેથી જ ગમે એવી વિકટ પરિસ્થિતીમાં આજે અમે અડગ ઉભા રહી શકીએ છીએ.

આજે પણ બંનેનાં પરિવારજનો જ્યારે મળીએ છીએ ત્યારે હૃદયમાં એ જ ઉમળકો અને લાગણીની પ્રતિમા ઉભી થાય છે. કંચનબહેન માટે પ્રાર્થના કે પ્રભુની અમીમય દ્રષ્ટિ આપનાં જીવન ઉપર મંડરાતી રહે, આપની તનની તંદુરસ્તી અને મનની પ્રફૂલ્લતા જળવાઈ રહે તેવી પરમકૃપાળુ પરમાત્મા પાસે આપનાં બાળકોની માંગ છે.

**સ્વ. સુશીલાબહેન-વિનુભાઈ પરિવારઃ**
**અશ્વિનભાઈ, વિરેશભાઈ, કલ્પનાબહેન, ભાવેશભાઈ**
**(કંચનબહેનનાં શ્યામવિહાર, માટુંગા ગૃહમંગલનાં વહાલા પડોશી-સંતાનો)**



શ્રી કંચનબહેન તથા શીવલાલભાઈ પરિવાર સાથેનાં સંબંધની શરૂઆત યાદ કરવા જવું પડે મારે ઠે...ઠ એ સમયમાં, જ્યારે મેં હજુ વ્યવસાયિક જગતમાં નવા જ પગરણ માંડેલા. તાલીમની એ વેળાએ નંદેસરી સ્થિત 'દિપક નાઈટ્રાઈટ'માં જવાનું થયું, જ્યાં હું ક્યારેય ભૂલી ન શકાય તેવા એક ઉત્તમ માનવીને મળ્યો. તેમની સાથે કરેલ સંક્ષિપ્ત ચર્ચા હજી આજે પણ ચિત્તમાં એટલી જ તાજી છે. એ હતાં શ્રી શીવલાલભાઈ.

મારા પિતાજી શ્રી કુમારભાઈને કારણે પછી તેઓ તથા કંચનબહેનનાં પરિવારનો પરિચય વધ્યો. તેઓની સાદી જીવનસરણી અને ઉચ્ચ વિચારધારા તેમનાં ચારે ય સંતાનો - પીયુષભાઈ, નીલુબેન, ભારતીબેન તથા ભાવનામાં પણ સંસ્કાર રૂપે ઉતરી આવેલી જોઈ.

દૈવયોગે એ પછી મારા અનુજ પિનાકીન સંગે તેઓની દિકરી ભાવના લગ્નથી જોડાઈ તે વખતથી એક અધ્યાત્મથી રંગાયેલ પરિવાર સાથે જોડાયાનું વધુ ગૌરવ થયું. જો કે શ્રી શીવલાલભાઈની અકાળે થયેલી વિદાયથી એક શૂન્યાવકાશ પણ જરૂર અનુભવાયો.

કંચનબહેન વિશે વિચારો અને તમને એક સતત સ્મિતવંત, ધર્મનિષ્ઠ, પવિત્ર સંન્નારીનો ચહેરો દેખાય! જ્યારે-જ્યારે મળીએ, અમોને પ્રશસ્તિપૂર્વકનાં સુંદર શબ્દોમાં નવાજીને આનંદિત બનાવવાનું ક્યારેય ન ચૂકે તેઓ. અમારા મમ્મીજી શારદાબહેન સાથેની તેઓની વિશેષ રૂપની અસાધારણ મૈત્રી યાદ કરું તો ખ્યાલ આવે કે તેઓ બંને ફક્ત સમધન જ નહીં, જાણે બે સગાં બહેનો જ હતા. આજનાં કાળમાં એવા નિખાલસ સંવાદો સાથેનાં સંબંધો નિહાળવા-સાંભળવા વિરલ છે.

અમે સાક્ષી બન્યા છીએ કંચનબહેનને આવેલ અનેક પડકારરૂપ કસોટીકાળનાં. શીવલાલભાઈની વહેલી વિદાય અને તેઓની નાદુરસ્તીનો ક્યારેય તેઓએ આલેખ બનાવ્યો નથી કે નથી પોતાની કષ્ટ, પીડા ને વેદનાની વાતો વહેંચવાનું પસંદ કર્યુ. તેઓ અમારા આદર્શરૂપ છે. તેઓએ સાચા પરિપ્રેક્ષ્યમાં જૈન ધર્મને જીવ્યો

છે - પચાવ્યો છે. અમારે હજુ તેઓ સમીપેથી ઘણું જ શીખવાનું છે. પ્રભુને તેઓનાં નિરામય આયુ માટે પ્રાર્થના કરીએ અને કામના રાખીએ કે તેઓ સદૈવ અમારા માર્ગદર્શક બની રહે. કરયુગ્મ જોડીને સન્માનપૂર્વક વંદનો.

## શ્રી કુમારભાઈ તથા શારદાબહેન પરિવાર વતી, દિલીપભાઈ શાહ (કંચનબહેનનાં જામાતૃ શ્રી પિનાકીનભાઈનાં જ્યેષ્ઠ ભ્રાતાશ્રી)

કહેવત છે કે વાડ વિના વેલો ન ચડે.

મારી કારકિર્દીની શરુઆત આજથી ૪૭ વર્ષ અગાઉ થઈ. આજે હું જ્યાં પહોંચ્યો છું તેની મેં કલ્પના પણ કરેલ નહીં. પરંતુ આ મુકામે પહોંચવામાં ઘણા લોકોનો સાથ, સહકાર અને માર્ગદર્શન મળેલ તેથી સદા તેમનો ઋણી છું. તેઓને હું જ્યારે પણ યાદ કરૂં ત્યારે આ નામો હંમેશા પહેલા આવે -
શ્રી કાંતાબહેન, શ્રી કંચનબહેન અને શ્રી શીવલાલભાઈ.

કંચનબહેનને સૌ પ્રથમ મળવાનું ૧૯૭૨માં જ્યારે મુંબઈથી વડોદરા આવ્યા ત્યારે થયું અને બહુ જ ઓછા સમયમાં નિકટતાનો સંબંધ બંધાયો. કંચનબહેને મારા જીવનની એક કઠણ સમસ્યા હતી તે સમસ્યાનું નિરાકરણ કર્યું તે હું અત્રે જણાવવા માંગુ છું.

મારાથી નાની બહેન જે જરા ઢીલી હતી અને તેના માટે યોગ્ય ઘર અને વર શોધવા તે થોડું કઠણ કાર્ય હતું. પિતાશ્રીની ગેરહાજરી હોવાથી તેને લીધે હું હમેંશા મુંઝાયેલો રહેતો. આની અસર મારા બીજા ભાઈ-બહેન પર ન પડે એની ચિંતા રહેતી. આ વાતની જાણ થતાં જ શીવલાલભાઈ તથા કંચનબહેને યોગ્ય ઘર અને વર ગોતી આગળ પડતો ભાગ ભજવી સગપણ કરાવ્યું. એટલું જ નહીં પણ સગપણ વિધિ પણ તેમના ઘરે જ ધામધૂમથી કરાવી અને મારી નાની બહેન કાયમ માટે સાસરે સમાઈ ગઈ. હું હંમેશા માનું છું કે જો

કંચનબહેને યોગ્ય સમયે આ મદદ ન કરી હોત તો મારા બીજા ભાઈ-બહેનનાં લગ્ન સમયસર કરી શક્યો હોત કે કેમ?

## જ્યોતભાઈ તલકચંદભાઈ વોરા
## (કંચનબહેનનાં મૂળ શેગાંવનાં માનીતા ભાઈ)

કંચનબહેન એટલે એક સ્પોર્ટ્સમૅન સ્પીરીટથી તરબતર વ્યક્તિત્વ! બધાનાં કામ બહુ સારી રીતે કરી છૂટવા કાયમ તત્પર. સમાજમાં આગળ પડતું નામ પરંતુ તેટલા જ નિરાભિમાની. ઘોઘારી સેવા કેન્દ્રમાં આપેલી તેમની સેવાઓ ચિરંજીવ છે. કંચનબહેન ઉર્મિલાનાં કાકી થાય તેથી તેઓ મારા કાકીજી સાસુ થવા જોઈએ, પરંતુ તેઓ મારાં સાસુજી તરીકે જ રહ્યાં છે અને ઉર્મિલાને ભત્રીજી નહીં કિન્તુ હંમેશા દિકરીની જેમ જ રાખી છે અને મને હંમેશા જમાઈની જેમ લાડ કરી ‘કુમાર’નાં ઉપનામે જ નવાજેલ છે. પ્રભુ તેઓને તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય બક્ષે.

## વિરેન્દ્રકુમાર અમૃતલાલભાઈ શાહ (વડોદરા)
## (શીવલાલભાઈનાં જીવણઅદાનાં દિકરી ઉર્મિલાબહેનનાં નવકારરત જીવનસાથી)

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જીનેશ્વર.
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જીનેશ્વર.

બાળપણનાં સાથી-સંગાથી હતાં કંચનબહેન. બાળપણ એ પૂરી જીંદગીની યાત્રાનો સૌથી સ્મરણીય-રમણીય સમય હોય છે, જ્યાંથી જીવનનાં ઘડતરની શુભ શરુઆત થતી હોય છે, સંસ્કારના બીજ રોપાતા રહે છે ને વિવેકબુદ્ધિનો વિકાસ શરુ થતો હોય છે. વિજ્ઞાન પણ કહે છે કે ત્રણ થી

બાર વર્ષનો સમય હોય છે જીવનઘડતરનાં બીજ રોપાઈ જવાનો. નિર્દોષ, રમતિયાળ, હસતું-રમતું-પ્રફુલ્લિત-આનંદમય-અવિસ્મરણીય આપણા સહુનું બાળપણ અને એ મૈત્રીની ગહનતા-પ્રફુલ્લિતતતા તો કંઈ અનન્ય અને ચિરંજીવ હોય છે. આવા બાળપણનાં અમે ચાર સાથી સંગાથી. ધર્મકાર્યોમાં દેરાસર, પાઠશાળા, પ્રતિક્રમણ, પૌષધ, આયંબીલની ઓળી કે મહાઉત્સવ સરીખા પર્યુષણ હોય... કંચનબહેન -મુક્તાબહેન-નિમુબહેન અને હું સાથે જ હોઈએ. સૌથી મોટા કંચનબહેન-સૌથી નાની હું. ત્યારથી જ કંચનબહેન માટે માન અને એમનો પ્રેમ અત્યાર સુધી જીવંત છે. હા, એ જરા શિસ્તમાં વધુ માને પણ અમારી સખીમંડળી તો બસ હસતી ને ખુશખુશાલ જાણે કે ગમતાંનો ગુલાલ કરવામાં માનનારી. સુવર્ણમય એ સાત-આઠ વર્ષ માણ્યા સાથે. બાળપણ અને કિશોરાવસ્થા વચ્ચેનો એ સુંદર સમય અમારા એક બીજાનાં સાથી સંગી બનવાનો મળી ગયો.

ઉપરની પંક્તિઓ કંઈક સમજાયેલી ધાર્મિક વાતાવરણમાં. નિમુબહેન તો વ્યાખ્યાનમાં જ ગહુંલી બનાવીને એમના મધુર અવાજ સાથે ગાતા જ્યારે આખું ચોમાસું પૂ.સાધુ સાધ્વીજી હોય. હું ઉપસંહાર લખતી જેમાં કંચનબહેનનો સાથ હોય જ. બસ આ મળેલા-પામેલા- મેળવેલા સંસ્કાર સાથે સૌ છૂટાં પડી ગયા. ત્રણેયના સારી રીતે યોગ્ય કુટુંબમાં લગ્ન થઈ ગયા. કંચનબહેન પોતાના કુટુંબનાં સહયોગે ખુબ જ સારા સામાજીક કર્યો કરી સમાજમાં ઉચ્ચ સ્થાન પામ્યા છે. મારી જીવન સફર થોડી અલગ રહી. બ્રાહ્મણકુટુંબમાં લગ્ન થયા. ખૂબ જ સૌના પ્રેમ સાથે બંને કુટુંબમાં સારું સ્થાન મળ્યું. સામાજીક કાર્યો ઘણા કરી શકી. ઉચ્ચ એવોર્ડ્સ પણ મેળવ્યા. પણ એનો યશ અમારા ભટ્ટ કુટુંબને. સમગ્રતયા સહુની ઉચ્ચ ભાવનાનાં પરિણામ સ્વરૂપ હું તો ફક્ત તેનો એક નાનો ભાગ બની રહી. પેલા જોનાથનનાં એકાકી પંખીની માફક ફરી-ફરી અમો ઉભા થતા રહ્યા છીએ. ઈશ્વરે આપેલા મોટા આઘાતો પણ ક્ષમતા સાથે જીરવી લીધા છે. કોઈપણ જાતની પરિસ્થિતિને સારી રીતે સમજી લઈને સંસારને આનંદસભર રાખવાની સતત આત્મજાગૃતિ સાથે કોશિષ કરીએ છીએ. કંચનબહેનના ઘરે પણ ચાર-પાંચ વાર જવાનું બન્યું છે. આ ઉંમરે પણ ઘરમાં તેમનું બધી

વાતમાં ધ્યાન હોય. એ જ શિસ્ત, એ જ સ્વચ્છતા આજે ય ગમે છે તેમને. એમને ત્યાં એ જ માન ને ઉષ્માભર્યા આવકાર મળ્યા છે.

હવે બાળપણના બીજને સપ્તરંગી બનાવી જીવનવૃક્ષને સદાયે લીલુંછમ્મ રાખવાની સતત કાર્યશીલતાને અપનાવી લીધી છે. એ તો બસ નિર્મળ વહેતા ઝરણાંનાં રવની જેમ ગમતાનો ગુલાબ કરીએ. સમતાને સમજી લીધી છે. રાગદ્વેષથી પર રહેવાની આવડતને આવકારતા રહીએ છીએ. કોઈ ફરિયાદ નથી, બસ ઈશ્વરનાં ધન્યવાદ જ છે. અમે જ અમારા પાવર હાઉસ બનીને રહી ગયા છીએ. આજે એ જ મધુર સ્મૃતિનાં, મધુર સ્મિતનાં, મધુર સૌંદર્યને સ્ફુરિત કરવાની તક સંસ્મરણોને વાગોળવાની તક આપી એ માટે નીલુ-પીયૂષ-ભારતી-ભાવનાને મારા ધન્યવાદ. ખાસ કરીને ભારતીનો ઘણો જ આભાર. અંતરના શુભાશિષ સાથે જય જીનેન્દ્ર. છેલ્લે:

સહર્ષ ઝીલી સમયનો પ્રહાર, જીવું છું,
કરું છું જીંદાદિલીનો પ્રચાર, જીવું છું,
વણું છું આશને કૈં એમ જીવતર સાથે,
હરેક સાંજને સમજી સવાર, જીવું છું!

## મુકતાબહેન વિજયદત્ત ભટ્ટ (અમદાવાદ)
## (કંચનબહેનનાં બાલપણાંનાં મધુરાતિમધુર સખી'રી)

જેણે સમાજ તણાં, કીધાં કામ ઘણાં, શીવલાલભાઈ પ્યારા, તમોને નમીને વંદન અમારા. સૌરાષ્ટ્રનાં સિંહ સમી ગર્જનાથી સૌરાષ્ટ્રનાં જૈન સમાજમાં જાગૃતિ લાવનાર, સૌરાષ્ટ્રની સભ્યતા, સંસ્કાર ને સંસ્કૃતિનાં પુરસ્કર્તા રૂપે મુરબ્બીશ્રી શીવલાલભાઈ શાહ વડોદરા શહેરમાં સેવા, સમર્પણ અને સંસ્કારની સરવાણી વહેતી રાખવા સદૈવ કાર્યશીલ રહ્યા હતાં. આ મહાન

વિભૂતિને જે તે સમયમાં સમાજનો બચ્ચે-બચ્ચો ઓળખે છે. તેઓ સમાજનાં ઉધ્ધારક, અડીખમ આગેવાન, જાજરમાન વ્યક્તિત્વશાળી, દ્દઢ મનોબળી, બાહોશ, પરોપકારી, પથદર્શક, નિડર, માયાળુ, નિખાલસ અને ખેલદિલ મહામાનવ હતા.

તેઓ દિપક નાઈટ્રાઈટ કંપનીનાં ઉચ્ચ હોદ્દા ઉપર બિરાજમાન હોવા છતાં નિરાભિમાની, સાદગીપૂર્ણ, શિસ્ત, સંયમ અને સમયપાલનનાં અતિઆગ્રહી હતા. સૌરાષ્ટ્રની ધીંગી ધરતીનાં આ છોરૂ કોઈપણ કાર્ય સાધના રૂપે કરતા હતા. શ્રમ ને પુરૂષાર્થથી સમાજની એકતા અને સંગઠન અકબંધ જાળવ્યા તેમણે.

સમાજમાં એક નવી દ્રષ્ટિ, સૃષ્ટિ, શક્તિ અને દિશા ચિંધી. તેમણે લોકોનો દ્રષ્ટિકોણ બદલવા, પરિવર્તન સ્વીકારવા, પરંપરા નિભાવવા અને યુગપરિવર્તનની સાથોસાથ આગળ વધવા અપીલ કરી હતી. શ્રી સૌરાષ્ટ્ર જૈન સમાજને સમૃદ્ધ બનાવવા, સમાજનાં સભ્યોની ઉન્નતિ અને પ્રગતિ માટે તેમણે જે પરિશ્રમ ઉઠાવ્યા છે, રાત-દિવસ જોયા વિનાં જે કાર્યો કરેલા છે તેને કારણે જ આ સમાજ આજે સમૃદ્ધિની ટોચ ઉપર પહોંચ્યો છે. તેઓનાં કાર્યો માટે આપણો સમાજ હંમેશા તેઓનો ઋણી રહેશે.

તેમણે કરેલા કાર્યોની એક ઝલક જોઈએ તો સૌરાષ્ટ્રમાંથી આવીને વડોદરા વસેલા આપણા સાધર્મિક બંધુઓને માટે કાયમી રહેઠાણની વ્યવસ્થા કરીને સૌને પોસાય એવા દરે સુભાનપુરા ખાતે સસ્તા દરે જમીન ખરીદીને મેહુલ ને સુધનલક્ષ્મી જૈન સોસાયટીઓ બનાવી આપણા સભ્યોને વસાવવા વર્ધમાન બેંકમાંથી લોન પણ અપાવી. આ રીતે મેહુલમાં ૩૦ અને સુધનલક્ષ્મીમાં ૪૬ રો-હાઉસ બનાવ્યા. સુધનલક્ષ્મી સોસાયટી મેઈન રોડ ઉપર હોય ૬ પ્લોટ તો જૈન દેરાસર બનાવવા માટે રીઝર્વ રાખ્યા. આમાં તેમની દીર્ઘદ્રષ્ટિનાં દર્શન થાય છે. આજે કુંથુનાથ ભગવાનનું ભવ્ય દેરાસર જે આપણે જોઈ રહ્યા છીએ તે મુરબ્બી શીવલાલભાઈની દેન છે તેમ કહું તો અસ્થાને નહીં ગણાય.


શ્રી સિધ્ધચક્ર બૃહદ્પૂજન

સભ્યોની સંખ્યા પ્રતિદિન વધતી જતી હોય સમાજની પ્રવૃત્તિઓથી તમામ સભ્યોને વાકેફ કરવા તેમણે સંસ્થાનું મુખપત્રક બનાવવાનું નક્કી કરી તેનું નામ આપ્યું: 'શ્રી સૌરાષ્ટ્ર જૈન દર્શન'. તે પરંપરા આજે પણ ચાલુ છે અને અતિ સુંદર વાંચવા ને જાણવાલાયક ત્રિમાસીક બહાર પાડવામાં આવે છે તે પણ શીવલાલભાઈની દેન છે.

શ્રી સૌરાષ્ટ્ર જૈન સમાજનાં સભ્યોનાં પરિવારનાં સભ્યો જે સ્કૂલો-કોલેજો વિગેરેમાં અભ્યાસ કરતા હોય અને સારા માર્કે ઉત્તીર્ણ થયા હોય તેમને પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરવામાં, તેમ જ સમાજનાં સભ્યોનાં પરિવારને સ્કૂલ કોલેજોનાં પુસ્તકો, નોટબુક અને સ્કૂલ ફી વિગેરે માટે કેળવણી ફંડ ઉભું કરવામાં આવ્યું જેમાં લાખ રૂપિયાનું ફંડ એકઠું થઈ ગયું. તદ્- ઉપરાંત ધોરણ ૧-૧૨નાં પ્રથમ, દ્વિતીય, તૃતિય વિદ્યાર્થીને ઈનામ આપવા વ્યાજની રકમ નક્કી કરવામાં આવી. આજે પણ તે વ્યવસ્થા ચાલે છે પરંતુ હાલનાં સમાજનાં આગેવાનોએ શૈક્ષણિક ફંડ માટે અપીલ કરતાં આશરે પાંત્રીસ લાખ રૂપીયાનું અનુદાન મળેલ છે ને ટૂંક સમયમાં પચાસ લાખને આંબી જશે, પરિણામે ઉચ્ચાભ્યાસુ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અને વગર વ્યાજની લોન પણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. સન્ ૧૯૮૨-૮૩ની સાલમાં વડોદરા ખાતે સૌ પ્રથમ જૈન યુવક-યુવતીઓનો પસંદગી મેળો યોજવાનું શીવલાલભાઈનાં સૂચનથી કારોબારીએ વધાવી લીધું. આ કામગીરીમાં તેઓ રૂબરૂ આવીને ઝીણવટભર્યું નિરિક્ષણ કરતા હતા. આ મેળાને ખૂબ જ સફળતા મળી હતી કારણકે તેમાં લગભગ ૪૦૦ યુવકો અને ૨૦૦ યુવતીઓએ ભાગ લીધેલ. ત્યાર બાદ પણ આવા બીજા પાંચ મેળાઓ કરવામાં આવ્યા હતા.

સન્ ૧૯૮૫નાં વર્ષમાં સમાજનાં પ્રથમ કુટુંબ-પરિવાર પરીચય ગ્રંથને ૧૭ વર્ષ પુરા થતાં વસ્તીપત્રકની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવા સૂચન મળતાં સમાજનાં તમામ સભ્યોનાં ઘરેઘરે જઈને કુટુંબની સંપૂર્ણ માહિતી લાવવા સમગ્ર કારોબારીને કામે લગાડી દીધી. આ વસ્તીપત્રકનાં કન્વીનર તરીકે શ્રી ભાઈલાલ ભુરાભાઈ શેઠની વરણી કરવામાં આવી અને સહકન્વીર તરીકે શ્રી કૈલાસભાઈ વોરા અને જે.બી.શાહને નિયુકત કરવામાં આવ્યા.

વસ્તીપત્રક તૈયાર થતાં લગભગ બે વર્ષ જેટલો સમય લાગ્યો કારણકે શીવલાલભાઈની એવી ઈચ્છા હતી કે મધ્ય ગુજરાતનાં પાંચ જીલ્લા વડોદરા, ભરૂચ, ગોધરા, ખેડા, નડીયાદ વગેરે સ્થાનોએ વસતાં સૌરાષ્ટ્રનાં જૈનોની યાદી તૈયાર કરવી. પરિણામે સમય વધુ લાગ્યો. જ્યારે આ સંપૂર્ણ માહિતીસભર અંક તૈયાર થયો ત્યારે આવા પરમ ઉપકારી મરજીવા માનવીએ ફાની દુનિયાને ત્યાગીને અલવિદા લઈ લીધી. સમાજનાં એકએક સભ્યોને સખત આંચકો અને આઘાત લાગ્યા અને વિમોચન વિધિ જે તેમનાં કરકમલથી થવાની હતી તે અધુરી રહી ગઈ. તેમનો દિવ્ય આત્મા સ્વર્ગ લોકમાં સીધાવી ગયો. સંસ્થા માટે તેમણે કરેલી ઉત્તમ કામગીરીને આ સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં. મુરબ્બી શીવલાલભાઈને સાચી શ્રધ્ધાંજલી તો એ છે કે તેમનાં ઉત્તરાધિકારીઓએ તેમનાં અધૂરા સ્વપ્નને પરિપૂર્ણ કરવા સંપૂર્ણ વાતાનુકુલીત એવું 'સૌરાષ્ટ્ર જૈન ભવન' બનાવી સમાજને અર્પણ કર્યું. શીવલાલભાઈ અવારનવાર મીટીંગમાં કહેતાં કે આપણે આપણી ઓળખ આપણાં સરનામાંથી આપવાની છે. નૂતન જૈન ભવન તેની સાક્ષી પૂરે છે. તેમની ઓગણત્રીસમી પૂણ્યતિથિએ આ મૂઠી ઉંચેરા માનવને અમારા શત-શત નમસ્કાર. તેમનો આત્મા જ્યાં હશે ત્યાં થી પરોક્ષરૂપે તેમના આશીર્વાદ મળતા રહેશે.

**જે. બી. શાહ**
**શ્રી સૌરાષ્ટ્ર જૈન સમાજ (ટ્રસ્ટીશ્રી, વડોદરા)**

શીવલાલભાઈ એટલે શ્રી સંઘનુ સોનવરણું સંભારણુ. ભાવનાત્મક એકતાને લક્ષમાં રાખી, ધાર્મિક ને સામાજિક સંતુલન જાળવવાના હેતુસર સમાજમાં જે સંપન્ન થયા હોય તે સમાજના ઉત્કર્ષ માટે કોઈને મદદરૂપ થઈ અંતરનો ઉજાસ ફેલાવવો એવા એક દ્દઢ સંકલ્પ સાથે વડોદરા-સુભાનપુરા, ૧૫ પરિશ્રમ સોસાયટીમાં સ્થાપિત કરેલ સુંદર શ્રી શાંતિનાથ ગૃહચૈત્યને આલંબન સ્વરૂપે દ્રષ્ટિ સમક્ષ રાખી, શ્રેષ્ઠીવર્ય શ્રી આશાભાઈ સોમાભાઈ

પટેલ નિવાસ્થાનનાં ઓટલાને પરમાત્માભક્તિનું કેન્દ્રબિંદુ બનાવી ત્યાં સાધર્મિક સદસ્ય તરીકે પધારી, જિનશાસનના વિવિધ અનુષ્ઠાનોમાં વૃત્તિ અને પ્રવૃત્તિનું સંધાન કેળવી, સમય, શક્તિ અને સામર્થ્ય પ્રમાણે નિ:સ્વાર્થ અને નિર્લેપ ભાવથી 'સવિ જીવ કરૂં શાસનરસી'ની ઉદ્દાત ભાવના સાથે કાર્યરત રહી પોતાના જીવનબાગને સુકૃતોની સુવાસથી મઘમઘતો રાખવા શ્રી શીવલાલભાઈએ સંનિષ્ઠ પ્રયત્નો આદર્યા. પરિણામ સ્વરૂપ શ્રી સંઘના પ્રત્યેક વ્યક્તિનાં હૈયામાં તેઓ શ્રી 'શીવલાલકાકા'નાં હુલામણા નામથી આદર પામ્યા.

શ્રી સંઘે તેઓને બહુમાન સ્વરૂપે સુભાનપુરા ધાર્મિક અને ધર્માદા જૈન ટ્રસ્ટના અગણી ટ્રસ્ટી તરીકે આસનસ્થ કર્યા. શ્રી સંઘના મોવડી પૂજ્ય આશાકાકા અને સારથી પૂજ્ય શીવલાલકાકાનાં નિર્ભીક અને નિર્દીત નેતૃત્વ હેઠળ ટ્રસ્ટી મંડળ તથા શ્રી સંઘના સંપૂર્ણ સહકારથી સુભાનપુરા સંઘને પરિશ્રમ સોસાયટીમાં ઉપાશ્રય મળ્યો. ફલસ્વરૂપ પૂજ્ય સાધુ-સાધ્વીજીનું આવાગમન વધ્યું. જૈન કુટુંબોનો વસવાટ વધ્યો. શ્રી સંઘમાં બીજ સ્વરૂપે રહેલો ધર્મ અંકુરિત થયો. કરવું-કરાવવું અને અનુમોદવું આ રત્નત્રયી સંઘના પ્રત્યેક વ્યક્તિના હૈયામાં ઘુંટાવા લાગી પૂજ્ય શીવલાલકાકાનું કુટુંબ આનાથી અલિપ્ત ન રહ્યું. તેઓને ધર્મપત્ની કંચનબહેને તીર્થયાત્રા કરાવવાની ભાવના દર્શાવતાં પૂજ્ય શીવલાલકાકાનાં કુટુંબે તેને વધાવી લેતાં અમારા શ્રી સંઘને લક્ષ્મણીજી તીર્થની યાત્રા મળી. લક્ષ્મણીજીમાં પરમાત્માભક્તિ વખતે મૂળ નાયકશ્રીનાં અંગેથી થયેલ અમીઝરણા યાત્રાનું કાયમનું સંભારણુ બની રહ્યું.

સર્વ કોઈ સદ્‌માં સરે, જીવનમાંગલ્ય તરફ વળે અને જીવનસાફલ્ય પામે એ સદ્‌હેતુથી ઈ.સ.૧૯૮૨, મેહુલ જૈન સોસાયટી નં.૨ માં ૩૬ જૈન કુટુંબોનો વસવાટ, ઈ.સ. ૧૯૮૫માં મેહુલ જૈન સોસાયટીમાં શ્રી વાસુપૂજ્ય જિનાલયની પ્રતિષ્ઠા, ઈ.સ. ૧૯૮૭માં સુધનલક્ષ્મી જૈન સોસાયટી નં.૭માં ૪૦ જૈન કુટુંબોનો વસવાટ વિગેરે સંઘનાં કાર્યોમાં તેઓ શ્રી અગ્રેસર રહી, અનુમોદનાનાં અધિકારી બન્યાં. પૂર્વ જન્મના પ્રબળ પૂણ્યોદયે પૂણ્યાનુબંધી પૂણ્ય ઉપાર્જન કરી, જૈનકુળમાં જન્મી જીવનની સમતલ-અસમતલ કેડી પર સ્વસ્થતાપૂર્વક ચાલી ક્યાંક કુટુંબના

વડલા તરીકે તો ક્યાંક વૈષ્ણવજન રૂપે સ્થિર થઈ સ્વ તથા પર કાજે જાત ઘસી ધૂપસળીની જેમ મહેંકી દિવસ હોય તો સુરજ અને રાત ઢળે ત્યારે દિવો બની આસપાસના જગતને સ્નેહસભર સેવા વડે સુવાસિત કરી વડીલ વડલાના કલ્યાણકારી કર્તવ્યનો કબીરવડ બની પૂજ્ય શીવલાલકાકા સૌના સન્માનનાં અધિકારી બન્યાં.

શ્રી સંઘમાં સૌના સહકારથી શ્રી સંઘની પ્રવૃત્તિઓની પાવન ભૂમિમાં ભાવનાત્મક એકતાનાં વડવૃક્ષને લાગણીશીલ હૃદયથી, ભાવનાશીલ સ્વભાવથી ને અંતરના ઉલ્લાસથી ઉછેરી મોટું કરી ભૂતકાળને ભવ્ય બનાવી એક અનોખા ઈતિહાસનું સર્જન કરનાર વિરલ વિભૂતિ પૂજ્ય શીવલાલકાકાનાં આત્માની ભૂરી ભૂરી અનુમોદના. વનશ્રી વૃંદાવનની વાટે અનંતની યાત્રાએ વિચરતા પ્રવાસીને શત્ -શત્ નમન.

## સુભાનપુરા ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટ સંચાલિત શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જિનાજ્ઞા આરાધક સંઘજનો

ઘોઘારી મહિલા જૈન સેવા કેન્દ્રનાં પાયાનાં પત્થર બનીને અત્યારે વટવૃક્ષ બનાવનાર કંચનબહેને પોતાની પાસે રહેલા હુંફ-પ્રેમ-વાત્સલ્ય-સ્નેહ-શક્તિ-સહવિચાર ને નિર્મળ વાણી રૂપી ગંગા વહાવી હંમેશા બ્હેનોને આગળ વધારી તેમનાં કોન્ફીડન્સને વધારવામાં અથાગ મહેનત કરી છે, જેનાં પરિણામ સ્વરૂપે આજે ઑલ ઈન્ડિયામાં સેવાનાં કામમાં વડોદરાને પ્રથમ હરોળમાં મૂકાયું છે.

કંચન એટલે સોનું. સોનાની જેમ ઉત્તમ. દરેક ક્ષેત્રમાં ઉત્તમ. ચાહે નાટક, નૃત્ય, એકશન, ગરીબોની સેવા, સાધર્મિક સેવા, રૂઢીવાદી સમાજમાંથી બ્હેનોને જમાના પ્રમાણે આગળ વધારવા કે તૂટતા ઘરોને પોતાનાં વિચારોથી સમજાવી બચાવવા. તન-મન-ધનને એમણે બીજાની માટે જ વાપર્યા છે અને પોતાનું જીવન


સેવામય જ બનાવ્યું છે. આવા ઉત્તમ સ્ત્રીરત્ન કંચનબેનનાં સંતાનો પણ ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જ જોડાયેલા છે એવા અમારા નીલુબહેન-ભારતીબહેન-પીયૂષભાઈ-ભાવનાબહેન સાથે ઉત્તમ વિચાર ધરાવનાર છે તેઓનાં સેવાભાવી પૂત્રવધુ જયશ્રીબહેન પણ. પ્રભુ તેમને સૌને ધર્મમય દીર્ઘાયુષ્ય અર્પે.

**ઈલાબહેન શાહ**
**સેક્રેટરી, ઘોઘારી સેવા કેન્દ્ર (વડોદરા)**

આદિજિન મહિલા મંડળના આદ્યસ્થાપકોમાંનાં એક અને અમારા પ્રિય વડીલ એવા કંચનબહેન માટે ખાસ તો એ કહેવું છે કે નામ પ્રમાણે જ જેમનું વ્યક્તિત્વ સાર્થક થયું છે એવા ખરા તપેલા સો ટચનાં સોના જેવું જ પ્રભાવશાળી અને પ્રેરણાદાયક જીવન રહ્યું છે તેઓનું.

કંચનબહેન સ્વભાવે જેટલા મૃદુ અને પ્રેમાળ એટલા જ નિયમિતતા અને શિસ્તનાં ચુસ્ત હિમાયતી પણ ખરા. અમારા મંડળનાં વિકાસ માટે સદા યે સતત જાગૃત અને અગ્રેસર. મંડળની પ્રેક્ટીસ અને પૂજા માટે વિવિધ નવીન એકશન શીખવવાનો એમનો આગ્રહ રહે. અમારી બહેનોની પ્રગતિ અને હિત જેમના હૈયે હર-હંમેશ વસેલાં રહે છે એવા કંચનબહેને પ્રતિકૂળ સમયે અડીખમ અને સમતાધારી બનીને સૌને પોતાની સક્ષમતાનો પરિચય કરાવ્યો છે. એટલે જ પરમકૃપાળુ પરમાત્માને આદિજિન મહિલા મંડળ વતી પ્રાર્થીએ કે એમને સ્વસ્થ, ધર્મમય દીર્ઘાયુ બક્ષે. અમને સૌને એમના જેવા સેવાભાવી બનવાની શક્તિ, સત્કાર્યો કરવાની પ્રેરણા અને એમનું માર્ગદર્શન સતત મળતું રહે એ જ શુભભાવ સંગે,

**લતાબહેન આર. કાપડીઆ**
**શ્રી આદિજિન મહિલા મંડળ (વડોદરા)**



૧૯૮૩/૮૪ની એ વાત છે. વડોદરા પાસે નંદેસરી ઔદ્યોગિક વસાહતમાંથી અમારી ઈનરવ્હીલ કલબને એક વિનંતી આવી: આ ઉદ્યોગોમાં કાર્યાન્વિત કર્મચારીઓનાં બાળકો માટે બાળમંદિર ખોલવાની. તેથી અમે કારોબારીનાં સભ્યોએ તત્કાળ મિટિંગ બોલાવી. વડોદરાથી ૧૭/૧૮ કિલોમીટર દૂર આવ્યું આ નંદેસરી. આટલે દૂર આપણે કોઈ પ્રોજેક્ટ કેવી રીતે સફળતાપૂર્વક પૂર્ણ કરીશું તેની ચર્ચાઓનો અંત આવ્યો એક પ્રગલ્ભ સંન્નારીનાં રણકાંથી:

''તમે સૌ ચિંતામુકત થઈ જાઓ. એની મુખ્ય જવાબદારી મારી.
બસ, બધા સંમંતિ આપો અને કામે લાગી જાઓ.''

હા, એ શ્રદ્ધાભર્યો સ્વર હતો કંચનબહેનનો. એ પછી શ્રી સી.કે.મહેતા તથા શીવલાલભાઈને કારણે તે બાળમંદિર ખોલવા માટે અમોને એક કવાર્ટર પણ મળી ગયું અને ચારેક વર્ષ સુધી દર અઠવાડીયે અમો ચાર બહેનોને નંદેસરી જવા આવવા માટે 'દિપક નાઈટ્રાઈટ'ની સ્ટાફ બસમાં જગ્યા પણ! બાળકો ઉભરાવા લાગ્યા. માસુમ કિલકિલાટથી  બાળમંદિર મહેંકવા માંડયું. જેમ બાળકોની સંખ્યા વધી એમ શિક્ષકોની સંખ્યા અમોએ વધારવા માંડી.

આજથી ત્રણ વર્ષ પૂર્વે 'શિક્ષક દિન'નાં રોજ તે બાળમંદિરની ૩૦ વર્ષની સમાપ્તિએ અમોને આમંત્રણ મળ્યું ત્યાંની મુલાકાતે જવાનું. હવે મોટા મકાનોમાં બાર ધોરણ સુધીની એક સુંદર શાળા સુધીનો થયેલો તેનો વિકાસ જોઈને સૌનાં મન પ્રફૂલ્લિત બન્યાં... પણ તેનો પ્રથમ યશ જાય શ્રી કંચનબહેનને જ.

તેઓની સૌને મદદગાર થવાની ભાવના, લીડરશીપ અને મિલનસાર-આનંદી સ્વભાવથી તેઓએ શિક્ષણ ઉપરાંત અમારી સાથે આરોગ્ય, સમાજસેવા વગેરે અનેક ક્ષેત્રોનાં કાર્યમાં સહકાર આપ્યો. અંધશાળા અને બહેરા-મુંગાની શાળામાં જઈ ચેરીટી કરવાની પ્રેરણા પણ તેઓએ જ આપી, જે અત્યંત સંતોષ અર્પી ગઈ. આજે પણ એ દિવસો યાદ કરી જીવનમાં કર્તવ્યો પૂર્ણ કર્યાનો આનંદ માણી લઉં છું.

પ્રભુ તેઓને નિરામય તંદુરસ્તી અને સુદીર્ઘ આયુષ્ય આપે એ જ પ્રાર્થના.

**ભારતીબહેન દેસાઈ**
**(કંચનબહેનનાં સખી તથા ઈનરવ્હીલ કલબ-વડોદરાનાં પૂર્વ પ્રમુખશ્રી)**

હું મિસીસ દિપાલી મુખોપાધ્યાય. સન્ ૧૯૭૪ની આ વાત છે જ્યારે મારા બે નાનાં બાળકો તથા ૮૦ વર્ષનાં માતાજીને લઈને અમે અમારું વતન કલકત્તા છોડીને વડોદરા નિવાસ કરવા આવેલ. એ વખતે હું સાવ નાની વયની અને એકાએક નવા માહોલમાં આવી જવાથી ભયમિશ્રિત અજાણપણાંની લાગણી અનુભવતી. મહારાજા ગાયકવાડની રાજધાની વડોદરા આવ્યા ને સૌ પ્રથમ મળવાનું થયું માનનીય સ્વ.શીવલાલભાઈ તથા શ્રી કંચનબહેનને. તેમને મળતાવેંત જ જાણે મને મારી દીદી અને મોટાભાઈ મળી ગયા હોય તેવું લાગ્યું. તેઓનો આંતરિક સુંદર વ્યવહાર એટલો તો શાલીનતાપૂર્ણ હતો કે અમારા સંબંધીઓથી દૂર વસવા આવ્યાનો વસવસો એક જાદુની જેમ અદ્રશ્ય થઈ ગયો! શ્રી શીવલાલભાઈનાં વિષયમાં તો કહેવાની ના મારી શકિત છે કે ના તો મળે છે મને શબ્દો! તેઓનાં અનેક ગુણ, મહાનુભાવો સમી તેમની ધીર-સ્થિર બુદ્ધિ, અદ્ભૂત્ પરિચાલન શકિત ને માનવમાત્ર પરત્વેનાં પ્રેમ એ અમને મુગ્ધ કરેલ છે. શ્રી શીવલાલભાઈએ એકદા મને કહેલું: ‘‘દિપાદીદી, મુખોપાધ્યાય સાહેબ તો ફેક્ટરીનાં વિભિન્ન કાર્યોમાં વ્યસ્ત રહેતા હોય છે. તો કાંઈ પણ તકલીફ હોય ત્યારે સંકોચ વગર તમારા આ મોટાભાઈને યાદ કરજો.’’

તે દંપતિ અમારી માતાને ‘મા’ કહેતાં અને તેઓનાં બાળકો નીલુ, પીયૂષ, ભારતી તથા ભાવના સંબોધે તેઓને ‘દાદીમા’ તરીકે. અમોને પ્રેમથી બોલાવે ત્યારે આખા પરિવાર તરફથી મળતું આપણાપણું અને સદ્ભાવ તેઓનાં વ્યવહારમાં સુપેરે પ્રગટ થતો અમે જોઈ શકતા. આવી સુંદર સંસ્કૃતિ ફક્ત શીખવવાથી આવતી હોતી નથી, એ તો લોહીમાં ઉતરી આવેલ વારસાઈ ગુણ કહેવાય છે. તેને જોઈને હું અને મારો સમસ્ત પરિવાર નિ:શબ્દ બનીએ છીએ.

પરમકૃપાળુ કરૂણાવાન ઈશ્વરનો હું અસંખ્ય વાર આભાર માનું છું કે આ પરિવાર પાસેથી જે પ્રેમ, સ્નેહ અને પ્યાર અમે પામ્યાં છીએ તેમાં તેમની જ કૃપા છે. તેઓ જેટલી વાર તીર્થયાત્રાએ જવાનાં હોય, અમને સાદર નિમંત્રણ આપે શ્રી શીવલાલભાઈ. એ રીતે અમે ક્યારેક જૈન યાત્રાનાં સ્થળે ગયાં પણ છીએ. જે અમે ક્યારેય ભૂલી ન શકીએ!

સુપ્રતિષ્ઠા પામેલા શીવલાલભાઈ માટે એક વધુ વાત કહ્યા વગર હું રહી ન શકું: ફેક્ટરીમાં નાનાં-મોટાં દરેક ૭૦૦ કર્મચારીઓ પ્રત્યે તેઓનો વ્યવહાર એકસરખો. કારખાનાનો નાનો મજદૂર હોય, ડ્રાઈવર-પ્લમ્બર-મિસ્ત્રી કે કારીગર હોય - તેઓ દરેક શીવલાલભાઈ પાસેથી એકસરખો જ આદર પામે. આ એક ખૂબ જ મોટો ગુણ છે અને તે ગુણ એને જ પ્રાપ્ત થઈ શકે જે ઈશ્વરથી ખૂબ નજીક હોય, દાનવીર અને પવિત્ર આત્મા હોય!

આવા અદ્‌ભૂત સુંદર સદ્‌ગુણોની સાથે તેઓને તો ઈશ્વરનાં ચરણોમાં જ સ્થાન મળી ગયું છે તેમ માની તેઓનાં આત્માને હું અનંત શ્રદ્ધાભક્તિથી વિનમ્ર પ્રણામ કરું છું. આ તકે જેને કારણે મને આ પરિવાર સાથે પરિચય થયો તેનાં નિમિત્તરૂપ મારાં સ્વર્ગીય પતિ શ્રી શાંતિમય મુખોપાધ્યાયનાં આત્માને પણ અનંત શ્રદ્ધાપૂર્ણ વંદન કરું છું.

**તમારી એક બંગાળી બહેન દિપાલી મુખોપાધ્યાય (વડોદરા)**
**(દિપક નાઈટ્રાઈટનાં પૂર્વ પ્રોડકશન મેનેજરનાં અર્ધાંગિની)**

સન્ ૧૯૭૨માં અમે કલકત્તાથી આવીને જ્યારે વડોદરાની 'દિપક નાઈટ્રાઈટ'માં કાર્ય કરવા જોડાયા ત્યારે અમે હતાં જાણે કે 'એલીસ ઈન વન્ડરલૅન્ડ'માં. ન અહીંની ભાષા આવડે - ન અહીંની ખાવા-પીવાની ઢબથી અમે પરિચિત. ગુજરાતી લોકો કેવા હશે તેનાં વિસ્મય સાથે સૌ પહેલાં જ મળી હું શ્રી કંચનબહેનને. શરૂઆતમાં તેઓ રોજેરોજ મને મળવા કુંજ સોસાયટીનાં ગેસ્ટ હાઉસમાં આવે

અને પૂછેઃ ''દીદી, કાંઈ તકલીફ તો નથી ને?'' તેઓએ અમને આ પારકા પરદેશ જેવા ગુજરાત અને ગુજરાતીઓ વચ્ચે વસવા એટલી બધી મદદ કરી કે ન પૂછો વાત!

અમને આવ્યાંને બે વર્ષ જેવો ગાળો પસાર થયો હશે ને એકવાર હું સખત માંદી પડી. તે વખતે શ્રી કાંતાબહેન પણ મુંબઈથી વડોદરા આવેલા. સવારે ૧૦:૩૦ થયા હશે અને કાંતાબહેન તથા કંચનબહેન તો આવી પહોંચ્યા મારા ઘરે. જોયું તો સાથે રાબ અને કાવો અને બીજું કંઈ-કેટલુંયે! હું તો ત્યારે મારા પૂજ્ય સાસુજીની નીચે હજુ ઘડાતી હતી. મને હજુ કાંઈ જ આવડતું નહીં ત્યારે. તેથી તેઓ આવ્યા અને મને જે-જે ગરમ પીવડાવ્યું તેનાથી મને લાગ્યું જાણે મારા મા આવ્યા અને મને સાજી કરી દીધી!

થોડા વધુ વર્ષ વ્યતીત થયાં અને અમારાં મૂળિયાં વડોદરામાં બરાબર જામી ગયા. બાળકોનાં દોસ્તો અને અમારા પડોશી બધા જ ગુજરાતી. દરેક સાથેનો અમારો નાતો ખૂબ મૈત્રીપૂર્ણ રહ્યો. આ જોઈ એકવાર શીવલાલભાઈએ મારાં પતિને કહ્યું કેઃ ''મિ.દાસગુપ્તા, આપ હવે વડોદરામાં જમીન ખરીદી લો અને તેની ઉપર ધીમે-ધીમે ઘરનું મકાન બાંધી લો.'' અમે તો એ વાત વિચારી પણ ન હતી. પરંતુ તેઓની જ મદદને કારણે આજે વડોદરાનાં અમારા પોતાનાં ઘરમાં ખૂબ ખુશીથી અને સુખેથી અમે રહીએ છીએ. અમે તો હવે 'ડોમીસાઈલ ગુજરાતી' થઈ ગયા છીએ. અમે ગુજરાતનાં જેટલાં ઋણી છીએ તેટલા જ શ્રી શીવલાલભાઈનાં પણ ઋણી છીએ. હવે કલકત્તા પાછા ફરવાની કલ્પના પણ ન કરી શકીએ. તેઓ કેટલાં નિરાભિમાની અને સૌનાં ખરા માર્ગદર્શક મિત્ર હતા! અને કંચનબહેન તો આજે પણ એટલાં જ સહાયક અને ઉત્સાહપૂર્ણ છે જેવા તેમને પહેલી વાર મળેલી ત્યારે જોયેલાં. પ્રભુ તેમને સ્વસ્થતાપૂર્વકનું દીર્ઘાયુષ્ય આપે.

**મંદિરાબહેન દાસગુપ્તા (વડોદરા)**
**(દિપક નાઈટ્રાઈટનાં પ્રથમ વર્ક્સ મેનેજરનાં અર્ધાંગિની)**

પરમ પૂજ્ય વડીલ કંચનફૈબાને જ્યારે જોઈએ ત્યારે 'શતાયુ ભવ'નાં આશીર્વાદ કદાચ આવી વ્યક્તિઓ માટે જ બોલાયા હશે એવું લાગે. કારણ એક જ... ૨૪×૭ એમના મુખ ઉપરનું સુંદર હાસ્ય.

ક્યારેય પણ તેમને એક સેનાની જેવા અણનમ-અડગ-શિસ્તબદ્ધ જીવન જીવનાર વ્યક્તિ તરીકે આપણે બિરદાવી શકીએ, છતાં પણ એક વાત્સલ્યસભર માની ગોદ પણ તમને સાંપડે તેમની પાસે. ક્યારેક 'નાના' તો ક્યારેક 'મોટા'. બધી જ જવાબદારીઓ દિલથી નિભાવી જાણે. ધર્મમાં સ્થિર, કુટુંબમાં આગેવાન, સમાજમાં અગ્રણી અને પિયરમાં લાડકા એવા ફૈબાને આપણે ઘણું સ્વસ્થ, સમૃદ્ધ, દીર્ઘાયુ ઈચ્છીએ. તેમને બધા સાથે પ્રસંગોચિત નાચતાં-આનંદ કરતાં-કરાવતાં જોવા એ પણ જીવનનો એક લહાવો છે. તેમની શિસ્ત, સમતા, પરોપકારવૃત્તિ વગેરે ગુણો આપણામાં આવે એવું ઈચ્છીએ. તેમને વધુ આનંદદાયી જીવનની શુભ કામના અને ઈશ્વરને પ્રાર્થના... અંતરથી.

**હર્ષિદાબહેન ભરતભાઈ મહેતા**
**(કંચનબહેનનાં મોટાભાઈ રમણીકભાઈ તથા વસંતભાભીનાં બડે પુત્રવધુ)**

મારા જીવનમાં મને બે મા મળી. એક એ જન્મ આપ્યો અને સંસ્કાર સીંચ્યા તો બીજી મા એટલે મામી. મા એટલે મા અને મી એટલે મને જે આપ્યું તે. જે હું આજે છું, તે તેમનાથી છું. મા-મી એટલે બીજી મા. ઘડતરમાં તેમનું કામ એક શિલ્પકાર સમું. એક પથ્થરમાંથી સુંદર કલાકૃતિનું જેમ સર્જન કરે તેમ મારા મામીએ પણ અમારું સુંદર શિલ્પ બનાવ્યું જે તેમનો ઉપકાર હું આ જીવનભર ભૂલી શકું નહીં. તેમના વિષે જો લખવા બેસું તો એક પુસ્તક બની જાય પણ આ કાર્ય સુંદર રીતે ભારતીબેનને સોંપુ છું.

**હસુબહેન પ્રતાપરાય શાહ**
**(કંચનબહેનનાં નણંદલજી અનોપબહેન કાન્તીલાલ સલોતનાં સુતનયા)**

બાળપણની સ્મૃતિમાં અકબંધ રહેલાં કંચન ફૈબાને યાદ કરું તો પોતાની ચમકતી આંખોમાં કોઈ ઉત્તેજક યોજના બનાવનાર જીવનથી ભરપૂર સન્નારી તરીકેની જ એક તસ્વીર ઉભરે!

તીર્થયાત્રાઓ દરમ્યાન તેમણે કરેલી ત્યાંનાં ઈતિહાસની વાતો તો સંપૂર્ણપણે અમને વશ કરી લે અને ત્યાંના ચમત્કારોની વાતો સાંભળીને તો હું મુગ્ધ બનું. તેઓ વડોદરા શીફ્ટ થયા પછી અમે મજાથી પરિપૂર્ણ વેકેશન ગાળવા ત્યાં જઈએ ત્યારે અમને કમાટીબાગની ઈડલી ખવડાવવા જરૂર લઈ જાય.

તેમનાં નાનાભાઈ અને મારા ડેડી વિશેની નાનપણની મસ્તીભરી વાતો સાંભળ વા હું સદા યે થનગનું. ફૈબા માટે તેઓ હીરો. તે નાનો ભાઈ કઈ રીતે વીંછીને હાથમાં પકડીને ડરાવે... થી માંડી...ને કઈ રીતે કરાંચીથી આવતા ફૂવાનાં પત્રો તેઓ ચોરી લે કે છૂપાવીને તેમને હેરાન કરે તેની વાતો સાંભળવી તે પણ લ્હાવો જ જાણે!

મોટા થયાં પછી સમજણપૂર્વકનું આશ્ચર્ય અનુભવતો કે કઈ રીતે જીવનરસથી છલછલ થતાં આ કંચનફૈબા જુસ્સાદાર અને તીવ્ર સિદ્ધાંતમય ફૂવા તથા ડેડી જેવા બે વ્યક્તિત્વોની વચ્ચે જીવન જીવતાં ખીલતાં રહ્યાં હશે? આ એક જ વસ્તુ તેઓની અંદર રહેલ એ અગાધ ને વિરલ શકિત માપવા પર્યાપ્ત થઈ શકે!

**શૈલેષભાઈ ચીમનભાઈ મહેતા (પૂના)**
**(કંચનબહેનનાં અનુજ ભૈયાનાં વહાલાં નાના સુપુત્ર)**

એ દિવસે મમ્મી કાંતાબેન અને કંચનફૈબાએ મારી ટીખળ કરવા ટીમ બનાવી અને મને ક્ષણાર્ધ માટે ડરાવી જ મૂકી! ઘરમાં નવી જ પરણીને આવેલી એવી હું મમ્મીજી તથા ફૈબાને કંઈક કામમાં મદદ કરાવતી હતી અને ફૈબા એકાએક બોલ્યાં: ‘‘ઈલા, તમારા પપ્પાને કાપડ કોર્ટમાં લઈ જવાયા

છે.'' બંને વડીલોનાં મુખ ઉપરનાં ગંભીર ભાવો મારી સમજશક્તિને ઉલ્લંઘીને ભય પમાડી ગયાં! શું ખરેખર કાંઈ ખોટું થયેલું છે? શા માટે મારા પપ્પાને કોર્ટમાં લઈ જવામાં આવે? કોઈ કાયદાકીય ગૂંચ? આવું બધું વિચારતાં મારી આંખો ભીની થવા માંડી. ઝળઝળિયાં હજુ આંસુ બને તે પૂર્વે જ આ નણંદ-ભાભીની જોડીએ તો ખડખડાટ હસવા માંડ્યું અને એકબીજાને તાળી દેતાં બોલ્યાં: ''ગુજરાતીમાં 'કાપડ કોટ' એટલે એક જાતનો લોંગ કોટ.'' અને લ્યો, મારા જેવી આધુનિક યુવતીને તો કંઈ કેટલાંયે અશુભ વિચારો આવી ગયેલા! મારે એ સમયે હસવું કે રડવું તે જ ન સમજાયું!

હા, તો એ હતો ફૈબા - ધ પ્રેન્કસ્ટર સાથેનો મારો પ્રથમ પરિચય! ત્યારથી તેઓની 'હીરોવરશીપ' સૉરી... અહીં હિરોઈનવરશીપ માટે મને ખૂબ જ માન છે!

## ઈલાબહેન દિપકભાઈ મહેતા (વડોદરા-પૂના)
## (કંચનબહેનનાં પ્રિય નાના ચીમનભાઈનાં વરિષ્ઠ સુપુત્રવધુ)

શીવલાલ ફૂવા દેખાય હંમેશા કડક અને તેથી જ કવચિત્ અમે તેઓ સાથે આદરણીય સ્વરમાં જ વાતચીત કરીએ. તેઓની અંતિમ માંદગીનાં સમયમાં અમારા ઘરે જે રૂમમાં તેઓ રહેતાં તેને અડીને જ હતો અમારો રૂમ. ત્યારે અમારી દિકરી કરિશ્મા સવા વર્ષની, જે વારેવારે દોડીને જતી રહે ફૂવાનાં જ રૂમમાં. તેણીને જોઈ ફૂવાની પ્રેમાળતા ખીલે. હકીકતે તેનાં સૌ પ્રથમ બોલવાનાં શીખેલા થોડા શબ્દોનાં લીસ્ટમાં 'ફૂવા' શબ્દ પણ હતો.

મને આજે ય યાદ આવે છે: થોડી-થોડી જ હોય તેઓની રસોઈ - જેની ઉપર લાલ-લીલા મરચાંનો તમતમતો વઘાર થયો હોય. તેઓ જમી રહે પછી એટલામાં થી યે વધેલાં શાક, દાળ અને મરચાનું અથાણું હું ખૂબ જ સ્વાદપૂર્ણ રીતે

માણું! મારા મમ્મી કરાંચીનાં તે વાતની તેઓને જાણ. તેથી ફૂવા અવારનવાર કરાંચીની વાતો મારી સામે ખોલે.

કંચનફૈબા એટલે મારા આજ સુધીનાં જોયેલામાંથી શ્રેષ્ઠ સમર્પિત અર્ધાંગિની.

તેઓ ફૂવાનાં નામની જાપમાળા જ કરતાં દેખાય રાત-દિન. ફૂવાનાં નાદુરસ્તીનાં કાળમાં ફૈબાએ તેઓની અપ્રતિમ સેવા કરી. દુ:ખાવા અને લાચારીને કારણે ફૂવા ક્યારેક અકળાઈ જાય, પરંતુ ફૈબા તો સમતાથી પોતાનું કાર્ય કર્યા કરતાં જ દેખાય. પરિવારનાં ધાર્મિક કે સામાજિક દરેક આનંદ અવસરોમાં ફૈબા હંમેશા નાચતાં-ગાતાં જ દેખાતા હોય.

**કવિતાબહેન અજયભાઈ મહેતા (પૂના)**
**(કંચનબહેનનાં લાડીલા ચીમનભાઈનાં મજલા સુપુત્રવધુ)**

કંચનફૈબા સંગેનાં મારા પ્રિય સંભારણામાં મને આબેહૂબ યાદ આવે છે એક દ્રશ્ય: મારા લગ્નનો એ દિવસ હતો. હું હતી થોડી નર્વસ અને વળી સ્હેજ ડરેલી! નવા વાતાવરણમાં કઈ રીતે ગોઠવાઈશ તેની મુંઝવણ પણ હતી.

એવા સમયે લગ્ન કરીને જ્યારે અમે ઘરે પહોંચ્યા ત્યારે ઘરનાં મંગલ દ્વારે પોંખવાનાં સમયે કંચનફૈબાએ ખંજરી નૃત્ય કરીને મને ઘરમાં આવકારી, જેમાં હતા અસીમ પ્રેમ અને વળી લાગણી! બસ, આ ક્ષણે જ મને હું મહેતા પરિવારની જ એક સભ્ય હોઊં તેવું પ્રતીત કરાવ્યું. સાદર વંદનો.

**પારૂલબહેન શૈલેષભાઈ મહેતા (પૂના)**
**(કંચનબહેનનાં વહાલા ચીમનભાઈનાં સૌથી નાના સંનિષ્ઠ સુપુત્રવધુ)**



પરમ પૂજ્ય, આદરણીય, માનનીય, અમ કુટુંબછત્રશીરોમણી, કામધેનુ, કલ્પતરુ સમ  કંચન મા એટલે કોણ?

હરકુંવરબેન પરિવારનું અણમોલ ઘરેણું... શિસ્ત, જવાબદારી, કાયદાની પાઠશાળા... સમયની સાથે નહીં પણ સમય કરતાં પહેલા પહોંચવાનો નિર્ધાર... નીલુ, ભારતી, ભાવના ને પીયૂષનું માતૃતીર્થ... વિચાર જેના મોટા... આચાર જેના મોટા... પરિવારની ઝાંસીની રાની... સુતાને જગાડે, જાગેલાને દોડાવે, દોડતાને સમજાવે, સમજેલાને શીખવાડે અને શીખેલાને પમાડે એવા પ્રેરક બોલ... જોમ, જુસ્સો, સાહસ, મક્કમ મનોબળ, નીડર, વ્યવહારકુશળ ને લાગણીઓનો સંપુટ... શીવબાપુજી પરિવારનું એકસુત્ર આંદોલન... સુવર્ણ જેની સામે ઝાખું પડે એવા ગુણોનો ચળકાટ... જેના પગલે પરિવારમાં રોનક... દિયરોનાં દિલમાં આસ્થા, દેરાણીના દિલમાં લાગણી, સંતાનોનાં દિલમાં પ્રેમ અને જમાઈઓ અને વહુનાં દિલમાં અનરાધાર અમીધારાનો સ્ત્રોત વહે... એટલે કંચન મા.

નાળીયેરી જેવા બહારથી કડક અને અંદરથી કોમળ અને ઋજુ સ્વભાવની ધરોહર... જીવનની ઢળતી સંધ્યાએ પણ સ્નેહ, સાહસ, ક્ષમતા, સહનશક્તિ ને સહિષ્ણુતાની અખંડ સપ્તપદી એટલે કંચન મા. ઈન્દુલાલ, પ્રેમાલાલ અને બકુલાની હીટલર ટ્રેનીંગ એટલે કંચન મા. જીવનની દરેક પરિસ્થિતીમાં પણ સદાય હસતાં રહીને આગળ વધવાનું ધ્યેય આપતું મક્કમ મનોબળ એટલે કંચન મા. હિંમત, ચંપક, સત્ય અને ભરતની પરખ જેનામાં એટલે કંચન મા. ૮૫ વર્ષે પણ ૨૫ વર્ષનો તરવરાટ દેખાડતું જ્વલંત ઉદાહરણ એટલે કંચન મા. નાસીપાસની પ્રેરણા, ભાંગ્યાના ભેરુ અને હતાશાની આશા... એટલે કંચન મા. ‘આવ્યો મારા દિકરા... નિમેષ, તેં તો ગાવામાં અને ભાવ જગાવવામાં રંગ રાખ્યો...’ કહી જે બોલાવે અને હેતના હીંડોળે ઝુલાવે. સદાય અમૃતરસનું પાન કરાવે અને સાચી રીતે જીવન જીવવાનો મર્મ સમજાવે... એટલે કંચન મા.

હે મા... આપના ગુણાનુવાદ કરવાની મારી કિસ્મત પણ નથી અને

શબ્દો પણ નથી... પણ આપનું જીવન, આચરણ, પ્રતિભા, ગુણવૈભવ, દીર્ઘદ્રષ્ટિ, સમયસુચકતા, મક્કમ મનોબળ, સદાચાર અને લાગણીઓના કુંભકળશ અમારા જીવનપથનાં રાહબર બની અંતરમાં જ્ઞાન અને પ્રેમનાં અખંડ દીવા પ્રગટાવે બસ એ જ અભ્યર્થના સાથે આ ભાવાંજલી માતૃવંદનાનાં મંગલ પ્રસંગે આપના ચરણે સમર્પણ.

**કુમાર-છાયા-નિમેષ-કાજલ-ઉમંગ-હેત-દીયા-સ્નેહા**
**(કંચનબહેનનાં સસ્નેહી દિયર શાંતીલાલ તથા પ્રેમિલાનો સુસંવાદિત પરિવાર)**

ઓળી ઝોળી પીપળપાન, ફઈએ પાડ્યું સુંદર નામ. જે નામથી માનવી આખી જિંદગી ઓળખાય છે તેનો હક્કદાર ફક્ત એક જ વ્યક્તિ છે તે ફૈબા! અમારા ફૈબાએ અમારી પાંચે બહેનોનાં કેવા સુંદર નામો ગોતી ગોતીને પાડ્યાં છે.

આજે જ્યારે કંચનફૈબા માટે કંઈક લખવાનું મન થાય છે ત્યારે નજર સમક્ષ આવે છે એ જ મલાડનું ઘર, સંયુક્ત કુટુંબ કે જ્યાં સૌ હળીમળીને સાથે રહેતા.

કોઈના પણ મહેમાન એક વાર આવે તેને ફરી ફરી આવવાનું મન થયા જ કરે તેવું ઘર. વેકેશન પડે એટલે પ્રથમ મસ્જિદ બંદરનું મોટા ફૈબાનું ઘર અને પછી મલાડ જવા મન દોડવા લાગે, કારણ ત્યાં તમને પ્રેમ અને લાગણી ભરપૂર મળે. તેઓ જે રીતે નાનપણમાં મારા બે ચોટલા વાળે તે મને ખૂબ ગમે અને જે મધુર અવાજે હાલરડા ગાઈને સુવડાવે તે હજુ પણ કાનમાં સંભળાય છે.

આ બધા નાનપણનાં સંભારણા સાથે મોટા થયાં ત્યારે કંચનફૈબા મલાડથી માટુંગા આવી ગયાં. પ્રેમમાં વૃદ્ધિ જ થતી ગઈ. મારાં લગ્નનાં પ્રસંગમાં કંચનફૈબાનાં જે સૌભાગ્યનાં આશીર્વાદ મળી ગયા છે તે આજે પણ સફળ રહ્યાં છે. આશીર્વાદમાં કેટલી બધી તાકાત હોય છે જ.

આજે પણ વડોદરા જઈએ તો કંચનફૈબાના ઘરે જઈને પછી જ મુંબઈ તરફનું પ્રયાણ હોય અગર ન મળાયું હોય તો વસવસો રહી જાય.

## સરોજબહેન હરેનકુમાર મહેતા
## (કંચનબહેનનાં રમણીકભાઈ તથા વસંતભાભીનાં સાલસ સુપુત્રી)

હંમેશની માટે હસમુખો ખુશખુશાલ ચહેરો, પ્રેમાળ અને શાંત સ્વભાવ, ચહેરા ઉપર ગુસ્સાનું નામનિશાન નથી. બધાની સાથે હળીમળી જાય એવો કંચનફૈબાનો સ્વભાવ છે. શીવલાલ ફૂવાનો સ્વભાવ એકદમ કડક અને કંચન ફૈબાનો સ્વભાવ એકદમ શાંત.

વડોદરા પહેલા કંચનફૈબા માટુંગા રહેતા હતા. રક્ષાબંધન આવે ત્યારે સૌથી પહેલી રાખડી કંચન ફૈબા બાપુજીને આવીને બાંધી જાય અને વડોદરા ગયા પછી પણ પોસ્ટમેન પહેલા રાખડી આપી જાય અને રક્ષાબંધનને દિવસે હું બાપુજીને બાંધી દઉં પછી જ મારા ભાઈઓને બાંધુ. અમે બધી બેનોનાં વારા. આજે પણ યાદ કરું છું કે બંને ફૈબા આવે તો પહેલા માથામાં તેલ નાંખી સરસ મજાનું માથું ઓળી દે. કંચન ફૈબાનો અવાજ પણ એટલો મીઠો ને કે કંઈક ગીત કે સ્તવન ગાવાનાં હોય તો સૌ પ્રથમ ફૈબાને જ કહીએ.

## જાગૃતિબહેન અતુલકુમાર શાહ
## (કંચનબહેનનાં રમણીકભાઈ તથા વસંતભાભીનાં નાના મજાનાં દિકરી)

પરમ પૂજ્ય આદરણીય કંચનકાકીનાં અનેકવિધ ગુણોનું વર્ણન શબ્દોમાં તો કંડારી શકાય એમ જ નથી પણ તેમના લાગણીશીલ મળતાવડા સ્વભાવ વિશે તો મારે કહ્યે જ છૂટકો.

તેમનો સાલસ અને સહજ મળતાવડો સ્વભાવ દરેક પરિવારજનોને સ્પર્શે તેવો છે. મને યાદ છે કે પરમ પૂજ્ય કંચનકાકી માટુંગા શીફ્ટ થવાનાં હતા ત્યારે મારા મમ્મી ઈન્દુમતીબેનને એમનાથી છુટો પડવાનો વિયોગ સહન ન થયો કે તેમને શ્વાસ થઈ ગયો હતો. પોતાનાં બેનથી પણ વિશેષ એવા જેઠાણી તેમનાથી દૂર થઈ જશે તે વિચારમાત્ર જ થાય તેમ ન હતો. આ જ બતાવે છે કે કંચનકાકીએ કેટલા પ્રેમથી તેમનાં દેરાણી ઈન્દુબેનને તરબોળ કર્યા હશે. તે ફક્ત અને ફક્ત પૂજ્ય કાકીનો ઉદાર, પ્રેમાળ અને નિખાલસ સ્વભાવ જ હતો, જેમણે એક પ્રેમની દોરીથી બહેનોથી વિશેષ એવા તેમનાં સંબંધને જોડી રાખ્યા હતા.

પૂજ્ય કાકી મારા દિવંગત મમ્મી સાથે ફક્ત પ્રેમભાવે નહીં, પરંતુ વ્યવહારે પણ તેઓ અન્યોન્ય સાથે જોડાયેલા હતાં. સરખી જ સાડી, સરખા દાગીના, સાથે રહેવું, સાથે જ જમવું, સાથે જ આવવું-જવું તે દેરાણી-જેઠાણીનો નહીં પણ બહેનોનો જ પ્રેમ છે તેવું કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી. પૂજ્ય કાકીને ૬ દીકરીઓ છે કે પૂજ્ય ઈન્દુબેનને ૬ દીકરીઓ છે તે કહેવું મુશ્કેલ હતું. હા, પણ એમ જરૂર કહીશ કે અમને ૬ બહેનોને બે-બે માતાનો પ્રેમ ચોક્કસ મળ્યો છે.

આવી અનેકવિધ યાદો અને તેમનો ગુણાનુવાદ રૂબરૂમાં જરૂર વાગોળીશું.

**રાજુલબહેન અતુલકુમાર શાહ**
**(કંચનબહેનનાં દેરાણી ઈન્દુમતી હિંમતલાલની મજાની મજલી દિકરી)**

શીઃ શિસ્તબદ્ધ શિરોમણી તાજ ધરાવતા પોતાના નામને સાર્થક કરતા
વઃ વજ્ર જેવા મજબૂત અને ફૂલ જેવું કોમળ હૃદય ધરાવતા
લાઃ લાખોમાં એક અને નીલમણીનું પીયૂષ સૌને પીવરાવતા
લઃ લખલૂટ આનંદ ને પ્રેમભાવનામાં કંચનને ડૂબાડી ભાગ્યભારતીનું લેખન કરાવતા

આપણા સૌના લાડીલા મંગલકારી શીવલાલભાઈની યાદ-સુવાસ આપણા સહુનાં દિલમાં રહે એ જ શુભેચ્છા.

કં: કંટક નિજમાં રાખી ફૂલની સુવાસ ફેલાવી પારદર્શક જીવનને સાર્થક બનાવતા
ચ: ચંદનની શીતળતા પામવા શીવમાં સમાઈ જતા
ન: નતમસ્તક વંદન કરીએ શિવ-કંચનની જોડીને.

મા તુજે સલામ.

## ભારતીબહેન રમેશભાઈ મહેતા
## (કંચનબહેનનાં માસીનાં દિકરા હિંમતભાઈનાં કવિયત્રી બડે સુપુત્રવધુ)

આજે થોડીક વાત કંચનદાદી વિશે કહેવી છે.

કંચન એટલે સોનું. કંચનદાદી પણ અમારા પરિવારનાં અણમોલ રત્ન છે. કંચનદાદી એટલે સમતા અને વહાલનો દરિયો. પરિવારને સાથે રાખવાનું પ્રેરક બળ. દૃઢ મનોરથ. આપણા પરિવારનાં પૂજ્ય હરકોરબાએ એક સુંદર વૃક્ષ વાવ્યું હતું તે વૃક્ષનાં આધારસ્તંભ અત્યારે કંચનદાદી છે.

વડોદરામાં પરિવાર મિલન યોજાય ત્યારે સૌથી વધારે ઉત્સાહ કંચનદાદીનો જ હોય. પરિવારનાં દરેક બાળકો પોતાના તરફથી કોઈ પણ ગીત, સ્તુતિ, પ્રાર્થના રજુ કરે ત્યારે દાદી શાંતિથી સાંભળે, ઘણી પ્રશંસા કરે તથા અમને પાનો ચડાવે. દાદી પોતાનાં તરફથી ભક્તિ પણ રજુ કરે ત્યારે એટલા બધા ભક્તિમાં તરબોળ થાય કે તે માટે દાદી માટે એક શબ્દ વાપરી શકાય ‘incredible’. અમે ઘણીવાર વિચારીએ કે મોટા થઈશું ત્યારે અમારા આ આદર્શો મુજબ શું જીવન અર્થપૂર્ણ રીતે જીવવા કોઈને પ્રેરણા આપી શકીશું ખરા?

## અમી-નિકેત-પૂજા-હેમાંશી-રત્નાંગ-ક્રીશા-તનીશા-સમકીત-કૃતિ-રાજવી (કંચનબહેનનાં જેઠજીનાં પુત્રરત્નો શરદ-મહેશ-રૂપલ-ધનંજયના સૂર-સંવાદિત સંતાનરત્નો)

પૂજ્ય કંચનફૈબાનાં સ્નેહ સંભારણાઃ (૧૯૭૧-૧૯૭૬)
મારે એન્જિનીયરીંગ કોલેજમાં વડોદરા ખાતે ૫ વર્ષ રહેવાનું થયું તે દરમ્યાન કંચન ફૈબાએ મારી મમ્મીની ખોટ પૂરી કરી. ફૈબાનું આખું કુટુંબ એ મારે માટે મારું પોતાનું કુટુંબ હતું. નાની ઉંમરે બહારગામ રહેવાનો પ્રસંગ આવે ત્યારે આવી હૂંફથી ભરપૂર કુટુંબ મળવાથી મને ઘરની ખોટ લાગતી ન હતી. કંચન ફૈબા, શીવલાલ ફૂવા, ત્રણે બહેનો અને પીયૂષ બધાએ મને ઘરની વ્યક્તિ તરીકે ખૂબ પ્રેમ આપ્યો.

મને યાદ છે કે પર્યુષણ દરમ્યાન ધર્મની પ્રવૃત્તિ કરવા તેઓ તરફથી મને ખૂબ સહાય અને પ્રોત્સાહન મળતાં. પર્યુષણમાં અમે સહુએ ભેગા એક દિવસનો પૌષધ પણ કર્યો હતો. આ સહુ ફૈબાની પ્રેરણાને કારણે શક્ય થયું હતું.

પૂજ્ય કંચનફૈબાનાં સ્નેહ સંભારણા: (૧૯૮૩-૧૯૮૬)
લગ્ન પછી જ્યારે મેં વડોદરામાં ફેક્ટરી કરી ત્યારે હું અને ચારૂ વડોદરા રહેવા ગયા હતાં. અમારૂં રહેવાનું ગૌતમનગર સોસાયટીમાં હતું. ફૈબાને અમને ૧૦-૧૨ દિવસે મળવાનું મન થાય એટલે તેઓ સવારનાં પહોરમાં ગૌતમનગરનાં દેરાસર પૂજા-સેવા કરવા આવે અને અમને મળવા માટે બે માળ દાદર ચડીને ઉપર આવે. તેઓએ અમારી ખૂબ દેખરેખ રાખી હતી. ચારૂ સાથે પણ તેને ખુબ જ આત્મિયતા. તેમનો મળતાવડો અને પ્રેમાળ સ્વભાવ કદી પણ વિસરાય એમ નથી.

પૂજ્ય કંચનફૈબાનાં ૮૫ વર્ષ સમાપ્તિ અવસરે અમારા ખૂબ-ખૂબ

અભિનંદન અને પ્રભુ પાસે પ્રાર્થના છે કે એમણે કરેલી સર્વ ધર્મ પ્રવૃત્તિઓનું એમને આત્માર્થે ફળ પ્રાપ્ત થાય.

**કીર્તિભાઈ અને ચારૂબહેન મહેતા (મુંબઈ)**
**(કંચનબહેનનાં શ્રી ભાઈચંદકાકાનાં પૌત્ર ને હરસુખભાઈ તથા નિર્મળાભાભીનાં વંશજ)**

પૂજ્ય મામી એટલે માનો દરજ્જો. મારા કંચનમામી એટલે સર્વસ્વ. મારા મામીએ મને કેમ જીવવું, કોની સાથે કેમ બોલવું, બીજાને પોતાના કેમ કરી લેવા તે તથા રસોઈ કેમ બનાવવી, કેટલા માણસની, કોની માટે, કેટલી માત્રામાં બનાવવી વગેરે શીખવાડ્યું.

મારા મામાને તેમણે ખુબ સાચવ્યા છે. તેમની પાસે શીખવાનું ઘણું જ છે. હા તે કડક છે પણ સાચા છે. તેઓ પાસે ક્યારે-કેવા-કેમ કપડા પહેરવા તે સર્વ આવડત છે. વડીલોની આજ્ઞા કેમ પાળવી તે બધું જ તેમની પાસે શીખી છું. મારા મમ્મી-પપ્પા તેમના ખાસ મિત્ર અને સખા હતાં. મારા પપ્પાને પણ તેમણે ખુબ જ સાચવ્યા હતા. મારો દિકરો આશીષ નાનો હતો ત્યારે તેની પાસે આઠ દિવસ રહી છું. બસ પછી રહેવાનો વારો આવ્યો નથી. મામીની શીખામણ આજ પણ યાદ રાખું છું. તેમની લાડકી ભાણેજ બનીને શું હું અન્યો માટે પ્રેરણારૂપ વિચારો અને કાર્યો કરીને તેઓની અપેક્ષા મુજબનું જીવન જીવું છું ખરી તેવું ચિંતન ક્યારેક એકલતામાં ઝબકી જાય છે.

**ભારતીબહેન કિર્તીકુમાર શાહ**
**(કંચનબહેનનાં નણંદલજી અનોપબહેન કાન્તીલાલ સલોતનાં સુતનયા)**



‘કંચનફૈબા’ નામ બોલાતાં જ એક ધીર-ગંભીર, પ્રેમાળ, લાગણીશીલ, કર્તવ્યનિષ્ઠ, ધર્મિષ્ઠ વાત્સલ્યમૂર્તિસ્ત્ર અને મા-સમાન ફૈબાનો ચહેરો નજર સન્મુખ આવી જાય છે. તેઓ નામ જેવા જ ગુણો ધરાવે. ‘કંચન’ એટલે સો ટચના સોના જેવા.

સીધું-સાદું-કપટરહિત-ધર્મિષ્ઠ જીવન જીવનારા. દરેક પરિસ્થિતિનો હસતે મુખે સ્વીકાર કરી ઉત્કૃષ્ટ કોટીનું જીવન જીવનારા... જીવનમાં આપણે જ્યારે અટકીએ ત્યારે સાચી સમજણ આપીને સાચા માર્ગે પ્રોત્સાહિત કરનારા માર્ગદર્શક.

આજે જ્યારે તેમના માટે લખવાનું આવ્યું તો વિચારતાં ભૂતકાળમાં સરી બચપનની યાદોમાં ખોવાઈ ગઈ. વેકેશન પડતાં જ ફૈબાનો આગ્રહ હોય અને અમે વડોદરા પહોંચી જઈએ. પૂજ્ય ફૂવા, પિયૂષભાઈ, નીલુબહેન, ભારતીબહેન અને ભાવના સાથે રહેવાની ખૂબ મજા પડે. નવા-નવા આર્ટ ક્લાસીસ કરીએ, ફિલ્મો જોવા જઈએ, હરીએ-ફરીએ... ખૂબ ગરમી હોય તો ફૈબા અમારે માટે સ્વાદિષ્ટ ગુણદાયક કેરીનો પન્હો બનાવી પ્રેમથી પીવડાવે. તેમની સાથેનો તારંગા તીર્થપ્રવાસ તો જાણે જીવનભરનું સંભારણું બની ગયો.

‘કેમ બેટા! મજામાં?’ એમ પૂછે કે જાણે દિલને આત્મીયતા ભરી ટાઢક મળે અને ગમે તેવું દુ:ખ હોય તે પણ ભૂલી જઈ બધાની સાથે સમય પસાર કરવામાં વેકેશન ક્યાં પૂરું થઈ જાય તેની ખબર જ ન પડે. પાછા મુંબઈ આવી રોજબરોજમાં સેટ થવું ખૂબ આકરું લાગે. છૂટા પડતી વખતે ત્યાં જ ફૈબાનાં ‘ફરી વેકેશનમાં આવી જજો’ કહેવાની જ રાહ જોતા હોઈએ.

દરેક ઘરમાં ફૈબાનું સ્થાન અનેરું હોય છે. નાનપણમાં ઘરનાં પ્રત્યેક ખૂણા અને સૌનાં દિલમાં વસનારી દિકરી પરણીને શ્વસુરગૃહે જાય છે ત્યારે ત્યાં ની પણ શોભા વધારે છે. બંને કુટુંબોનું હિત ઈચ્છનારા અમારા આ વડિલ ફૈબાનું સ્થાન અમારા દિલમાં ખૂબ ઉંચું છે. આજે જ્યારે તેમનાં પંચ્યાસી વર્ષની પૂર્ણાહૂતિએ શુભેચ્છાઓ પાઠવીએ છીએ ત્યારે મન ગદ્ગદ્ બની

જતાં શબ્દો ઓછા પડે છે અને પ્રભુ પાસે બે કર જોડી તેમનાં ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતાં હૈયું પુલકિત થાય છે.

## વિલાસબહેન નલીનભાઈ શાહ (પૂના)
## (કંચનબહેનનાં લઘુભગિની રસીલાબહેન તથા પ્રભુદાસભાઈની આત્મજા)

કંચનબહેન સાથે અમારો જૂનો સંબંધ, હું લગ્ન કરીને આવી તે પહેલાનાં મારા સસરા સ્વ. ડૉ. કૃષ્ણકાંત એમ. શેઠનાં તેઓ જૂના પેશન્ટ અને સ્નેહી. આથી તેમને અવાનવાર મળવાનું થતું. થોડા વર્ષો પહેલાં મારે ચારધામની યાત્રાએ જવાનું હતું. વાતવાતમાં કંચનબહેનને ખબર પડી. તેઓ ૧૯૯૦માં બદરીનાથ તથા ગંગાજી ગયેલા. તેમણે સુંદર વર્ણન લખેલું. તે નોટ તેમણે તરત જ મને મોકલી આપી અને કહ્યું કે આમાં બધી જ માહિતી છે. તમને કામ લાગશે. હું તો નવાઈ પામી ગઈ.

કોઈ આટલી મોટી ઉંમરનાં જૈન વડીલ યાત્રાએ જાય ને ખાસ તેનું વર્ણન લખે ને તે મને મોકલે તે મારા માટે આનંદ અને આશ્ચર્યનાં સરવાળા જેવું હતું. તેમનાં મળતાવડા અને શોખીન સ્વભાવની મને ખબર હતી પણ બીજાને આ રીતે પણ મદદરૂપ થવાની તેમની ટેવ મને ખૂબ ગમી. આ મને હંમેશ યાદ રહેશે. આજે તેઓની માંદગીમાં અવારનવાર મળવાનું થાય ત્યારે તેમની સારવાર કરતી વખતે હું મનોમન વિચારતી જ હોઉં કે મને આવી અવસ્થામાં શું આટલી સમતા રહી શકે ખરી?

## ડૉ.સ્મિતાબહેન અશ્વીનભાઈ શેઠ (વડોદરા)
## (સન્ ૧૯૭૨થી શીવ-કાંચન પરિવારનાં તબીબ અને આપ્તજન)

વડોદરા, એમ.એસ.યુનિવર્સિટીનાં મારા અભ્યાસકાળનાં દિવસો તરફ અતીતમાં નજર કરું અને મને બે જીવંત પ્રતિમાઓનાં દર્શન થાય: એક શીવલાલભાઈ અને બીજા કંચનમાસી - મારા ખાસ મિત્ર પીયૂષનાં માત-પિતા!

એ દિવસ હજુ આજ પર્યંત અવિસ્મરણીય છે : વાંચવા માટે પીયૂષનાં ઘરે અમે મિત્રો ભેગા થયેલા. ત્યાં મને એકાએક ખૂબ જ તાવ ચડી આવ્યો. કંચનમાસીએ તો તરત જ મારા કપાળ ઉપર ભીનાં ઠંડા પોતાં મૂકવા માંડયા અને પગનાં તળિયામાં વિક્સ બામ ઘસવા લાગ્યા. એ સેવામૂર્તિમાં મને મારી જ માતાનાં આબેહૂબ દર્શન થયા. મને થયું, તેઓ ફક્ત મારા મિત્રનાં જ નહીં, મારા પણ માતા છે. પ્રભુ તેઓને નિરામય દીર્ઘાયુષ અર્પે.

**શ્રી જયંતભાઈ પટેલ (ચીફ જસ્ટીસ, અમદાવાદ હાઈકોર્ટ)**
**(શીવ-કાંચનનાં સુપુત્ર પીયૂષભાઈનાં કોલેજકાળથી ગૌરવશાળી મિત્ર)**

એક સુંદર પ્રશ્ન અને એનો એટલો જ લાજવાબ ઉત્તર...

આયુષ્ય એટલે શું?
જ્યારે માણસ જન્મે છે ત્યારે નામ નથી હોતું પણ શ્વાસ હોય છે, જ્યારે માણસ મરે છે ત્યારે નામ હોય છે પણ શ્વાસ નથી હોતો. બસ, આ શ્વાસ અને નામ વચ્ચેનો ગાળો એટલે આયુષ્ય...

કંચનમાસી એક નામ. એક સુવર્ણ અસ્તિત્વ. નામને સાર્થક કરતું જાજરમાન સૌજન્યશીલ પ્રેમાળ વ્યક્તિત્વ. જ્યારથી પીયૂષનો પરિચય ત્યારથી જ કંચનમાસીનો પરિચય. એ જ સ્નહાળ વાત્સલ્યસભર દ્રષ્ટિનાં મને આટલા વર્ષોથી મળે છે આશીષ. જ્યારે મન થાય અને આશીર્વાદ વાંચ્છુ ત્યારે

બાજુમાં બેસાડે અને સ્નેહાર્દ અવાજમાં પૂછેઃ 'મઝામાં?' મારા વિદ્યાર્થીકાળ થી આ અવિરત વહેતો રહ્યો છે સ્નેહ વાત્સલ્યનો ઝરો...!!

મારા વિદ્યાર્થીકાળમાં માનનીય શ્રી શીવલાલકાકા અને કંચનમાસી સાથે મેં ઘણી જાત્રાઓ પણ કરી છે... લક્ષ્મણીજી-નાગેશ્વર-પાલીતાણા વગેરે... મને હજી પણ સ્મરણ છે કે પહેલ-વહેલીવાર મહાવીર ભગવાનની પ્રક્ષાલ/પૂજા વિધિ મને શ્રી શીવલાલકાકાએ શીખવાડી હતી... હતી ખરે જ એ એક અવિસ્મરણીય અનુભૂતિ!!

**હેમંતભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ**
**(શીવ-કાંચનનાં સુપુત્ર પીયૂષભાઈનો પરમ મિત્ર અને ભાગીદાર)**

એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાની કોમર્સ કોલેજના પહેલા વર્ષમાં જ્યારે ભણતાં, ત્યારે શનિવારે સાંજે ૧૯ અરૂણોદય, જે મિત્ર પીયૂષનું નિવાસ સ્થાન હતું, તેની બાજુનાં ખૂલ્લા ગ્રાઉન્ડમાં અમે બધા ભાઈબંધો ક્રિકેટ રમવા જતા. કલાક - દોઢ કલાકની રમત પછી અમે બધા પીયૂષને ત્યાં પાણી પીવા જઈએ ત્યારે પૂજ્ય કંચનમાસી અમને પ્રેમથી ખૂબ નાસ્તો કરાવી ચ્હા પણ પીવડાવતાં. આજે પણ અમને કોલેજના તે દિવસો યાદ આવે છે.

વળી અમે બધા સંવત્સરીના બીજા દિવસની સવારની પણ આતુરતાથી રાહ જોઈએ કારણકે તે દિવસે પૂજ્ય કંચનમાસીનાં બનાવેલ મગ, સાકર-લવીંગનું પાણી, ખાખરા, ગાંઠીયા વગેરે ખાવાની અમને પણ ખૂબ મજા આવતી. અમારા પ્રત્યે પૂજ્ય કંચનમાસીનો પ્યાર આજદિન સુધી એવો જ રહેલ છે.

**ટી.વી.એસ. (તોગડીયા, વૈદ્ય, શાહ)**
**(શીવ-કાંચનનાં સુપુત્ર પીયૂષભાઈનું કોલેજકાળનું અણમોલ મિત્રવર્તુળ)**

'ટટ્ટાર' શબ્દ તરત પ્રકાશવંત થાય મારા ચિત્રપટ ઉપર જ્યારે કંચનફૈબાનો વિચાર આવે અને 'વૃંદપ્રેમી' શબ્દ ચળકે મનમાં શીવલાલફૂઆને યાદ કરતાં જ કારણકે તેઓનો પહાડી અવાજ તેમને ટોળામાં અલગ જ પાડે. મારી આઠ વર્ષની ઉંમરે મેં તેઓને સૌ પ્રથમ વાર જોયાંની સ્મૃતિ છે - જે  ઝાંખી પણ ઉંડી છે!

જ્યારે ફૂવાનું ચિત્ર ઉપસે ત્યારે નજર સમક્ષ આવે એક લશ્કરી, શિસ્તબદ્ધ, કઠોર, પાર્થિવ વ્યક્તિત્વ, જે પોતાનાં સિદ્ધાંતોની રક્ષા કાજે સતત જાગૃત હોય, જે સમગ્રતયા સત્યનિષ્ઠ હોય એવં અખંડિત પૂર્ણતાનાં ચાહક ને વાહક હોય! મારા પિતાશ્રી ધીરુભાઈ કપાસીને તેઓ માટે ગહન સન્માન, સ્નેહ અને વળી મૈત્રી! મારી કલ્પનામાં મેં સદાયે તેઓનાં સંતાનોને તેઓની અત્યંત નજીક જોયા છે. તેઓનું એક જ મીઠું સ્મિત તેઓને 'આયર્નમૅન' માંથી 'જૅન્ટલ જાયન્ટ' બનાવવા કાફી બને અને કોઈપણ વૃંદનાં કેન્દ્રમાંથી જે પ્રસરતું-ફેલાતું દરેક ખૂણાંઓને ઉજ્જ્વલિત કરી દેવા સક્ષમ બને. તેઓની કથ્થાઈ-બદામી આંખોનું ઓજસ અલંકારો સમું ઝબકે.

કેન્સર અને તેનાં કારણે થતાં મૃત્યુ સાથેનાં મારા પ્રથમ અનુભવનું નિમિત્ત બનેલા શીવલાલ ફૂઆ. તેઓ જ્યારે ત્રણેક મહિના ચીમનકાકાનાં ઘરે રહેલાં અને મારે તેઓને જોવા-મળવાનું થતું, ત્યારે મેં પોતાનાં બનેવીની સ્વસ્થતા માટે કરાતા પ્રયત્નોની નિષ્ઠા અને પ્રતિબદ્ધતાનાં પાઠો શીખ્યા ચીમનકાકા અને કાંતાકાકી પાસેથી.

ચીમનકાકા અને કંચનફૈબા જાણે જોડીયાં ભાઈ-બહેનો જ હોય તેવું વિચારવા ઘણી બાબતો પ્રેરે. નવી પેઢીનું પ્રેરણાત્મક પાવર હાઉસ એટલે કંચનફૈબા, જે ક્ષમતા અને સામર્થ્ય રૂપે તેમણે પોતાનાં ચારે તારકો સમ સંતાનોનાં ઉછેર વખતે રેડી દીધું! ઉપરાંત પોતાનાં દરેક સ્નેહી-પરિવારજનો માટે ય ઉભા રહ્યાં છે તેઓ એક ખડક સમા આધાર બની. શીવલાલફૂવાની જેમ જ તેઓનું અલાયદું ને આગવું અસ્તિત્વ અને વ્યક્તિત્વ! પોતાનાં અગમ્ય બુદ્ધિચાતુર્ય અને ડહાપણથી તેઓ અનેકનાં ભોમિયા પણ બન્યાં.

ફૂવાની વિદાય પછી ફૈબાએ કરેલી આ વાત મારા હૃદય ઉપર કોતરાઈ ગઈ છે. તેઓએ એકવાર કોઈને કહેલું (કદાચ મારા મમ્મી સરોજબેનને જ) કે જ્યારે મને તેમની ખૂબ જ ખોટ સાલે ત્યારે હું ડાયરી લખવા બેસી જાઉં અથવા એકાંતમાં મનોમન તેઓ સાથે વાતચીત આદરું.

## જાગૃતિબહેન ગાલા (વડોદરા)
## (કંચનબહેનનાં ભાઈ ધીરુભાઈ તથા સરોજભાભીનાં શિક્ષણરત તનયા)

જેની આંખોમાં છે ભર્યું સદીઓનું ડહાપણ,
હસ્ત જેહનાં પ્રસરાવે દૈવી આશીર્વાદ ગણ;
ઓષ્ઠદ્વયેથી નીતરે ખુશી ને શાંતિનાં કણ-કણ,
મનોહૃદયમાં જેનાં છે સ્થિર ને દ્રઢ સંકલ્પ!

એક સ્મિત. એક વિચાર. એક શબ્દ.
હજુ ત્રણ વર્ષ પૂર્વે જ મને તક મળેલ રાજકોટનાં મહેતા પરિવાર સંગે દિવાળી કરવાની. હું પહોંચી ત્યારે મને કલ્પના પણ ન હતી કે મારી જીંદગીના ઘણાં યાદગાર અનુભવો મને અહીં મળવાનાં હતાં. મારાં મિત્રો એટલે અદિતિ-લિપિ. તેમનાં પરિવારમાં હું ઘણાં રસપ્રદ લોકોને મળી જેઓ સાથે ખૂબ નિખાલસતા ભરી વાતો કરી, ખડખડાટ હસી અને ભાવતા ભોજન પણ જમી. જો કે સૌથી વધુ પામી હું મોટી મમ્મી પાસેથી જ. ભાષાની તકલીફને કારણે કદાચ અમે વાતો ઓછી કરી, પરંતુ આત્મીયતાની આપ-લે ઘણી કરી. હું તેઓ સાથે રમીક્યૂબ રમી અને તેઓ પાસેથી વાર્તાઓ પણ સાંભળી, જે તેઓની દિકરી ભારતી કે પૌત્રીઓએ ભાષાંતરિત કરી આપી.

દૂરથી તેઓનાં શાનભર્યાં આચરણને નિરખવું, તેઓની સંત સમી હાજરીને અનુભવવી અને પરિસરમાં પૌત્રીઓ હોય તેનો નિખરતો આનંદ તેઓના

ચહેરા ઉપર જોવો તે મારા માટે જાણે ઓચ્છવ બની રહ્યો. તેઓની દુબળી કાયામાં આવરાયેલ બળવાન આત્મશ્રદ્ધા, તેમની વિશુદ્ધ વિચારશ્રેણી અને સ્મૃતિથી હું અભિભૂત થઈ.

તેઓનું સ્મિત હજુ ચેપ લગાડે છે મને આજે ય. આશા રાખું કે તેવું જ બને તેઓનાં વિચારો અને શબ્દો સાથે ય. આમ સંવેદના પ્રગટ કરીને, આભાર માનું તેઓનાં આવા હોવાનો... તેઓ સાથે વીતાવેલ સમયખંડ રહેશે, જીંદગીભર અમૂલ્ય!!

**રીમા ડી'સોઝા (યુ.એસ.એ.)**
**(કંચનબહેનનાં દોહિત્રીઓ અદિતિ-લિપિનાં પરમ સખી)**

ઈ.સ.૧૯૭૩/૭૪માં જ્યારે હું એન્જિનીયરીંગનું ભણવા માટે પાંચ વર્ષ વડોદરા રહેતો હતો ત્યારે એક વાર કંચનફૈબા ને શીવલાલફૂવા સાથે નિર્મળા ફૈબા, ચુનીલાલ ફૂવા, કાંતામમ્મી, નીલુબેન, ભારતીબેન, ભાવનાબેન, પીયૂષભાઈ વગેરે સાથે પૂણ્યોદય થતા મેં પણ મધ્યપ્રદેશમાં આવેલા શ્રીલક્ષ્મણીજી તીર્થની અભૂતપૂર્વ યાત્રા કરી. ને ત્યાંથી એ પૂર્વે ક્યારેય નામ ન સાંભળ્યું હોય તેવા એક તીર્થ તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં શીવલાલ ફૂવાએ કહ્યું: ''આ તીર્થ હમણાં જ થોડું પ્રકાશમાં આવ્યું છે. અઠવાડીયે કોઈ રડયાં-ખડયાં યાત્રાળુઓ ત્યાં જઈ પહોંચે છે, કારણકે તે જંગલની વચ્ચોવચ્ચ સ્થિત છે અને સિંહ જેવા વિકરાળ પ્રાણીઓ પણ ત્યાં રાત્રે અવારનવાર આંટા મારતા જોવા મળે છે.'' એ તીર્થે પહોંચીને દેહ-માન-માપ પ્રમાણેનાં નીલા પથ્થરમાં કોતરેલ કાઉસ્સગ્ગધારી પ્રભુ પાર્શ્વનાથજીનાં ઉભા અદ્ભૂત પ્રતિમાજી નીરખીને હું તો સ્તબ્ધ બની ગયેલ! જી હા, એ તીર્થનું નામ હતું નાગેશ્વર! તીર્થયાત્રાનો એ પછી તો મને ય નાદ લગાવ્યો હતો ફૂવાએ.

પાંચે વર્ષનાં મારા વડોદરાનાં રહેવાસ દરમ્યાનનાં દર રવિવારે સાંજે મારે ૧૯ અરુણોદયનાં ઘરે જઈ ટેસ્ટી જમવાનો નિયમ. કંચનફૈબાએ મારી માટે બપોરની આખી રસોઈ તો રાખી જ હોય, ઉપરાંત સાંજનાં મને ભાવતાં મિઠાઈ-ફરસાણ પણ બનાવેલા જ હોય જે હું હક્કથી આરોગું. નાનપણમાં ઘણો જ તોફાની, પણ શિસ્તનાં પાઠ શીખ્યા મેં શીવલાલ ફૂવાને જોઈને. વળી નિઃસ્વાર્થ સ્નેહ કઈ રીતે કરવો તે શીખ્યું મેં કંચનફૈબા પાસેથી. આજે તે વર્ષોમાં વિહરું છું ત્યારે પત્ની નીતા અને અમારા બાળકોને મારા હૃદયની ખૂબ નજીક રહેલ ફૈબાનાં ઘરની અનેક વાતો કહેતા ધરાતો નથી. પ્રભુ તેમને નિરામય દીર્ઘાયુષ આપે.

## રોહિતભાઈ પ્રભુદાસભાઈ શાહ
## (કંચનબહેનની લઘુભગિની રસીલાબહેન તથા પ્રભુદાસભાઈનાં સુપુત્ર)

કંચનબહેનને અમારા દેરાસરે રોજ આવતાં એક ભાવિક શ્રાવિકા તરીકે ઉપરાંત ઓળખું હું તેમને મારા પૂજ્ય સાસુજી શ્રી લલિતાબેનનાં એક પાક્કા બેનપણી તરીકે!

જેટલા ભાવથી પ્રભુપૂજા કરી, સ્તવન લલકારે... તેટલાં જ ભાવથી બહાર નીકળી મને તેનાં અર્થ સમજાવે! મને મારા સાસુજીએ જ દેવ-ગુરુ-ધર્મનો ખરો પરિચય કરાવ્યો. મને સાચા માર્ગે દોરી... અને પર્યુષણની રાત્રિભાવનાઓ દરમ્યાન ભારતીબેન સાથે દીપકનૃત્ય કરવા પણ પ્રેરી. અમે સાથે પ્રેકટીસ કરતાં હોઈએ ત્યારે સ્તવન ગાય કંચનબહેન!

જ્યારે મહિલામંડળની પૂજાઓ ભણાવાતી હોય ત્યારે ખંજરી હોય કે મંજિરા, દાંડીયા હોય કે હાથતાળી... હું કંચનબહેન સામે જ જોયા કરું કે દર કડીએ તેઓ કેવી સરસ રીતે એકશન બદલી રહ્યાં છે! પૂજ્ય શીવલાલભાઈને જ્યારે જોયા મેં અમારા દેરાસરની બાજુમાં જ મેહુલ તથા સુધનલક્ષ્મી સોસાયટી ઉભી



કરીને તેમાં જૈન પરિવારોને વસાવવાનાં સ્વપ્નદ્રષ્ટા તરીકે, ત્યારે ખરે જ તેમનાં ઉપરનું વર્ષોનું બહુમાન અનેકગણું વધી ગયું. સમાજમાં આવા દંપતિ બહુ ઓછા જોવા મળતાં હોય છે અને મેં તેઓ સ્વરૂપે જોયા છે તેનું ગૌરવ છે!

## સ્મિતાબહેન કૃપેશભાઈ શાહ
## (વડોદરાનાં સુભાનપુરા દહેરાસરનાં આશાભાઈ-લલીતાબહેનનાં સુપુત્રવધુ)

શ્રીમતિ કંચનબહેન શીવલાલ શાહ ઊર્ફે કંચનમાસી ઊર્ફે કંચનમમ્મી!

ટટ્ટાર કાઠી, સોહામણું વ્યક્તિત્વ અને મધમીઠું સ્મિત એ એમની ઓળખાણ. ગુજરાતી ઢબે પહેરેલી સાડીમાં ઓપતી એમની પ્રતિભા કેવળ પ્રેમ વ્હેંચવાનું જાણે છે! ''માધવી? આવ આવ બેટા!'' એમનો ૧૯ અરુણોદયમાં ગુંજેલો આવકાર મારા કિશોર કર્ણપટલમાંથી વહી આવીને હૃદયમાં અકબંધ સચવાયેલો છે! કંચનમાસીએ હંમેશા પોતાને છેલ્લે રાખેલા છે, બાકીનાં સહુ પહેલા. સહુની લાગણી સાચવી લેવાની કળા અને મૌનની ડબ્બીમાં પોતાની લાગણી બંધ કરી દેવાની કળા તો એમની જ. નાનપણમાં એમને મળવાનું થયું અને પછી ભાગ્યે જ કદી એમના પ્રત્યક્ષ દર્શનનું સૌભાગ્ય પામી શકી છું. પરંતુ એમની યાદ એમનાં કેટલાંક જેશ્ચર્સ દ્વારા સચવાઈ ગઈ છે:

''ભારતી, માધવીને ઓશિકું ગોઠવી આપ. એને બરાબર જમતા ફાવે.'' મારી ઓછી હાઈટને કારણે ડાઈનીંગ ટેબલ પર હું ન પહોંચી શકતી એ એમના ધ્યાનમાં તરત જ આવે! ''છોકરીઓ, નખ કાપીને ઘરની બહાર ન નાખશો. ચકલીઓ ભૂલમાં ચોખા સમજી એને ચણી જશે તો હેરાન થશે.''

આજે ય યાદ છે સામયિકમાં પરોવાયેલી એમની શાંત, પવિત્ર પ્રતિમા અને એકાસણામાં એમને ગરમ રોટલી પીરસતી ભારતી સાથે રસોડામાં

મને તેઓએ ઉપવાસનું મહત્ત્વ સમજાવ્યું હતું તે પ્રસંગ. એ ઉપરાંત બીજું એક દ્રશ્ય મારા માનસપટ પર અમર થઈ ગયું છે. ભારતી અને હું બહાર હોલમાં બેસીને કવિતા વાંચતા હતાં, ત્યાં એક બહેન અને એમનાં બે બાળકો આંગણે આવીને ઉભા રહ્યા. કંચનમાસી ચૂપચાપ અંદરના ઓરડામાં ગયા અને એકપણ શબ્દની આપલે કર્યા વિના સાડીઓ, નાસ્તાનાં પડીકા અને બાળકોના કપડાં-પુસ્તક માટે રૂપિયા એ બહેનના હાથમાં સરકાવી દીધાં. પેલા બહેન ગળગળા થઈને આભારનાં શબ્દ વ્યક્ત કરે તે પહેલાં  કંચનમાસીએ એમનાં હાથ પકડીને એમને અટકાવી દીધા. આટલા ગરિમાવંત અમારા કંચનમમ્મીને કોટી-કોટી વંદન.

આજે ભારતીના વ્યક્તિત્વની બધાને માટે કંઈક કરી છૂટવાની જે ભાવના જોઉં છું એનું મૂળ એની માતા કંચનમાસીનાં વ્યક્તિત્વમાં સમાયેલું છે!

**માધવી કેતન દવે (યુ.એસ.એ.)**
**(કંચનબહેનની રળીયામણા રાજકોટ સ્થિત પુત્રીની એકમાત્ર પરમ સખી)**

કંચનકાકી માટે ફરી-ફરીને અનેક દ્રશ્યો વારંવાર સ્મૃતિપટે નીખરે. જ્યારે-જ્યારે કંચનકાકીને મળું - મારાં દાદુ પણ સાથે હોય જ અને પછી ઉઘડે કરાંચી, કુંડલા કે કીડીવાળામાળાનાં ઘરની અનેક રોમાંચક વાતો... એ સમયમાં કરેલાં સંઘર્ષો, તેમનાં લગ્નપ્રસંગો વગેરેની વાતો કરતાં ક્યારેય ન થાકે એ બંને દિયર-ભોજાઈ અને પછી જેવી વાત આવે શીવુકાકા વિશે - તે બંનેનાં પ્રિયપાત્ર હોવાથી - એ વાતોની જેમ મારી મજા પણ અંતહીન માણું હું. કાકીની આંખો માંડે એ રીતે ચમકવા જાણે એ પ્રસંગો ગઈકાલે જ ન બન્યાં હોય એટલા જાણે તાજાં લાગે! કંચનકાકી અને મારા દાદુ એટલે ચીલ કરવા માટેની કુલ કંપની!

**દીક્ષિતા ધર્મેન્દ્રભાઈ શાહ**
**(કંચનબહેનનાં વહાલા દેવરજી ચંપકભાઈ તથા મંજુલાબહેનની સુપૌત્રી)**

કંચનદાદી સાથેની અમારી યાદગીરીઓ: 'કંચન' એટલે સોનું. જેમ સોનાની પરખ કેટલી બધી કસોટી થયા પછી થાય છે, તેમ જ દાદીના જીવનમાં પણ નાની-મોટી કેટલી ય મુસીબતો આવી જેમ કે શારીરિક, માનસિક, કૌટુંબિક. પણ બધી જ કસોટીઓમાં અડીખમ રહીને હસતા-હસતા તેમણે મુસીબતોનો સામનો કર્યો. દાદીને આ ઉંમરે પણ વાંચનનો ઘણો શોખ છે. દાદી આખા દિવસ દરમ્યાન નવકાર અને ઉવસ્સગ્ગહરંની માળા ગણે છે. રમીક્યુબની ગેમ તો એમની ફેવરીટ છે. અમને દાદી સાથે રમીક્યુબ રમવાની ખૂબ મજા આવે.

અમારા દાદી તો બધા જ ફિલ્ડમાં હોંશિયાર છે. પછી ભલે એ કોઈ ખંજરી નૃત્ય હોય, ગાવાનું હોય કે પછી ઘોઘારી મહિલા મંડળની કોઈ મિટિંગ હોય! દાદી બધે ય આગળ પડતાં જ હોય! દાદી ઉત્તરાયણમાં અમારા વર્ધમાનની ટેરેસ ઉપર આવે અને ખુબ મજા પણ માણે.

એ દિવસે તો અમે બધા સાથે જ જમીએ અને ત્યાર પછી સરસ ભક્તિ-સંગીતની જમાવટ કરીએ. સાથે-સાથે દાદી પાસેથી કરાંચીથી વડોદરા સુધીની સફરની વાતોનો પણ સ્વાદ અમે લહીએ જ! અમે બાળકોએ શિવુ દાદાને તો જોયા કે માણ્યા નથી પણ દાદીની વાતો અને એમનાં પ્રસંગો જાણીને એમનો જીવંત અનુભવ લહીએ.

દાદી પાસેથી ઘણું બધું શીખવા જેવું છે. પણ એમના એક આ ગુણની તો પ્રેરણા લેવી જ જોઈએ કે હંમેશા કોઈ પણ પરિસ્થિતિમાં પોઝીટીવ રહેવું જોઈએ અને સ્ટ્રોંગ વિલ પાવર હોવો જરૂરી છે. અમે ભલે મોટા વડ સમાન વૃક્ષ બનીશું, પરંતુ તેના બીજદાતા તો આ વડીલો જ છે તે ક્યારેય ભૂલીશું નહીં.

**હેમાંશી મહેશભાઈ શાહ**

**(કંચનબહેનનાં માનવંતા જેઠજી શ્રી મનસુખલાલભાઈનાં સુપૌત્રી)**

કંચનબહેન-મમ્મીજી એટલે ૧૦૦ ટચ સોનાનાં વાત્સલ્યમૂર્તિ! આમ તો હું તેમનાં જમાઈ દિપકનો લંગાટીયો મિત્ર પણ મને ય તેઓ પોતાનો દિકરો જ માને. તેઓની આંખોમાંથી નીતરતું વાત્સલ્ય મને ખૂબ ગમે.

મને યાદ છે એકવાર પાલીતાણાથી મમ્મીજીને મૂકવા અમે વડોદરા, ૧૯ અરૂણોદયનાં ઘરે પહોંચ્યા. ત્યાં રાત રોકાઈ સવારે રાજકોટ જવા નીકળ્યાં. પણ તે પૂર્વે તેમણે મારા પગની પેની કાંસાની વાટકીમાં ઘી-નિમક નાંખી ઘસી દીધી. ડ્રાઈવીંગ વખતે પગ દુઃખી ગયા હોય ને તેથી. હસમુખો જ ચહેરો. ન ટેન્શન, ન ફરિયાદ જોયા છે ક્યારેય મેં તેમનાં મુખ ઉપર. એકવાર તેઓ રાજકોટ આવેલા અને મને થયેલી ખાંસી. ત્યારે મારી છાતી ઉપર ગરમ પાણીમાં કાલવેલી સૂંઠ અને બામ ઘસી દઈ, ગોદડું ઓઢાડી પરાણે થોડીવાર સૂવડાવી દીધો. ને ઉઠ્યો ત્યારે ખાંસી ગાયબ!!

વડોદરાથી દિપક-ભારતીનાં લગ્નની વિદાય વખતે મમ્મીની રડતી આંખ ક્યારેય ના ભૂલાય. 'મુકેશભાઈ, મારી ભારતીનું પિયરનું ઘર રાજકોટમાં કોઈ નથી. તમે મારી દિકરીનું ધ્યાન રાખજો હોં... તમારી બેન જ માનજો અને તેને કોઈ ખોટ ના પડે તે જોજો...!' એ શબ્દો સાંભળીને મનમાં એક નિર્ણય થઈ ગયો અને શ્રાવણી પુનમે પહોંચી ગયો રાખડી લઈને જ મિત્રનાં કરણપરાનાં ઘરે. મમ્મીજી, તમારા કારણે મને ભારતી જેવી બહેન મળી તેનો કયા શબ્દોમાં આભાર માનવો?

**મુકેશભાઈ કાંતિલાલ વોરા**
**(શીવ-કાંચનનાં રાજકોટ સ્થિત જામાતૃનાં પરમ મિત્ર)**

૧૯૭૧માં અમે માટુંગામાં 'રામ નિવાસ'માં રહેતાં, ત્યારે મારા પિતાજીએ એકાએક વિદાય લીધી. એ સમયે ભાઈઓનું બેસણું નપુહોલમાં રાખેલું, પરંતુ બહેનો સૌ ઘરે બેસવા આવે તેવો ત્યારનો વણલિખિત નિયમ. તે વખતે ભક્તિ કરાવવા

ઘરે આવી શકે તેવા ગ્રુપની અમે ઘણી શોધ કરી, પરંતુ ટૂંકાગાળામાં એકાએક કોઈ મળે નહીં. અમે મુંઝાયેલા. ત્યાં જ શ્યામ વિહારમાં રહેતાં કંચનમાસી ને તેમનાં અન્ય પડોશી અમીચંદભાઈનાં પત્ની કંચનબેન ઘરે મમ્મીને મોઢે થવા આવ્યા. શોક પ્રદર્શિત કર્યા પછી અમે સૌ અબોલ બન્યા. પણ ચકોર કંચનમાસી પામી ગયા કે અમે કંઈક મુંઝાયેલા છીએ. અમારી સમસ્યા અમે રજૂ કરી અને તરત જ તેઓ બોલ્યાઃ ''જરાયે મુંઝાશો નહીં. અમે સંભાળી લઈશું.'' અને ખરેખર બીજે દિવસે બહેનોનાં સમૂહ વચ્ચે કંચનમાસીએ જે સુંદર ભાવથી ને સુરીલાં રાગથી અદ્‌ભૂત્‌ સ્તવનો ગાયા છે કે તે ભક્તિ યાદ કરતાં રૂંવાડા ખડા થઈ જાય છે!

કંચનમાસીની જેમ જ શીવલાલમાસાનો સ્વભાવ પણ મિલનસાર! બધાને કેમ ઉપયોગી થવાય તે જ ભાવમાં રહે રમમાણ. બંને એકબીજાનાં પૂરક! આ ગુણનો વધુ પરિચય થયો અમને એક દિવાળીએ! અમારા લગ્ન થયા પછી સન્ ૧૯૭૭માં મારા પતિ અરવિંદ મુંબઈમાં સૂકા મેવાનાં બૉક્સ બનાવવાનું કાર્ય કરે. શીવલાલમાસાની કંપનીમાં દિવાળીએ તેની આવશ્યકતા ઉભી થઈ ત્યારે મેનેજરને તેમણે ફક્ત એટલું જ કહ્યું કેઃ ''જો ગુણવત્તા ઉત્તમ લાગે તો અરવિંદને આપણે આ કાર્ય સોંપી શકીએ.'' અને એમની ભલામણથી અમને એ મોટો ઓર્ડર મળી ગયેલો.

વળી બીજા એક દુઃખદ પ્રસંગનું દ્રશ્ય આજે લગભગ ચાર દાયકા પછી યે અવિસ્મરણીય રહ્યું છે મારા મનની સંદુકમાં! શ્યામવિહારમાં માસા-માસીનાં સામેનાં ઘરમાં જ રહેતાં પડોશી કંચનબહેન તો એ દિવસે સવારે ગયેલા દેરાસર. પાછળથી ગેસનાં બાટલાનાં આકસ્મિક ફાટવાથી લાગી તેઓનાં ઘરે આગ!

એ વખતે અમે આજુબાજુનાં મકાનોમાંથી બધા જ ત્યાં ઝડપથી પહોંચી ગયા. જઈને જોયું તો શીવલાલમાસા અને કંચનમાસીએ જે સ્થિરતા, સમયસૂચકતા અને ધીરતાપૂર્વકનાં સમતોલનથી તે પરિસ્થિતિ સંભાળી લીધેલી અને નેતૃત્વ લઈને જે ઝડપથી દાઝી ગયેલાં ત્રણે ય લોકોને હોસ્પીટલમાં પહોંચાડવા માટે પગલાં લઈ રહ્યાં હતાં તે જોઈ હું નતમસ્તક થઈ ગઈ.

કોઈની પણ સહાય અર્થે ખડે પગે ઉભા રહેલાં માસા-માસીને જોયા છે મેં અનેક વાર. દૂરધ્વનિયંત્રથી તો અવારનવાર અવાજ સાંભળીએ જ, પરંતુ આજે જ્યારે પણ ભારત જઈએ-વડોદરામાં માસીને મળવા તો અચૂક જઈએ જ અને અમારાં આ 'ખાસ' ઋણાનુબંધને લાગણી સ્વરૂપે માણીએ. પ્રભુ તેઓને શતાયુ બનાવે તેવી પ્રાર્થના.

## મધુબહેન અરવિંદભાઈ શાહ (યુ.એસ.એ.)
## (કંચનબહેનનાં લાભુમાસી-પ્રતાપરાયમાસાનાં મધુરા સુપુત્રવધુ)

આજે મારે વાત કરવી છે મારી પ્રાણથી પણ અધિક પ્યારી સખી, જેઠાણી કે બહેન જેવા ભારતીભાભીનાં મમ્મીજીની.

કંચનમમ્મીને હું ૫-૬ વાર મળી છું. સૌ પ્રથમ સ્મૃતિ છે અમે પ્રભુજીનાં પ્રતિમાજી લેવા વડોદરા ગયેલા ત્યારની. ઉતરેલાં તો અમે હોટેલમાં, પરંતુ તેઓને ખબર પડી તો તરત કહે કે: 'ઘરે આવો.' ત્યાં જઈને જોયું તેઓનું સીધું-સાદું જીવન.

બોલવું મિત અને મુખે ચાંદી જેવું ચમકતું સ્મિત! હૈયે સૌનું હિત ને ઉદાર એમનું ચિત્ત! બીજા દિવસે પ્રભુજીને લેવા માટે તેઓ સાથે આવ્યા અને પ્રતિમાજીને જોતાંવેંત તેઓનાં મુખ ઉપરની આભા ને ચમક એટલા તો વૃદ્ધિ પામ્યાં કે જાણે સાક્ષાત્ ભગવાનને જ ન જોયા હોય જાણે! હું તો ઓવારી ગઈ તેમની એ શ્રદ્ધા ઉપર.

રાજકોટમાં ભારતીભાભીનાં ઘરે એ પછી જ્યારે તેમને મળી તો જાણ્યું કે તેઓએ નાનપણમાં પોતાનાં સંતાનોને કઈ રીતે હસતાં-રમતાં-કામ કરતાં સ્તુતિઓ, થોય, સજ્ઝાય, સ્તવનો શીખવી દીધેલાં! પણ વાત કહેતી વખતે તેઓનાં મુખ ઉપરની નિર્લેપતા અને નિ:સ્પૃહતાએ તો મને

મોહાવી જ દીધેલી. એ પછી તેમનાં જીભની સર્જરી બાદ જ્યારે તેઓ પહેલીવાર રાજકોટનાં વર્ધમાનનગર દહેરાસરે આવ્યા ત્યારે પગથિયાં ઉપર બહાર જ અમે ભેગાં થઈ ગયાં. હાલકડોલક ચાલ અને ડગુમગુ પગ... પરંતુ પ્રભુજીને મળવાની ઝંખના એકદમ અડોલ! અને પછી ભગવાન સામે સ્તુતિ બોલતી વખતે તો જાણે ભૂલી જ ગયા દેહની પોલંપોલ! જેમની વાતોમાં જરાયે દીનતા નહીં અને સદા પ્રસન્ન રહેવાની આદત જ છે તેવા કંચનમમ્મી માટે મને ક્રમશઃ સન્માન વધતું જ રહ્યું છે. એકવાર મને કહેઃ ''મનુષ્ય જન્મ તો ભવોભવનાં દેવાને ચૂકવવાનો ભવ છે - ધૂમ કમાણી કરી લેવાનો ભવ છે તો પાછું ના પડવું!'' વળી કહે કેઃ ''મને સ્વાધ્યાય કરવો અને વાંચવું એટલું ગમે છે કે એમ થાય હું ચોવીસે કલાક વાંચ્યા જ કરું!'' તેઓને હવે મંડળમાં ન જઈ શકવાનો અફસોસ જરૂર છે અને નિત્ય દહેરાસર ન જઈ શકવાનો રંજ પણ ઘણો જ છે, પરંતુ જેમણે ભગવાનને હૃદયમાં જ કોતરી લીધાં છે તેઓને તો પ્રત્યક્ષ જ છે સ્વયં તેઓ!

હમણાં થોડા સમય પૂર્વે જ રાજકોટનાં અમારા ઘરે પૂજ્ય મહારાજસાહેબ બે-ત્રણ દિવસ રોકાઈને વ્યાખ્યાન દેવાનાં હતાં, તે પ્રસંગે દિકરીનો હાથ પકડીને અને લાકડી લઈને ધીમે-ધીમે તેઓને આવતાં મેં દૂરથી જોયાં. મને થયું કે આવી અવસ્થામાં મારી તો હિંમત જ ના ચાલે. પણ તેમણે કહ્યું કેઃ ''રત્નત્રયમાં રમણતા કરાવતી, ભવોભવનાં પાપોનું પ્રક્ષાલન કરાવતી આ ઘર બેઠે ગંગા સમી વ્યાખ્યાન વાણીમાં તો આવવાનું ચૂકાય જ કેમ?'' બંને દિવસ તેઓએ આવીને સામાયિક કરી. ઉભા-ઉભા ગુરુવંદન કર્યું અને અમારી ખૂબ અનુમોદના પણ કરી. ધન્ય છે તેઓની સમતાભરી શ્રદ્ધાને! પ્રભુ તેઓની આ અસ્મિતા શાશ્વત રાખે. અસ્તુ.

**સોનલ હેમંતભાઈ શાહ**
**(શીવ-કાંચનનાં મજલી દિકરીનાં રાજકોટ સ્થિત સહિયર-દેરાણી)**



મારી જીંદગીમાં ઘણી વસ્તુઓ છે, ઘણા બધા લોકો છે, મિત્રો અને પરિવારજનો છે. પણ તે બધાં કરતાં મારી પાસે મારા મમ્મી, મારા નાની તથા મોટા મમ્મી છે, જે મારા નાનીનાં પણ મમ્મી છે તે સૌથી વધારે મૂલ્યવાન બાબત છે. વળી મોટા મમ્મી જે રીતે ગુલાબી દ્રષ્ટિકોણ સાથે ઉત્કૃષ્ટ સ્નેહથી જીવન વીતાવે છે તેનું મને સૌથી વિશેષ પ્રાઉડ છે. ઉડીને આંખ વળગે તેવી એક વસ્તુ કહું તો અમારા આખ્ખા યે કે.એસ.એસ. પરિવારમાં સૌથી વધારે પરફેક્શનીસ્ટ છે મોટા મમ્મી જ.

હું રાતનાં સૂતી વખતે મારા દાદા-દાદી-મમ્મી-પપ્પા-નાની સાથે મારાં મોટા મમ્મીની ગુડ હેલ્થ માટે પણ રોજે મારા મિત્ર ભગવાનને પ્રાર્થના કરું છું. આઈ વીશ કે તેઓ હન્ડ્રેડ યર્સ ક્રોસ કરે અને મને આશીર્વાદ આપતા જ રહે.

## સૌનો વ્હાલો હેત કુણાલભાઈ ધામી (ઉ.વ.૧૧)
## (શીવ-કાંચનનાં અગ્રજા નીલુબહેનનો વહાલો દોહિત્ર)

મારા નાની એટલે ઉત્સાહનો પાવર હાઉસ. ૮૫ વર્ષની ઉંમરે ય આટલા ઉત્સાહ ને ઉમંગથી જીવતા તેમને જોવાનું બહુ ગમે! હું જ્યારે પણ તેમને મળવા જાઉં ત્યારે અચૂક મારા ખબર પૂછી તબિયતનું ધ્યાન રાખવાનું કહે. પછી ડબ્લિન ગયો છું, ત્યારથી ફોન ઉપર હંમેશા વાત થાય ત્યારે બે પ્રશ્નો તો પૂછે જ:

૧. તું પોતે જ ખાવાનું બનાવે છે?
૨. તું બરાબર જમે તો છે ને?

આમ કાયમ બીજાની ચિંતા કરનાર મારા નાની પોતે કેટલું દુઃખ સહન કરે છે ને નાદુરસ્ત રહે છે તેની અમને જાણ ન થવા દે! અમે નાનાને તો જોયા જ નથી એટલે તેમની વાત કરવાનું કહીએ. તેમનો એક પ્રસંગ ખૂબ યાદ રહી

ગયો છેઃ શીવલાલ નાનાએ શંખેશ્વરમાં રાતનાં દેવવિમાન આવતા જોયેલું અને પછી ખૂબ ડ્રમ વાગવાનો અવાજ સાંભળેલો!! આ સાંભળી અમારી કુતૂહલતા વધારનાર મારા નાનીને પ્રણામ!

**રચિત પિનાકીનભાઈ શાહ (ડબ્લિન, આયર્લેન્ડ, યુ.કે.)**
**(શીવ-કાંચનની રૂપકડી દિકરી ભાવનાનો મધમીઠો અનુજ)**

નાનપણથી પ્રિય મોટા મમ્મી, તમને જોઈને મને હંમેશા ખુશી થઈ છે. તમને જોઈને ને તમારી સાથે વાત કરીને કેટલો બધો આનંદ આવે! એવું લાગે કે બધી મુશ્કેલીઓ સરખી થઈ જશે, કેમ કે મોટા મમ્મી છે ને!

રમીક્યૂબ રમતા અને વાતો કરતા સમય કેટલો જલ્દી પસાર થઈ જાય છે અને ખબર પડે છે કે આનંદની પરિભાષા આવી સહજ પણ હોઈ શકે! તમારા જમાનાથી તમે ખૂબ આગળ છો અને અમને બધાને શીખ આપો છો કે આને જ સાચી સ્વીકૃતિ કહેવાય.

મોટા મમ્મી, તમે પ્લીઝ ભૂલતા નહીં કે તમારામાં અપાર શક્તિ છે.

**લિપિ દિપકભાઈ મહેતા**
**(શીવ-કાંચનની મજલી આત્મજા ભારતીની નાની સુપુત્રી)**

મારી-દાદીની જોડી સૌથી હીટ કારણ કે...

પ્રેમ, મીઠો ઝઘડો, મસ્તી, લાડ, રમત, ફરવાનું, વાતો કરવાનું, ટીવી જોવાનું... બધું સાથે! નાનપણમાં સાથે પૂજા કરવા જવું થી લઈને એકબીજા સાથે વાતો

કરવી... બધું મસ્ત! દાદી પાસે 'ગાંધીગંગા'માંથી વાર્તા કહેવડાવવી મને બહુ ગમે, જે હંમેશા યાદ રહે! દાદી એટલે મક્કમ મનનાં વ્યક્તિ, ખાવા-પીવાના શોખીન અને રમીક્યૂબ નામની રમતનાં પ્રેમી! આવા મારા વ્હાલા દાદીને તેમનાં આવતા જીવન માટે ખૂબ-ખૂબ બેસ્ટ વીશીઝ!

## પૂજા પીયૂષભાઈ શાહ (વડોદરા)
## (શીવ-કાંચનની એકમેવ એવં સુરીલી સુપૌત્રી)

મારા નાની... એમની મગજને સતત કાર્યરત રાખવાની ઉત્સુકતા ખૂબ પ્રેરણાદાયી છે. એમની વાંચન પ્રત્યેની પ્રીતિ તો અવર્ણનીય. ગમે તે જગ્યાએ, ગમે તે સમયે, પુસ્તકોથી ઘેરાયેલા જ હોય! રમીક્યૂબ રમતાં, એમની ચપળતા જોતા જ રહી જવાય. અહીં કોઈ ઉંમર ઉંમરનું કામ નથી કરતી.

નાનપણમાં પત્તાથી રમતા નાનીએ જ શીખવ્યું. ઘણી રમતો રમતી વખતે હું જોઉં કે તેઓ દરેક સ્ટેપ કેટલું વિચારીને રમી રહ્યા છે. ત્યારે નાનાની સાથે નાના બની અમને ખૂબ મજા કરાવતા. આજે પણ એમના હાથની લબડતી ચામડી ઉપર હાથ પ્રસરાવવાનો આનંદ જ કાંઈક ઓર છે!!

## રાહિલ પિનાકીનભાઈ શાહ
## (શીવ-કાંચનની રૂપકડી દિકરી ભાવનાનો મધમીઠો અગ્રજ)

દાદી એટલે? જેની પાસે છે માતા સમી મૃદુતા. શિક્ષક સમી ડહાપણની લાક્ષણિકતા. એક જાદુગર સમી ટ્રીક્સની બહુલતા. બાળકની નજરે વિશ્વને જોવાની કળામયતા! જેમની પાસે છે આપણાં માત-પિતાનાં બાળપણની અઢળક વાતોનો અમૂલ્ય ખજાનો.

મારા ગમે તેવા વર્તન સામે ય છે અખૂટ પ્રેમ.
મારી ઉદાસી વખતે જાણે જે ક્યું ગીત ગાવું, કેમ?

સગાઈ પછી જ્યારે હું પ્રથમ વાર મારા શ્વસુરગૃહે ગઈ ત્યારે ઘરનાં સૌથી વયસ્ક વ્યક્તિ દાદીને મળીને ઘણી વાતો કરી. ન મને અજાણ્યું લાગ્યું, ન નવું. અરે... કોઈ મિત્રને જાણે વર્ષો પછી મળ્યાં હોઈએ અને કદી વાતો ન ખૂટતી હોય તેવું જ તેઓનાં મૈત્રીપૂર્ણ વ્યવહારથી અનુભવાયું.

તેઓની પ્રિય રમત રમીક્યૂબ રમતાં-રમતાં કલાકો ગાળ્યાં દાદી સંગે અને મને એકાએક ખ્યાલ આવ્યો - ઓહો! દાદી પાસેથી તો હજુ કેટલું જાણવા-જોવા-શીખવાનું બાકી છે!

આ હતો સ્વીટ સ્ટાર્ટ અમારા બંનેનો... જે તેઓએ પોતાનાં નર્યા સ્નેહ અને કુમાશથી ભીંજાવી દીધો. તેઓને કારણે જ નવું ઘર તરત જ 'મારું ઘર' બની ગયું અને જોતજોતામાં જ દાદી બની ગયાં છે મારા માટે એક ખાસ વડિલ.

**રિદ્ધિ કીર્તન શાહ (વડોદરા)**
**(શીવ-કાંચનનાં ગીટારીસ્ટ એકમેવ સુપૌત્રવધુ)**

દાદી, એમના વિષે ઘણું જોયું, ઘણું સમજ્યો. પણ એમની એક વાત જે મને સૌથી વધારે પ્રેરણારૂપ લાગી છે એ છે એમની પોતાને માટે જીવવાની ખૂબી, આવડત.

દાદી હમંશા પોતાના માટે જીવ્યા છે, એક ખૂબ જ સંતોષકારક અને જિંદગી ભરેલુ જીવન, જેને એ તેઓનાં પૂર્વજીવનમાં આજે વાગોળી શકે છે. પહેલા ઘરની આર્થિક સ્થિતિ જ્યારે બહુ સારી ન હતી ત્યારે પણ તેઓ પોતાનો

આનંદ ગોતી લેતા. કુદરતી નેતૃત્વ કરવાની કળા સ્વભાવિક રીતે તેમને સમાજમાં ઓળખ આપતી રહી. મને લાગે છે કે દાદીને કોઈ વસ્તુ નહીં કરવાનો અફસોસ નહીં હોય આજે, કારણકે તેઓ ઘરને સાચવીને પણ પોતાનું જીવન પોતાની રીતે જ જીવ્યા છે. પ્રભુને પ્રાર્થના બસ એટલી જ કે દાદી આમ જ હસતા રમતા રહે.

## કીર્તન પીયૂષભાઈ શાહ (વડોદરા)
## (શીવ-કાંચનનો એકમાત્ર પરમ પ્યારો સાદગીસભર સુપૌત્ર)

અમારા લગ્ન પહેલાંની દિવાળીએ મોટા મમ્મી રાજકોટ રહેવા આવેલા ત્યારે અમને બંનેને મોટા મમ્મી સંગે એકસાથે રહેવાનો પ્રથમ ચાન્સ મળ્યો. આ નાની-ધ ફ્રેંડ સાથેની જાણે મારી નવી જ મુલાકાત હતી! હું હંમેશાથી સ્વતંત્ર મહિલાઓ માટે ગરિમા અનુભવું, પણ જ્યારે મોટા મમ્મીને આ રીતે સાથે રહેતી વખતે વધુ ઉંડાણથી જાણ્યા ત્યારે થયું કે આ લાગણી તો જાણે વારસાગત જ ઉતરી છે મારામાં. મોટા મમ્મીની સ્ટ્રેન્થ, પોતાનું કામ જાતે કરવાની ઈચ્છા, પરવશતા નહીં... કોઈને હેરાન ન કરવા - એ બધું જોયું ને તેમનામાંથી એ વેળાએ હું ઘણું વધારે શીખી.

અમારા જેવા નાના સાથે નાના થઈને હસવું-રમવું અને પોતાનાં દિકરી-જમાઈ સાથે ગંભીર વાતોમાં પણ સક્રિય ભાગ લેવો એ તેઓની ખાસિયત. સૌ સાથે એકસરખો, મૈત્રીપૂર્ણ ને હિતકારી વ્યવહાર. એમની પાસેથી એ વખતે એમનાં ને અમારા બાળપણની વાતો સાંભળી અમે બધા ખૂબ હસ્યાં.

શ્રેણિકને તેમને મળવાથી ખૂબ ખુશી થઈ અને લાગ્યું કે જાણવા-સમજવા-શીખવાનું ઘણું બધું છે એમની પાસેથી. રમીક્યૂબ રમતાં તેઓ જીતે ત્યારે લાગે કે રમતમાં વ્યૂહરચના કરવાની આવડત તેમનામાં

હજુ પણ જરાયે ઓછી થઈ નથી. તે જોઈ નવાઈ પણ લાગી. વળી અમે બંનેએ શીખ્યું કે કોઈપણ ઉંમરે એક્ટીવ રહેવું-ભણતા-જાણતા-વાંચતા-શીખતા રહેવું એટલું જ મહત્વનું છે. એમના આધુનિક વિચારો પ્રત્યેની ખુલ્લાશ જોઈ ઘણી મજા આવી અને માન ઉપજ્યું. That was so refreshing! પ્રભુ તેઓને સદાયે નિરોગી અને સ્વાયત્ત જીવન અર્પે.

## અદિતિ તથા શ્રેણિક
## (શીવ-કાંચનની મજલી આત્મજા ભારતીનાં દિકરી-જામાતૃ)

આ વાત છે મારા મોટા મમ્મીની. સહજ વિચાર આવ્યો કે 'મોટા મમ્મી'? આ તે કોણ અને કયો સંબંધ? દાદા, દાદી, નાના, નાની સાંભળેલા નામો, પણ મોટા મમ્મી? વાત જાણે એમ છે કે બાળપણમાં જ્યારે મમ્મીએ કહ્યું કે આ તમારા 'નાની' ત્યારે સહજ રીતે વિચાર આવ્યો કે આ તો મમ્મીનાં ય મમ્મી છે, તે વળી નાના (નાની) કઈ રીતે હોઈ શકે? જો અમારા મમ્મી ખૂબ સરસ અને મહાન હોય તો તો... આ તો એમના પણ મમ્મી છે. તે તો તેમનાથી પણ કેટલા મહાન અને માનવંતા હશે. તો પછી 'નાની' જેવો નાનો શબ્દ એમને સંબોધવા ખરેખર નાનો પડે.

અને ત્યારથી જ એમનું નામ એમના સૌ પ્રથમ જન્મેલા પોત્ર-પૌત્રી આનંદ અને આરસીએ એટલે કે અમે પાડ્યું 'મોટા મમ્મી'. પછી તો બાય ડીફોલ્ટ 'નાના' બની ગયા મોટા પપ્પા અને તેમણે આ નામો સહર્ષ સ્વીકારી પણ લીધા.

'મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે.' આ પંક્તિને સાર્થક કરનાર મારા મામા અને મામી. બાળપણમાં વડોદરા જવાનો કંઈક અનેરો ઉત્સાહ. કમાટીબાગની મસ્ત બપોરો અને એવું ઘણું બધું. પણ સૌથી મહત્વનો મોટા મમ્મીનો નિરંતર અસ્ખલિત વહેતો પ્રેમ. તેમાં તમને તરવાની નહીં પણ ડૂબી જવાની અનુભૂતિ થાય અને થયા જ કરે.



સમર વેકેશનમાં અસંખ્ય વાર અમે માઉન્ટ આબુ અને અદ્ભૂત દેલવાડા દેરાસરે ગયા હોઈશું. એક દિવસ ત્યાંનાં રહેઠાણમાં મોટા મમ્મીએ કંઈક અજબ-ગજબ પ્રકારની વાનગી બનાવી. જોઈને ન જ ગમે એવી. ચાખવાની તો ઈચ્છા પણ ન થાય અને બાજુવાળાની ડીશમાં પણ જો પીરસાય તો ય જમવું ન ગમે એવી. એ વાનગી હતી... 'વઘારેલા ભાત'.

મેં મારા જીવનમાં ભાતનું આટલું ખરાબ સ્વરૂપ ક્યારે પણ ન્હોતું જોયું. મને ભાત ઉપર દયા આવી અને બનાવનાર પર ગુસ્સો કે આટલાં સરસ, શ્વેત, ખૂલ્લા, અલ્લડ ભાતને કાંઈ આ રીતે મસાલામાં રગદોળી, વધુ ગરમી આપી, કોથમરીથી અપમાન કરી કાંઈ બનાવાતા હશે?

પણ વઘારેલા ભાત બનાવવાનો મોટા મમ્મીનો ગજબ ઉત્સાહ અને એથી વધારે અમને ચખાડવાનો. ભાવનામાસી હંમેશા એમ કહેતા કે આનંદ બાળપણમાં ખૂબ જીદ્દી અને પાછો હસે પણ નહીં. તો એવા આનંદે તો ઘસીને 'ના' પાડી દીધી કે આવી વિચિત્ર, કદરૂપી વાનગી હું નહીં ખાઉં-ચાખું. મારી ન ખાવાની જીદને કારણે મમ્મી થોડીક વ્યાકુળ બની પણ મોટા મમ્મી?? ચહેરાની એક પણ રેખામાં ફેરબદલ થયા વગર એટલાં જ પ્રેમ અને સ્નેહથી તેઓ મને સમજાવતા રહ્યા અને માથે હાથ પણ ફેરવતા રહ્યા.

નવી વસ્તુ કરવાની કે શીખવાની ધગશનો એ દિવસે મારા જીવનમાં પાયો મુકાયો. મેં ફક્ત વઘારેલા ભાત ચાખ્યાં જ નહીં પણ એટલા ભાવ્યાં કે... ખૂટવાડી દીધા. આજે હું વિશ્વાને એ વાત કહેતા ધરાતો નથી કે મોટા મમ્મી પાસેથી એક ખૂબ મોટો પાઠ જીવનનો શીખી લીધો... કે કાંઈપણ નવી શરૂઆત નકારાત્મક રીતે ન કરવી.

જીવનની દરેક પળમાં નવીનતા લાવી શકાય અને દરેક નવીન પળને જીવનમાં વણી શકાય, જો ફક્ત એક સકારાત્મક અભિગમ હોય તો. માઉન્ટ આબુનાં એ વઘારેલા ભાત મને આજે પણ નવું, અજુગતું, બધાથી

હટકે વિચારવાની અને કરવાની પ્રેરણા અને શક્તિ પ્રદાન કરે છે. શ્રીમતિ કંચનબહેન ઉર્ફે 'મોટામમ્મી'ને મારા શત શત નમન, વંદન, પ્રદાન.

## આનંદ પ્રફૂલભાઈ મહેતા
## (શીવ-કાંચનનાં જોડિયા દોહિત્રોમાંનો આનંદમયી એક)

હું મારા નાનપણની વાત કરું તો હું અને મારો ભાઈ બંને જોડીયા ભાઈ-બહેનનાં મોટા થવામાં અમારા મોટા મમ્મી ને મોટા પપ્પાનો બહુ મોટો હાથ છે. મારી અત્યાર સુધીની જીંદગીમાં મેં કેટલી બધી વાર મારા નાનપણની વાત સાંભળી અને હજી તે સાંભળવાનું મન થયા જ કરે.

હું જ્યારે ૧૦ દિવસની હતી અને મારા મમ્મી સાથે વડોદરા ગઈ ત્યારે મારા મોટા મમ્મી અને મોટા પપ્પાએ ખાસ ટ્રેન ચાલકને કહીને ટ્રેન વધારે વાર ઉભી રખાવી કે જેથી એમનાં દોહિત્રોને કોઈ તકલીફ ન થાય. નાનપણમાં આખુ વર્ષ અમે ઉનાળાની રજાની રાહ જોતા. ક્યારે રજા પડે ને અમે વડોદરા મોટા મમ્મીનાં ઘરે જઈએ. એ લાડ, પ્રેમ, મસ્તી ક્યારેય ન ભુલાય.

તેઓ સાથે કેટલીયે વાર દિવાળીનાં વેકેશનમાં અમે વડોદરાથી આબુ ગયા હોઈશું. અમને ધર્મનાં સંસ્કાર આપવામાં તેઓ અગ્રેસર રહ્યાં. ધર્મ સાથે સારા કાર્યો પણ કેટલા જરૂરી છે તે બધું અમે એમની પાસેથી જ શીખ્યા. આબુમાં ક્યારેય ન ભુલાય એવું નવા વર્ષનું દ્વારોદ્ઘાટનનું ઘી હમેંશા મોટા પપ્પા જ બોલતા ને અમારે હાથે તે કરાવતા.

એક-બે નાની વાત કહું તો હું નાની હતી ત્યારે મને નસકોરી બહુ ફૂટતી અને વડોદરાની ગરમીમાં તો સખત ફૂટતી. તેથી મારા મોટા મમ્મી મને આખો દિવસ એ.સી.રૂમમાંથી બહાર ન્હોતા નીકળવા દેતા. વળી હું ઘરમાં કંટાળી ન જાઉં તેની માટે આખા દિવસની મારી સાથેની રમતો પણ પ્લાન કરી રાખતા.

સમા વિસ્તારનાં 'કલ્પતરુ' ઘરે અમને બહુ ગમતું. અમે તેઓની પાસે કેવી રીતે છોડ વવાય, તેની કેવી રીતે સાચવણી રખાય અને એમાં પણ જીવ હોય તે બધું અમે તેમની પાસે શીખ્યા. મારી એક આદત મોટા મમ્મીને જરા ય ન ગમે. મારા વાળ હમેંશા આડા-અવળા જ હોય. તેઓ હું નાની હતી ત્યારે કે આજે ૩૭ વર્ષની થઈ ત્યાં સુધી મને હંમેશા કહે છે. એક પીન ભરાવી દેતી હોય તો? તું કેવી સોજી લાગે. આ વાત સાંભળી મને એટલો આનંદ થાય કે મારા મોટા મમ્મી આ ઉંમરે પણ કેટલા પરફેક્ટ ને કેરીંગ છે.

અને એક છેલ્લી વાત. જ્યારે હું કહું કેઃ ''મોટા મમ્મી, તમારી રસોઈ લાજવાબ છે'' ત્યારે તે કહે કેઃ ''બેટા, આપણને ખાવું ગમે તેટલું જ ખવડાવવું પણ ગમવું જોઈએ. તમે મોટા થાવ પણ રસોઈ એવી કળા છે જે તમને હંમેશા લોકોનાં મન સુધી લઈ જાય છે.''

## આરસી કુણાલભાઈ ધામી
## (શીવ-કાંચનનાં જોડિયા દોહિત્રોમાંની કળામયી એક)

મારા સમગ્ર જીવનમાં મેં એવા અન્ય કોઈ વ્યક્તિને જોવા નથી જેઓ ૮૫ વર્ષે પણ આટલી સક્રિય રીતે અને દરેક કાર્યોમાં સો ટકા ચોક્કસાઈ સહિત જીવન જીવતા હોય! હું મોટા મમ્મીની દોહિત્રી આરસીનો જીવનસાથી થઈને જ્યારથી આ શાહ પરિવારમાં ભળ્યો છું ત્યારથી તેમણે મને એક દિકરા સમો જ સ્નેહ કર્યો છે.

જ્યારે પણ મોટા મમ્મીને મળું, એક નવી વસ્તુ શીખું અને એક નવો વિચાર પામું જ. મેં તેમને મોહક રીતે હસતાં જ જોયા છે. તેઓ સંગે રમીક્યૂબ રમવાનો વિશિષ્ઠ લ્હાવો તો હું ક્યારેય ન ચૂકું. મોટા મમ્મીએ જે રીતે શિક્ષણ, સમજણ, પ્રેમ અને શિસ્તબદ્ધ રીતે જીવન જીવવાની તાલીમ તેમનાં બાળકોને આપી છે તે માટે હું નતમસ્તક રહીને તેમને પ્રણામ કરું છું.

મોટા પપ્પાનો લશ્કરી મિજાજ અને મોટા મમ્મીનો પ્રેમ-એ બંને વર્ણવવા હું અશબ્દ બનું છું. બંનેને વંદનો.

**કુણાલકુમાર જે. ધામી**
**(શીવ-કાંચનની અગ્રજા નીલુબહેનનાં ઈકલૌતા જામાતૃ)**

મમ્મીજી એટલે:
સ્નેહ, ઉદારતા, કરૂણા, સહનશીલતા, મહેનતુ જેવા પર્યાયોનું સર્વોચ્ચ ઉદાહરણ. તેઓ adjustable ને adaptive પણ ખરા. પોતાના સમકાલીનથી ઘણી આગળની વિચારધારા રાખનારા. મને ખૂબ લાડ-કોડથી ઉછેરી. પોતાને બીજા સુશિક્ષિત ને કહેવાતા ફેશનેબલ મમ્મીઓથી ઘેરાયેલા રહીને પણ રોજ કોન્વેન્ટ સ્કૂલમાં મારું ટીફીન લઈને આવવું સહેલું તો નહીં જ હોય!

વળી મારા મોટા ભાઈ-બહેનોને ગુજરાતી માધ્યમની મ્યુનિસીપલ સ્કૂલમાં મોકલતાં તે છતાં મને અંગ્રજી માધ્યમની સ્કૂલમાં મૂકતાં અચકાયા નહીં. આવો પક્ષપાત કરી મને હંમેશા પંપાળીને મોટી કરી. થોડી મોટી થયા પછી ક્યારેક જો સ્કૂલે ગાડીમાં લેવા આવતા, તો હું જાણે ઓળખતી જ નથી એમ તેમની નજર ચૂકવીને બસમાં નીકળી જતી. તેનાથી તેમને કેટલું દુઃખ પહોંચાડયું હશે તે હવે સમજાય છે, પણ અફસોસ કે તે ભૂલ હવે સુધારી શકું તેમ નથી.

એક જ શહેરમાં રહીને ય તેમની સાથે વધુ સમય ગાળી નથી શકતી તેનો મનમાં રંજ છે.

**ભાવના પિનાકીનભાઈ શાહ**
**(શીવ-કાંચનની સૌથી નાની વડોદરાવાસીની વહાલી દિકરી)**

શ્રી શીવલાલભાઈ તથા કંચનબહેનનાં પરિવાર સાથે ૩૦ વર્ષ પહેલાં જોડાયો તેમની દિકરી ભાવના સંગેનાં પરિણય પશ્ચાત્ અને આજ દિવસ સુધી મને આ જોડાણનું ગૌરવ વધતું જ અનુભવાયું છે. એક જ શહેરમાં રહેતા હોવાથી અનેક સામાજિક - ધાર્મિક અવસરોએ એકબીજા પરિવારોને મળવાનું બન્યા કરે અને એમાં બંને પરિવારો વચ્ચેનાં વિકસતા સ્નેહને જોઈને હું તથા ભાવના પ્રસન્ન થઈએ. પૂજ્ય પપ્પા સાથે ખૂબ જ ટૂંકા ગાળાનો પરિચય રહ્યો, પણ તેમાં યે તેઓનાં સહાયકારી, કલ્યાણકારી અને શિસ્તબદ્ધ સ્વભાવને હું જોઈ શકયો. કયારેક તે બહારથી કડક મિલીટ્રીમેન સમા પણ દર્શાયા, કિન્તુ તેમના હૃદયની સૌમ્ય અને કૂણી સંવેદનાઓ પણ છૂપી ન રહી શકી.

મમ્મીજી કંચનબહેનની વાત કરું તો - તેઓ દૈવી ઉદ્દારતા અને લાવણ્યનાં સારરૂપ છે. તેઓનાં જીવનમાં અનુભવેલી અગણ્ય વેદનાઓ ઢંકાઈ જાય છે તેમનાં ચહેરાનાં ઉત્સાહની પાછળ. પતિની ગેરહાજરીમાં જે રીતે પરિવાર સમસ્તને એકસૂત્રે બાંધી રાખ્યો છે તે અમારે માટે મોટી શીખ છે. તેઓનાં જીવનમાં આવેલા ચડાવ-ઉતારની અંતહીન વાતો સાંભળી તે હંમેશ માટે આહ્‌લાદ્પૂર્ણ બની રહે, પણ તે સાંભળતા જરૂર વિચાર પણ આવી જાય કે આવી કઠિન પરિસ્થિતીઓનો સામનો કરવા માટે કેટલું બધું મોટું આત્મબળ જોઈએ!

મમ્મીજીએ અમોને અમારી ભાવતી વિવિધ વાનગીઓ જમાડી હંમેશા લાડ લડાવ્યાં છે. તેમનાં હાથે બંધાયેલ રક્ષાપોટલી એ મારે માટે ખાસ નસીબદાર સાબિત થતી હોવાથી હું એનો સદા આગ્રહ રાખું છું. મને સાંભરે છે કે ઘણીવાર દહેરાસરમાં સવારે ભેગા થઈ ગયા હોઈએ અને જો તેમનાં ઘરે ઉતારવા જવાનું થાય, તો એ ત્રણ મિનિટનાં ટૂંકાગાળામાં જ અમારી તાજેતરની બધી જ માહિતી એકઠી કરી લે. તેમની આ કળા માટે મને માન છે.

વડીલો પાસેથી સદાકાળ ઘણું જ શીખવા મળતું હોય છે અને મને હું ભાગ્યશાળી માનું છું કે તેઓની નજીક રહીને શીખવાનો મને મહત્તમ લાભ મળ્યો છે.

**પિનાકીનભાઈ કુમારભાઈ શાહ**
**(કંચનબહેનનાં વડોદરા સ્થિત સૌથી નાના જમાતૃ)**



કંચનબહેન - મારા સાસુ - એક નોખું વ્યક્તિત્વ. ૩૫ વર્ષ પહેલાં હું પીયૂષની સંગાથે લગ્ન કરીને શીવલાલભાઈ પરિવારમાં આવી, ત્યારથી લઈને આજ સુધી તેમનાં વ્યક્તિત્વનાં જે પાસાં મને સ્પર્શ્યાં છે તેની આજે વાત કરવાનો લહાવો લઉં છું. આમ તો તેમની પર્સનાલીટીમાં એટલી બધી વિવિધતા છે કે બીજામાં આપણને તે જવલ્લે જ જોવા મળે.

'મમ્મી' એટલે ઠસ્સાદાર વ્યક્તિત્વ! હું તેમનાં સંપર્કમાં આવી ત્યારે મને તેમની છાપ શિસ્તપ્રિય, શોખીન, સ્ટાઈલીશ અને કર્મશીલ વ્યક્તિની પડેલી. સરસ મજાની સાડી, ગોઠવેલો છેડો, ગળામાં મોતીની માળા અને મેચિંગ પર્સ લઈને ઈનરવ્હીલ કલબમાં તેમને જતાં હું જોઈ રહેતી.

ધાર્મિક મંડળમાં જાય ત્યાં ય તેમની અલગ સિલાઈની થેલી, જેમાં તેમની ખંજરી, દાંડીયા, દીવડા, મંજીરા, પૂજાસંગ્રહ અને ગીતોની નોટ વગેરે હોય. મંડળમાં બહેનોને જાતજાતની એકશન શીખવે. ગરબા અને ખંજરી નૃત્ય તેમનો મનગમતો શોખ. પોતે ગવડાવે અને ઝીલાવે. કોઈ જરાક તાલ ચૂકે તો તરત જ ટોકે અને તેને તાલબદ્ધ કરે.

મમ્મી અને ડેડી (મારા પૂ.સસરાજી) સાથે મેં ખૂબ જાત્રાઓ કરી છે. બધા તીર્થો, તેમનાં મૂળનાયક અને તેનાં રસ્તાઓ મમ્મીને મોઢે. ઘોઘારી મહિલા મંડળનાં પણ તેઓ સ્થાપક સભ્ય. તારાબહેન, ઉર્મિલાબહેન અને કંચનબહેનની ત્રિપુટીએ તેમાં ખૂબ કામ કરેલું.

ખાવાપીવાનાં મમ્મી ખૂબ શોખીન. મને પણ રસોઈનો ખૂબ શોખ, તેથી અમારી જોડી જામી. બધી નવી આઈટમ મમ્મી ચાખે અને તેનાં વખાણ પણ કરે. આજે પણ 'રસોઈ શો'નો ટાઈમ થાય એટલે ટી.વી. ચાલુ કરાવે. ખરીદી કરતાં પણ બહુ આવડે. તેથી બહારગામનાં મહેમાન આવે તો અચૂક મમ્મીને સાથે લઈને ખરીદી કરવા જાય. જીવ પણ ખૂબ મોટો. કોઈ વ્યક્તિને કાંઈ જરૂરત હોય તો તરત જ પોતાની વસ્તુ આપી દે અથવા બીજેથી ગોઠવણ કરાવી આપે.

મમ્મીનો સ્વભાવ ખૂબ મળતાવડો. નાના સાથે નાના, મોટા સાથે મોટા. દરેક પ્રવૃત્તિમાં રસ, તેથી લોકો પણ તેમની સલાહ લે. કોઈ જાણીતા રાગમાં બે-ચાર કડી પોતે જ જોડી કાઢે અને ગાઈ સંભળાવે. સામેવાળા ખુશ-ખુશ અને મમ્મીને પણ આનંદ-આનંદ!

તેમનાં લગ્ન આઝાદી પહેલાં થયા. અઢી મહિના સાસરે કરાંચી રહ્યા પછી ભારત આવ્યા. આઝાદી આવી ને કરાંચી છોડવું પડયું. અહીં બહોળું કુટુંબ, આર્થિક તંગી, પણ તેઓ આ પરિસ્થિતીમાં પણ ખુશી ગોતી લે. દરેક સંજોગો સાથે સમજૂતી કરવી તેમનો ડાબા હાથનો ખેલ. ક્યારેક મુંઝાયા-અકળાયા હશે, પરંતુ પોતાની આવડત ને પતિશ્રી શીવલાલભાઈનાં સાથથી રસ્તો કાઢી લેતા. વહેતા સમયનાં પ્રવાહ રૂપે બાળકો થતાં તેમનાં શિક્ષણમાં રસ લેવો તે તેમનું રોજિંદુ કર્તવ્ય. શીવલાલભાઈ જેવા બુદ્ધિશાળી અને સાહિત્યરસિક પતિનાં અર્ધાંગીની તરીકે રહ્યા. તેમની રીતે જ કેળવાયા. વિશાળ વાંચન, ઈતર પ્રવૃત્તિઓ તેમનાં જીવનનો એક ભાગ બન્યા, જે આજ સુધી ચાલુ જ છે.

૧૯૭૨માં મુંબઈ છોડી વડોદરા સ્થાયી થયા. અહીં પણ બહોળું વર્તુળ બનાવ્યું. મમ્મી, ડેડીનો સ્વભાવ સેવાભાવી. સહુને ઉપયોગમાં આવે. કોઈને ત્યાં પ્રસંગ હોય તો સાડીઓ, વાસણો, મોટર અને માણસો સુદ્ધાં મોકલી આપે. પોતે પણ જાય અને અન્યનાં પ્રસંગને પોતીકો કરે.

મમ્મીનાં ભાઈ શ્રી સી.કે.મહેતા અને ભાભી શ્રીમતી કાંતાબહેન સાથે અનન્ય પ્રેમ. ગાઢ ઋણાનુબંધ. તેઓ મળે ત્યારે તેમની વચ્ચેની હેતની હેલી જોવી તે એક લહાવો બની જાય. હવે તો મમ્મી ઢીલા પડયાં છે. જો કે શરીર થાક્યું છે પણ મન તો એટલું જ તાજગીસભર અને જુવાન! આખી જિંદગી પ્રભુપૂજા, સામાયિક, નવકારશી અને ચોવિહાર કરનાર મમ્મી હવે પોતાની જીવન સંધ્યા નવકારજાપમાં વિતાવી રહ્યાં છે.

આ સમયે મારા પૂ.સસરાજી શ્રી શીવલાલભાઈ તથા મોટાસાસુ

પૂ.હરકોરબાનું પુણ્ય સ્મરણ કરતાં ધન્યતા અનુભવુ છું. તે બંને જેવા પ્રેમાળ અને નિઃસ્પૃહ વ્યક્તિ મેં બહુ ઓછા જોયા છે. ઘણું બધું લખવા માગતી આ કલમને હવે અટકાવવી જ રહી. ૩૫ વર્ષનાં સાથનાં સ્મરણોને ટૂંકા કેમ કરીને આલેખું? છેલ્લે હું કહીશ કેઃ

‘મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,
ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.’

## જયશ્રીબહેન પીયૂષભાઈ શાહ
## (શીવ-કાંચનની બાહ્યાંતર સંભાળ રાખનાર એકમાત્ર સુપુત્રવધુ)

૮૫ વર્ષ પુરા થઈ ૮૬માં પ્રવેશેલા મારા માતુશ્રીને મારી ૬૦ વર્ષની જીવનયાત્રામાં જુદા-જુદા સ્વરૂપે જોયેલા, જાણેલા, માણેલા, નિહાળેલા તે સ્મરણો આજે તાજા થાય છે.

નાનપણમાં અમે મલાડ મુંબઈમાં સંયુક્ત કુટુંબમાં ૨૫ માણસો સાથે રહેતા. અમારી વચ્ચે અને અમારા કાકાની દિકરીઓ વચ્ચે કોઈ ભેદભાવ નહીં. છ બેન અને બે ભાઈ એક જ માબાપનાં સંતાનો હોય તેમ જ રહેતા. સાથે ભણવું, રમવું, ખાવું, પીવું, પાઠશાળા જવું. હાથ પકડીને રેલ્વેનો પુલ ચડીને મલાડ ઈસ્ટમાંથી વેસ્ટમાં કેમ જવું તેની સમજ આપતા મારી મમ્મી મને યાદ છે. આજે પણ હરકોરબા તેમ જ ઈન્દુકાકીને યાદ કરતા તથા વખાણ કરતા જોયાં છે. ભરતભાઈ અને ભાનુબેનનું નામ પડે ને મમ્મીની આંખમાં આજે પણ ઝળઝળીયાં આવી જતાં જોયા છે. તેઓ ચંપકકાકાની સેવા આજે પણ યાદ કરે છે. મમ્મીને નાનપણથી નાટક-મંડળ વગેરેનો ઘણો શોખ. પૂજ્ય નાનાં ફૈબામહારાજની દીક્ષા પ્રસંગે મમ્મીને અમે ડોસાનો રોલ કરતાં જોયાં છે. ‘‘મારા મમ્મી હવે સ્ત્રીમાંથી ડોસો થઈ ગયા, હવે અમે શું કરશું?’’ કહેતી મારી બેન ભારતી રડવા માંડેલી.

મમ્મીનાં આ શોખ આજ દિન સુધી ચાલે છે. મલાડ કે માટુંગામાં દર મહિને અમારી સ્કૂલમાં આવી અમારા ટીચર, પ્રિન્સીપાલને મળી અમારો પ્રોગ્રેસ પૂછતા અને વટથી વાત કરતા મેં જોયાં છે તેમને. મલાડમાં આટલા કામ વચ્ચે પણ સમય કાઢી હિન્દીની પ્રાથમિક, પ્રારંભિક, પરિચયની પરીક્ષા આપતા જોયાં છે. અમને ઈતર-પ્રવૃત્તિ તેમ જ વક્તૃત્ત્વ સ્પર્ધામાં રસ લેતા પણ કર્યા છે. અમે તેમને સ્ટેજ ગજવતા જોયાં છે. આજે તેમનો આ વારસો મારી ત્રણેય બહેનોએ જાળવેલ છે.

વડોદરામાં આવ્યા પછી છેલ્લા ૪૦ વર્ષથી મમ્મીએ ઘણી સામાજિક તેમ જ ધાર્મિક પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ ભજવેલ છે. ઘોઘારી મહીલા મંડળ, કોઠીપોળ જૈન મંડળ, સૌરાષ્ટ્ર જૈન મંડળ, આદિજીન જૈન મંડળ, સુભાનપુરા જૈન મંડળ વગેરેમાં અગ્રેસર રહીને નવી ઢાળ, સ્તવનો, રાગ, દાંડિયાની નવી એક્શનો બેસાડવી વગેરે કાર્ય આજે પણ કરી રહ્યા છે.

મારા પૂજ્ય પિતાશ્રી શીવલાલભાઈએ કરેલ ઘણા બધા શુભ કાર્યોને આગળ ધપાવનાર મારા મમ્મીજી આજે પણ એક્ટીવ રહ્યા છે.

જિંદગીની ઘણી બધી માંદગીમાં વીલ પાવર કેમ ટકાવી રાખવો તે અમે તેમની પાસેથી શીખ્યા છીએ. નવું વાંચવું, વંચાવવું, ગમતાનો ગુલાલ કરવાની મમ્મીની ટેવ. ઘણીવાર હજી અમે વાંચ્યું પણ ના હોય ત્યાં તો તેનું કટીંગ થઈ બીજાને પહોંચી જાય. વળી બીજા પાસેથી કામ લેવાની આવડત પણ ગજબની છે તેઓની. તેઓ પાસેથી તે શીખવા જેવું છે. આયુષ્યના બળે જેટલું જીવે-સારું જીવે. માનવભવ સફળ કરી ધર્મમાર્ગે આગળ વધે તે જ અભિલાષા.

**પીયૂષ શીવલાલભાઈ શાહ (વડોદરા)**
**(શીવ-કાંચનનાં એકમાત્ર આત્મજ વહાલા સુપુત્ર)**

આમ તો મારા જીવનમાં મારી મમ્મી કઈ ક્ષણે, કયા પ્રસંગમાં હાજર નથી તે કહી શકાય તેમ નથી, કારણ કોઈપણ કામ કરો કે પ્રસંગ હોય તો પૂ.મમ્મીજીની શીખ બરાબર નજર સમક્ષ આવે ને કંઈ પણ રોકટોક કે ક્ષતિ વગર તેમની અનુભવવાણી અમારું કામ સરળ બનાવી દે. તેમણે અમને જીંદગીમાં એકધારું-સતત-અવિરત આપ્યું જ છે અને આજે પણ આપતા જ રહ્યાં છે.

તેમની મનોહર મુખાકૃતિ એટલે જાણે અખૂટ વાત્સલ્યધારા જે અમારો આજીવન આધાર બની મહોરી ઉઠી છે. તેમની પરિવાર પ્રત્યેની વાત્સલ્ય ભાવના, કુટુંબપરાયણતા, તેમની અવ્વલ દરજ્જાની આતિથ્ય ભાવના, દીન-દુ:ખીયાનાં આંસુ લુછનાર, ધર્મભાવનામાં શ્રદ્ધા ધરાવનારા, પરિવાર પ્રેમી, સતત હસતા મુખે પરિવારમાં મીઠાશ પ્રસરાવી સૌને એક તાંતણે બાંધી રાખનાર પૂ.મમ્મીજીની કઈ વાત કરું ને કઈ નહીં? પણ આજે મારે મારી એક અંગત વાત કરવી છે:

સન્ ૧૯૭૭માં હું ગર્ભાવસ્થાનાં ત્રીજે મહિને વડોદરા રહેવા ગઈ ત્યારે મમ્મી મને કહે: ''બેટા, તારી હાઈટ છે તો ત્રીજે મહિને આટલું બધું પેટ ન હોય. તને ક્યાંક ટવીન્સ તો નથી ને?'' ત્યારે આજના સમય જેવા અદ્યતન સાધનો ન હતા પણ અનુભવ જ્ઞાનની સામે કોઈની વિસાત નથી. બેલડાનાં જન્મ સમયે રાત્રે લબર પેઈન ચાલુ થયા ત્યારે પૂ.મમ્મીજીએ મને એક સેકંડ માટે પણ એકલી મૂકી નહીં અને અડધી રાત્રે ડૉક્ટર સી.જી.સરવૈયા પોતે આવ્યા ત્યારે પણ છેલ્લે સુધી મમ્મી મારાથી દૂર થયા જ નહીં. સતત નવકારનાં સ્મરણમાં રાખી મને ને લ્યો ચાર જૂનનાં વ્હેલી સવારે ત્રણ વાગ્યા ને ચાર મિનિટે બબુડી આરસીનો જન્મ ને ત્રણ વાગ્યા ને સાત મિનિટે બબુડો આનંદ આવ્યો, જેનો અપાર આનંદ પૂ.મમ્મીજીનાં મોઢા ઉપર પ્રગટ્યો.

આખી રાતનો ઉજાગરો પણ મુખ ઉપર થાક કે કંટાળાના નામોનિશાન જ નહીં. દસમા દિવસે પૂ.પપ્પાજી બાળકો, મને અને પૂ.મમ્મીજીને વડોદરા

લઈ જવા મુંબઈ મામાનાં ઘરે આવી ગયા. તેમણે રેલ્વેને પત્ર લખી રાખેલો. તેથી રાજધાની એકસપ્રેસમાં વી.આઈ.પી. ટ્રીટમેન્ટ મળી તે અકલ્પનીય વાત હતી. અમારા કમ્પાર્ટમેન્ટ માટે સ્પેશ્યલ ઍટનડૅન્ટ હતો. અમારું ભોજન પણ ખાસ હતું. દરેક સ્ટેશન પહેલાં કઈ જોઈતું હોય તો આગલા સ્ટેશન ઉપર મળી શકે તેવી તૈયારી દાખવતા હતાં સૌ.

વડોદરામાં પછી તો પૂ.મમ્મીજીએ જે રીતે મને ચાર-ચાર મહિના સાચવી છે... આનંદ તો ત્રણ મહિના સુધી ૨૪ કલાક જાગે તો પૂ.પપ્પા-મમ્મી તેને પોતાના બેડરૂમમાં રાખે અને મને રાત્રે સૂવડાવી દે. બીજે દિવસે બધું કામ કરવાનું હોય, સુવાવડીને સાચવવાની હોય, ગરમાગરમ રસોઈ જમાડવાની હોય, દરરોજની રાબ ને ફ્રેશ કાટલું કરીને ખવડાવવાનું હોય તેમાં દરેકમાં જરા પણ કમીના નહીં. પોતાની તબિયત સામે જરા પણ જૂએ નહીં.

તેમાં વળી તે જ સમયે ભારતીને ગોલ્ડમેડલ મળ્યો. તેથી અભિનંદન આપવા બમણાં મહેમાનોની વણઝાર ચાલી. દરેકને હોંશપૂર્વક સાચવે, આતિથ્ય ભાવના એટલી કે દરેકની સુંદર સરભરા કરવી, ગરમ નાસ્તા-પાણી કરાવવા સાથે મને-બબુડા-બબુડીને પણ સાચવતા જવું તે ખરેખર તેમની અને આખા ઘરની પરીક્ષા હતી. તેમાં તેઓ ૨૪ કેરેટ પાર ઉતર્યા.

વડોદરામાં દરરોજ સાંજ પડે ને આનંદ-આરસીનું રડવાનું શરૂ થઈ જાય. પપ્પાજી ડૉ. શેઠને કહે કે આમાં તમારું ડૉકટરપણું કયાં? બાળકો દરરોજ આમ રડે તે કેમ ચાલે? હું હતી તેટલા મહિના ડૉકટર અંકલે રોજ વીઝીટ કરી. દર અઠવાડિયે ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટને બતાવવા જવાનું, ઘરે ગાડી-ડ્રાઈવર ૨૪ કલાક હાજર રાખવા જેવી સુંદર વ્યવસ્થા પપ્પાજીએ કરી, તો ભારતી-ભાવના પણ થાકયા વગર મને અને બંને બાળકોને સાચવતા. તેમાં પણ બંને બ્હેનોએ ભાગ પાડી લીધેલા કે આરસી ભારતીની અને આનંદ ભાવનાનો. આનંદ ત્રણ મહિના સુધી હસ્યો નહોતો અને અચાનક ત્રણ મહિના પછી ખૂબ હસ્યો તો ભાવના આખા ઘરમાં

થાળી-વેલણ લઈને સતત પાંચ મીનીટ સુધી ઘંટ વગાડતી જ રહી કે આજે બબુડો હસ્યો છે.

જૂન-જૂલાઈ-ઓગસ્ટ વરસાદના મહિના. બાળકોનાં કપડા સૂકાય જ નહીં. તેથી વરસાદ રહે ત્યારે બાજુનાં અરૂણોદયભવનમાં દોરી નાંખીને ફટાફટ લંગોટ-ઝબલા-બાળોતિયા સુકાવીને મમ્મીને જે લેફ્ટ રાઈટ મારા ટવીંન્સ લેવડાવતા તે દ્રશ્ય આજે પણ તરવરે છે. તેમણે આ બધામાં મને ગીફ્ટ શું આપી? તો કહે: પોતાનું ૧૩ પાઉન્ડ વજન ઉતરી ગયું! આનું જ નામ 'મા'. પોતાના બાળક અને તેના બાળકોની સેવામાં ૨૪×૭ હાજરાહજૂર સેવા કરતાં, હસી-રમીને ટેન્શન વગર સહુનું ધ્યાન રાખી સહુને કોઈ પણ કામમાં ક્યાંય ક્યાશ વગર સાચવતા મમ્મીજી મને ક્યારેય નહીં વિસરાય.

પાંચમે મહિને ઘાટકોપર આવીને છઠ્ઠે મહિને આનંદ-આરસી બિમાર પડયા ને તરત જ પૂ.મમ્મીજી પાછા ઘાટકોપર હોસ્પિટલમાં રહેવા આવી ગયા અને તેઓ ૧૦ દિવસ સુધી હોસ્પિટલની બહાર ન ગયા. બસ, ટવીન્સને સાજા સારા કરીને ઘરે લઈ જઈને જ જંપ્યા.

એ વેળાએ લાગ્યું મને કે તેઓ ઈવેન્ટ મેનેજમેન્ટનાં, પ્રોગ્રામ મેનેજમેન્ટનાં, ફાઈનાન્સ મેનેજમેન્ટનાં તથા માર્કેટીંગ મેનેજમેન્ટનાં એમ.બી.એ. છે. અનુભવની યુનિવર્સિટીનાં દરેકે દરેક ફીલ્ડનાં ડીસ્ટીંકશન વીથ ગોલ્ડમેડલ વિજેતા એવા મારા મમ્મીને માટે અચંબામાં પડી જાઉં છું કે આટલું બધું કૌવત, હોંશિયારી, કાબેલિયતપણું અને સજાગતા ક્યાંથી આવ્યા હશે તેમનામાં? બાળમાનસ-શરીરવિજ્ઞાનનાં જ્ઞાતા, નાની-મોટી મુશ્કેલીમાંથી સહજતાથી માર્ગ કાઢનાર અને ઘરનાં દરેક સભ્યો, કુમાર, વેવાઈવેલાં અને અતિથિઓની વણઝારને સાચવનારા મારા મમ્મીને હું મમ્મી બની ત્યારે વધુ ઓળખી શકી.

બહુ વર્ષો પછી આરસીના દીકરાનાં જન્મ વખતે તે જ્યારે પિયર આવી ત્યારે બસ એક જ દ્રશ્ય માનસપટ સતત હાજર રહેતું કે હું શું મારા

પૂ.મમ્મીજીની જેમ આરસી અને તેના પુત્ર હેતને સાચવી શકીશ?

પૂજ્ય મમ્મીનું જીવન ૮૬મે વર્ષે સમી સાંજની આરતી જેવું છે. સંધ્યા ઢળે અને અંધકારના ઓળા ઉતરી આવે તે પહેલાં પૂજ્ય મમ્મીજીએ કરવા જોગ પૂર્વ તૈયારી રૂપ જીવન જીવી બતાવ્યું છે. જીદંગીના સંધ્યાકાળે નવો અંતિમ પુરૂષાર્થ કરવાનું શરૂ કર્યું છે. Becoming ને  જગત પાછળ મૂકીને being તરફ ડગલા માંડવા આરંભ્યા છે. અમને તેનું ગૌરવ છે.

**નીલુબહેન પ્રફુલભાઈ મહેતા**
**(શીવ-કાંચનનાં અગ્રજા ને અગ્રિમ વકતા દિકરી)**

જીવન એવું નથી જેના તમે માલિક થઈ શકો.

હા, જેમાં તમે ભાગ લઈ શકો અને
સાક્ષી બની શકો એવું કશુંક અવશ્ય છે એ.

- લૂઈ સી. કે.

નિવાપાંજલી
અર્પું છું હું બાળક
માત-પિતાને.



ઘણાં દરવાજા પાર કર્યાં...
ઉંમરની પ્રસન્ન યાત્રા દરમ્યાન, હવે થોડાંક જ ઉંબરા બાકી.
પછી બસ, ચાદર... થોડીક જૂની, થોડીક નૂતન લઈને
થઈશ તારી સમક્ષ હાજર!
તું સ્હેજ સ્મિત કરીશ, તારી ટેવ મુજબ.
હું ઉભી હોઈશ અવઢવમાં.
ફૂલ્લી-પાસ તો થઈશ ને?
એ દિવસની જો કે રાહ જોતી નથી હું;
છતાં તૈયાર નથી એવું ય નથી.
પણ તું સ્વયં શું તૈયાર થઈ શકીશ, નિયતિ?
મને આ સુંદર લોકમાંથી વિદાય થવા દેવા?
લઈશ તું પણ થોડો સમય તે માટે તૈયાર થવા.
ને બસ, ખુદકા દિયા જલાકે હું એ પળો જીવી લઈશ અન્યો માટે!

# શીવ-કાંચન પત્રતરુ

અમારા માતા-પિતા એટલે શ્રી શીવલાલભાઈ તથા કંચનબહેન.

સૌનાં માત-પિતા હોય છે દેવદૂત.

સમજણનું અમૃતબીજ ને સિદ્ધગતિ તરફનાં પ્રયાણ માટેનું બોધિબીજ આપણામાં વાવનાર મહામૂલા દેવદૂત. અમારા દેવદૂતને ય મેઘદૂત બનીને સંદેશ આપવો છે કે જ્ઞાનમાર્ગને છેડે સમાજને એક આચાર્ય મળે છે, કર્મમાર્ગને છેડે મળે છે એક યોગી, ભક્તિમાર્ગને છેડે એક સંત મળે છે અને ત્રણે બાબતો સમન્વિત થાય ત્યારે સમાજને મળે છે એક આદર્શ માતા-પિતા. એવા જ અમ આદર્શ સદા-સર્વદા બની રહ્યાં છો તમે!

નથી થયાં કદાપિ દુઃખમાં દીન કે સુખમાં લીન તમે!

પોતાની વિદેહ ઉપસ્થિતિમાં પણ પૂજ્ય પપ્પાએ મને અનેક જગ્યાએ અંગૂલિનિર્દેશ કરી રાહ દર્શાવ્યો છે. તેઓ તો દરેક અવતારકૃત્યો સંપન્ન કરી અરિહંતનાં શરણે વિરમ્યાં છે પણ પૂજ્ય મમ્મીને જોતાં-જોતાં આજે શ્રી કરસનદાસ માણેકની 'જ્યોતિધામ' કવિતાની ચૌદમી પંક્તિ ફરીથી ઝગારા મારી રહી છે મનની છીપની અંદર:

''જ્યોતિ લાધે ફકત શિશુને એટલી ઉર કામ,

મોડી મોડી ખબર પડી, બા, તું જ છો જ્યોતિધામ!''

